# પ્રકરણ–૧

# ગુજરાતી આદિવાસી સાહિત્ય પરંપરા અને સ્વરૂપો

- ગુજરાતી આદિવાસી લોકમહાકાવ્ય સ્વરૂપવિચાર
- ભીલ
- દેખાવ
- આદિવાસી લોક પરંપરા
- જન્મવિધિ
- લગ્નવિધિ
- દેવ, દેવસ્થાન, ધર્મ–વહેમો
- રહેણી–કરણી
- ખોરાક કે જમણવાર
- તહેવારો તથા વિવિધ ઉત્સવો
- વાદ્યો
- ઓજારો
- મરણને 'કાપટા' (મરણોતર ક્રિયાઓ)
- સાહિત્યિક પરંપરા ભીલસમાજ
- પ્રાગિતિહાસમાં ભીલસમાજ
- મૌખિક સાહિત્યમાં પૂર્વકાલીન ભીલસમાજ
- ઈતિહાસમાં ભીલસમાજ
- ભારતીય સંસ્કૃતિને ભીલસમાજનું યોગદાન
- સાંપ્રત ભીલસમાજ
- લોક
- ધૂળાનો પાટ : (ભકિત અને પંથ પરંપરા)
- હૂરાનું સ્થાપન
- હમાધ (સમાધિ)
- કોબરિયા ઠાકોરની કોળી
- પાંડવોનો સેનોતરો યજ્ઞ (શંખાદ્ધાર) શંખઢોળનો પાટ
- સભ્યતાનો પ્રસાર પૂર્વથી પશ્ચિમ
- ઋગ્વેદમાં સૃષ્ટિ પૂર્વેની સ્થિતિ
- બૃહદારણ્યકમાં સૃષ્ટિ પૂર્વેની સ્થિતિ
- મત્સ્યપુરાણમાં સૃષ્ટિ એના આરંભે
- મનુસ્મૃતિમાં સૃષ્ટિ એના આરંભે

- પ્રલય સંબંધે મહાભારત
- સંત સાહિત્યમાં સૃષ્ટિ ઉત્પત્તિની આરાધ અને મંત્રો
- બૈગા આદિવાસીઓમાં પ્રચલિત સૃષ્ટિ રચનાની પુરાકથા
- ભીલ આદિવાસીઓમાં પ્રચલિત સૃષ્ટિ રચવાની પુરાકથાઓ
- જળમાંથી આવિર્ભૂત ઋગ્વેદ અને ભીલોના દેવી–દેવતા
- માતૃસત્તાક સમાજ : ઋગ્વેદ અને ભીલ પુરાકથાઓમાં ભીલોનું માતૃસત્તાક મહામાર્ગી જીવનદર્શન
- સિંધુ સભ્યતામાં માતૃસત્તાક સમાજના આધાર
- ભીલોની વર્તમાન જીવનરીતિમાં માતૃસત્તાક પરિવારના અંશ
- પ્રાક્વૈદિક–વૈદિકદર્શન અને મહામાર્ગ
- લોકમહાકાવ્યોની પ્રસ્તુતિ અને તેમાં પ્રતિબિંબિત થતા માતૃસત્તાક
- પરિવારવ્યવસ્થાના અંશો
- મહામાર્ગી જીવનદર્શન : સ્ત્રીનું દેવીકરણ
- સ્ત્રીગૌરવ
- ગુરૂગૌરવ, સમતાભાવ અને અહમનું નિરસન
- યુગલમહિમા અને યુગલધર્મ
- ભીલોની સમાધિ, પૂર્વજપૂજા અને ઋગ્વેદ
- ભીલોની નર્ક–સ્વર્ગ વિશેની માન્યતા અને વેદો
- હિન્દુધર્મ અને આદિવાસીઓ
- ઉત્તર ગુજરાતની ભીલ ભજનવાર્તાઓ : તત્વદર્શન અને સંસ્કૃતિદર્શન
- ભીલ આદિવાસી–લોકવિદ્યા–પરંપરા અને પ્રકારો : ભીલ સમાજના ગીતો
- સ્વરૂપ
- ધાર્મિક ગીતો
- સામાજિક ગીતો
- ગોઠિયાનાં ગીતો
- ગોઠિયાનાં ગીતોનો સામાજિક સંદર્ભ
- ગોઠિયાનાં ગીતોનો રચયિતા
- સંદર્ભ સૂચી

# પ્રકરણ—૧

# ગુજરાતી આદિવાસી સાહિત્ય પરંપરા અને સ્વરૂપો

## ગુજરાતી આદિવાસી લોકમહાકાવ્ય સ્વરૂપવિચાર :

ગુજરાતના દાંતાથી લઈને ડાંગ—રાજ્યની પૂર્વ પટ્ટીના વિસ્તારો, અંતરિયાળ પ્રદેશોમાં આદિવાસી પ્રજાજનો વસે છે. જંગલો અને ડુંગરોના ખોળે વસતી આ પ્રજા કેટલાંક સમૂહમાં ત્યાં કયાંક છૂટી છવાઈ રહીને એમની એક આગવી જીવનરીતિ, સંસ્કૃતિ ધબકતી રાખી રહી છે.

આદિવાસી પ્રજાના સમુદાયોની વિશિષ્ટ અને આગવી જીવનશૈલી છે. એમના ધાર્મિક ઉત્સવો, સામાજિક તહેવારો, બોલી, પહેરવેશ, આભૂષણો, રહેણી—કહેણી, આહાર, કલાઓ, આર્થિક પ્રવૃત્તિઓ આ બધી બાબતો વૈવિધ્યપૂર્ણ અને નિરાલી છે. આ પ્રજાજનોએ આટઆટલા વૈશ્વિક પરિવર્તનો, સાંસ્કૃતિક આક્રમણો વચ્ચે પણ એ એની ગરિમા છે, ઓળખ છે.

સમગ્ર ગુજરાતમાં આદિવાસી વસતી ૧૪ ટકા જેટલી છે. પરંતુ નવસારી જિલ્લામાં આદિવાસીઓની સંખ્યા ડાંગ જિલ્લાને બાદ કરતા સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ પ્રમાણમાં છે. આદિજાતી એટલે આ ધરતીના મૂળ નિવાસી. આદિકાળથી પૃથ્વી પરના પ્રથમ માનવો એટલે આદિવાસી એવું કહી શકાય. આદિમાનવમાંથી ધીરે—ધીરે જેમ સુસંસ્કૃત બની સભ્ય સમાજની રચના થઈ. માનવીનો જેમ જેમ વિકાસ થયો તેની સાથે સંસ્કૃતિ અને સંસ્કૃતિ સાથે સમાજના રીત—રિવાજો કે આજે વર્ષો જૂની—રૂઢિઓ, રીત—રિવાજોમાં સમાજ પરિવર્તનની સાથે પરિવર્તન આવ્યું છે. આજે આદિવાસીઓ પણ ભ્રષ્ટ સમાજના રીત—રિવાજો અપનાવતા થયા છે. તો ભ્રષ્ટ સમાજ પણ આદિવાસી ટીમલી કે 'હમુકાકા—બાપાના પોયરા રે કોડલિયું ખેલાઈ દેમ.' જેવા ગીત ઉપર નાચતા થયા છે. આમ રીત—રિવાજા અને સમાજ બન્ને પરિવર્તનશીલ છે. તે શિક્ષણ અને સમજણ પ્રમાણે રીત—રિવાજામાં ફેરફાર થતા રહ્યા છે. તેમ છતા આદિવાસી સમાજ રીત— રિવાજોમાં પરિવર્તન કરીને પણ મૂળ રિવાજો પ્રકૃતિને પૂજવાની સંસ્કૃતિને જાળવી રાખી છે.

લોકસંસ્કૃતિને આદિ માનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યકિત તરીકે ઓળખાવવામાં આવે

છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે. જનજીવન પોતાની રસ, રૂચી, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકા આરંભે છે. આગળ જતાં રીત–રિવાજો પણ જૂના છે.

ગુજરાત રાજ્યની દાંતાથી ડાંગ સુધીની પૂર્વ પટ્ટીના અંતરિયાળ પ્રદેશમાં આદિવાસી પ્રજાજનો વસે છે. જંગલો અને ડુંગરોના ખોળે વસતી આ પ્રજા કયાંક સમૂહમાં તો કયાંક જંગલો અને ડુંગરોના ખોળે વસતી આ પ્રજા તેમના સમુદાયોની આગવી અને વિશિષ્ટ જીવનશૈલી છે. એમના ધાર્મિક ઉત્સવો, તેમજ સામાજિક તહેવારો, અસ્મિતા સાથે બોલી, રીત–રિવાજો, પહેરવેશ વૈવિધ્યપૂર્ણ અને નિરાળી છે. આટ આટલા વૈશ્વિક પરિવર્તનો સાંસ્કૃતિક આક્રમણો વચ્ચે પણ પોતાની સંસ્કૃતિ અને રીત–રિવાજા અકબંધ રાખ્યા છે અને એનું જતન કર્યુ છે.

પંચમહાલ–દાહોદ જિલ્લામાં ભીલ કોમ વસે છે. પંચમહાલમાં ઘોઘલા–ગોધરા–જાંબુઘોડામાં રાઠવા, નાયકા, તડવી, વસાવા કોમ પણ વસે છે. દાહોદમાં ઝાલોદ, લીમખેડા, દેવગઢબારિયા, ધાતપુરમાં ભીલ કોમ તથા દેવગઢબારિયામાં રાઠવા–નાયકા કોમ વસે છે. પંચમહાલ જિલ્લામાં મુખ્યત્વે ભીલો, પટેલિયા, રાઠવા અને નાયકડા કે નાયકા કોમ અનુસૂચિત જનજાતિનું પ્રતિનિધિત્વ કરે છે. ઉત્તરમાંથી આર્યોએ આવી સપાટ પ્રદેશોમાં વસતા અહીનાં મૂળ નિવાસીઓને જંગલ અને ડુંગરાઓમાં કાઢી મૂકયા તે અનાર્યો પ્રજાની ઘણી જાતો છે. તે પૈકી સોળ જાતો જૂના નવસારી પ્રાંતમાં જોવા મળતી હતી. તેમની વસતી બીજા પ્રાંતો કરતાં નવસારી પ્રાંતમાં વધારે હતી. સોનગઢ, વ્યાસે, મહુવા અને માંગરોળ તાલુકાના વાકળ ટપ્પામાં તેમની વસતી વધારે છે.

## ભીલ :

દંતકથા ઉપરથી આ જાતિની ઉત્પત્તિ મહાદેવમાંથી થયેલી હોવાનું મનાય છે. મહાદેવ જંગલમાંની ભીલ કન્યા સાથે પ્રેમમાં પડયા અને તેમાંથી જ ઘણી પ્રજા ઉત્પન્ન થઈ. તેમનામાં એક બેડોળ અને દુષ્ટ છોકરાને કુટુંબમાંથી દૂર કર્યો અને આ છોકરાથી પોતાની ઉત્પત્તિ થઈ હોવાનું લોકો માને છે. કાળી પરજની બધી જાતોમાં ભીલની મુખ્ય જાત ગણાય છે. ભીલની ઘણી જાતો છે. તેમાંની ડોંગરી ભીલ પૂર્વ સરહદે વસે છે.

મહાભારતમાં આ ભીલ જાતને મુખ્ય જાન તરીકે વર્ણવેલી છે. ભારતનો ઈતિહાસ

દર્શાવે છે કે આ જાતિ રાજ કરતી કોમ હતી. આજે તેઓ સાધારણ ખેડૂત તરીકે જિંદગી જીવે છે. જેમાંના કેટલાંક ટોપલીઓ ગૂંથે છે. ફળફૂલ અને જંગલનો ભાજીપાલો વેચે છે તો કેટલાક ગુંદર, મધ અને મીણ એકત્ર કરી જીવન ગુજારતા, પરંતુ ડાંગ સરહદે રહેલા ભીલ ગરીબાઈમાં જીવતા. તેઓ મરઘાં, ગેંગ ઉછેરના અને જીવન નિર્વાહ કરતા .

## દેખાવ :

આ લોકો રંગે શ્યામવર્ણના હોય છે. સામાન્ય પણે ઠીંગણા તેમનાં ગાલના હાડકાં, ઉંચા, નસકોરા મોટા અને તેઓ ચાલાકી સાથે તથા અજાયબ રીતે થાક ખમી શકતા. જે લોકો પર્વતીય વિસ્તારમાં રહેતા તેઓ સ્વાભાવિક સ્થિતિમાં ફરતા અને ખીણ વિસ્તારમાં રહેતા લોકો લંગોટ મારી ફરતા. તેઓ છરા અને દાતરડાં સાથે રાખતા તથા માથે વીંટાળવા અને ખભે નાખવાનો એક–એક કાપડનો ટુકડો રાખતા. એમની સ્ત્રીઓ અભ્યતાથી વસ્ત્રો પહેરતી, પણ કાછડો મારતી. ગળામાં કીડિયાની એક–બે સેર પહેરે છે. આ સિવાય બીજા કોઈ અલંકારોથી કાયા શોભાવતા નથી. પરંતુ સપાટ પ્રદેશમાં ટૂંકું ધોતીયું પહેરે છે, જ્યારે સ્ત્રીઓ અડધા લૂગડાનો કાછડો વાળી બીજા છેડો માથે નાખે છે અને ચોળી પહેરે છે. પગમાં પિતળનાં બબ્બે કલ્લાં પહેરતી. આ જાતિના પુરુષો હંમેશા તીર–કામઠાં લઈ બહાર નીકળતાં, જે તેમનું એક આભૂષણ બન્યું હતું . પુરુષો માથાના અને દાઢીના વાળ રાખતાં. આ લોકો પોતાના ઝુંપડા વાંસનાં બનાવી તેના ઉપર ઘાસની છાપ અને લાકડાં નાખે છે. બરૂંના સાઠાંની ભીંતો ઉપર છાણ–માટીનું લીપણ કરે છે.

પંચમહાલ એટલે પરિશ્રમિકોનો પુરૂષાર્થી પ્રદેશ કડાણા, પાનમ, દેવ જેવા ડેમ અને મહીસાગર, પાનમ જેવી નદીઓનો પાણીદાર પ્રદેશ પંચમહાલ એટલે પવિત્ર પાવાગઢવાળી મા જગદંબા મહાકાલીનું શકિતપીઠ, વર્લ્ડ હેરીટેજ ચાંપાનેરનો કિલ્લો જેવી પ્રાચીન વિરાસતો અને ઐતિહાસિક મહત્વ ધરાવતો જિલ્લો છે. માનગઢ હીલ ખાતે ૧૯૧૩ માં આદિવાસીઓએ અંગ્રેજો સામે બંડ પોકાર્યુ હતું. તેમાં બે હજાર જેટલા આદિવાસીઓએ તોપથી ઉઠાવી દીધા હોવાના ઉલ્લેખો છે.

પંચમહાલ જિલ્લાના આદિવાસીઓને ગુજરાતમાં જ નહીં દેશભરમાં મજૂરી કે નોકરી અર્થે જાય છે. ડામર રસ્તા, બિલ્ડિંગો, ખોદકામ જેવા મહેનતકશ કામોમાં માળખાકીય

સુવિધાઓમાં પંચમહાલના આદિવાસીઓની મહેનત જરૂર સામેલ હશે જ કે પછી અમદાવાદ–સુરત–રાજકોટના આલિશાન બંગલાઓના નિર્માણકાર્યમાં અવશ્ય ચોક્કસ જ પરસેવો પડયો હશે. આજે આધુનિક ખેતી પણ કરતા થયા છે. આદુ, લસણ, ફુલોની ખેતીમાં નામના મેળવી રહ્યા છે.

આમ પંચમહાલના આદિવાસીઓ મહેનતુ, મજબુત બાંધાના, બહાદુર, સાહસી, સ્વભાવે ગરમ મિજાજ એટલે કે તામસી પ્રકૃતિ ધરાવે છે. દિલના ભોળા હોય છે. આવા આ પંચમહાલ જિલ્લાના આદિવાસીઓના સામાજિક જીવન વિષે પણ આપણે પરિચિત થવું આવશ્યક છે.

## આદિવાસી લોક પરંપરા :

### જન્મવિધિ :

આદિવાસી સ્ત્રીઓ મજબૂત હોય છે. પ્રસુતિના સમય સુધી ખેતરમાં કામ કરે છે અથવા મજૂરી કામ કરે છે અને પ્રસુતિ બાદ બે–ત્રણ દિવસમાં ઘરનું કામકાજ શરૂ કરી દે છે. પ્રસુતિ મોટા ભાગે ઘરે જ સોયાણી મારફત કરાવે છે. નોર્મલ પ્રસુતિ થાય છે. બાળકોનો જન્મ થયા પછી ત્રણ દિવસ કે છ દિવસ સુધી આભડછેટ (સ્ત્રીને અડકવું નહીં ) રાખે છે. છટ્ઠીના દિવસે ઘરને લીંપી– ગૂંથીને ચોખ્ખું કરે છે. નાના બાળકને અનાજની ઢગલી ઉપરથી ગબડાવે છે. પછી બાળકની ફોઈ જ પાડે એવું નથી, મજૂરી કામે બહાર જતા હોવાથી આ શકય બનતું નથી. સુવાવડી સ્ત્રીને મીઠા વગરની બાજરી–મકાઈની શણ ખવડાવે છે. સુવા–ગોળનું પાણી થાય છે. મહુડાનો દારૂ પણ પાય છે. પેટ ઉપર મહુડાના ફુલનો પાટો બાંધે છે. ખાખરા, દિવેલાના પાન પણ બાંધે છે. જેથી પેટ ફુલતા નથી.

### લગ્નવિધિ :

આદિવાસીઓમાં મા–બાપ અથવા સગા–સંબંધીઓ કન્યા પસંદ કરે છે. કન્યાના મા–બાપ પોતાની છોકરી માટે માગુ નાખતા નથી, પરંતુ સગા–સંબંધીઓ વરપક્ષ તરફથી માગુ નાખે છે. વર અને કન્યાના લગ્ન ગોઠવનારને ‘ભાગજેડિયો’ કહેવામાં આવે છે. આ ભાગજેડિયો તમામ વાતચીત કરે છે. કન્યાપક્ષ હા પાડે તો વરપક્ષ શુકન જોવાની વિધિ કરે છે. જેમાં કાગડો–કાનાહડો–પીચોડી–કોઈ થાય તો બીજા દિવસ નક્કી કરે છે અને બીજા દિવસ

પણ અપશુકન થાય તો તે કન્યા સાથે વિવાહ સગાઈ કરતા નથી. કન્યાના ઘેર ગયા બાદ પાંચ રૂપિયા કન્યાના બાપના હાથમાં મુકવામાં આવે છે. પછી રોટલા જમીને પાછા ફરે છે. આને કાચી સગાઈ કરવામાં આવે છે. જેમાં વરપક્ષના ૧૫ થી ૨૦ માણસો કન્યાના ઘરે જાય છે. કન્યા પક્ષવાળા મિજબાની આપે છે. ખાધા પછી વર પક્ષવાળા દે'જ ની ઠરાવેલ રકમ ગામલોકોની રૂબરૂમાં આપે છે 'દે' જ આપ્યાબાદ સગાઈ પાકી થઈ એમ ગણાય છે. આ પછી લગ્ન પહેલાં કન્યાપક્ષવાળાને બળદ બનાવે છે. તેમાંનો એક પસંદ કરી તેઓ લઈ જાય છે.

આ બધું થયા પછી વર પક્ષવાળા તરફથી લગ્ન પહેલાં જેટલાં વાના કરવા હોય તેટલા હળદરના ગાંઠિયા કન્યાપક્ષ તરફ મોકલવામાં આવે છે. કન્યાપક્ષવાળા તેને વધાવી લે છે. આ વાના વધારેમાં વધારે ૧૫ સુધી રાખવામાં આવે છે અને ઓછામાં ઓછા સવા આનો રાખે છે. જેમ–જેમ વાના પૂરા થતા જાય તેમ તેમ એક–એક ગાંઠિયો ભરાડી ગણેહ ગોત્રજથી છોડવામાં આવે છે. આ પછી ગણેહ બેસાડવાની (ગણપતિ સ્થાપના) વિધિ થાય છે. જેમાં વર તેમજ કન્યાને પોતપોતાને ઘેર ખાંડણિયા ઉપર પાટલો માંડી ઉઘાડે શરીરે બેસાડવામાં આવે છે. પછી કુંવારા છોકરા કે છોકરીઓને વર કે કન્યા પાસે એકીની સંખ્યામાં લાવીને માથા ઉપર છતાં હાથ રખાવી તે ઉપર તેલ રેડી માથા પરથી પીઠ તરફ હાથ નીચે ઉતરાવે છે. જેનાથી તેલ પીઠ ઉપર ઢળે છે. આ પ્રમાણે સાતવાર કરવામાં આછે છે. પછી કપડું રાખી ઉપર સાળ (ડાંગર) મૂકી મુરાળા (સાંબેલું) વડે તેને થેલા છોકરા–છોકરીઓ ધીમે–ધીમે સાતવાર ખાંડે છે. વર–કન્યાને નવડાવવામાં આવે છે. બાદ વર–કન્યાને ભરાડીએ એટલે કે ગોત્ર જે લાવવામાં આવે છે. જ્યાં હળદરથી ગણેશ, સૂરજ, ચાંદો, તારા વગેરેનાં ચિત્રો પાડેલાં હોય છે. આ સ્થળે લગ્ન થતાં સુધી બેસવાનું હોય છે. પછી પીઠી ચોળવામાં આવે છે.

વર કન્યાને ઉપવાસ કરવામાં આવે છે. રાત્રે વાના ઠેરાવ્યા નચાવ્યાં બાદ લગભગ મધ્યરાત્રીએ તેઓ જમે છે. વાનાના તમામ દિવસો દરમ્યાન વર કન્યાને ઘઉંના રોટલા, ઘી, ગોળ વગેરે ખવડાવવામાં આવે છે. વાનામાં આદીવાસી સ્ત્રી–પુરુષો બંને નાચે છે અને વર કન્યાને ખાંધે બેસાડી નચાવવામાં આવે છે. કન્યાને ગણેહ બેસતા પહેલાં કથીર પહેરવવા માટે લઈ જવામાં આવે છે. છેલ્લાં વાના દિવસે સગાવહાલાઓ તથા મિત્રો તરફથી ચાંદલો કરવામાં ઓવે છે તથા મામેરાં કે કપડા ઓઢાડવામાં આવે છે. છેલ્લો વાનો પૂરો થાય પછી બીજે દિવસે વરને પાઘડી, જામો, ધોતિયું વગેરે પોશાક ભાડે લાવી પહેરાવે છે. પછી જાન કન્યાના ગામ

તરફ રવાના થાય છે. જાન નીકળતી વખતે શરૂઆતમાં વરને ખાંધે બેસાડવામાં આવે છે. પછી તે ચાલે છે. આખે રસ્તે વરને મૌન બેસવાનું હોય છે. તે હાથમાં તલવાર પકડે છે.

આમ, જાન લઈ જવામાં આદિવાસીઓમાં ખાસ ખર્ચ હોતું નથી. કારણ કે દરેક જણ પોતપોતાને ત્યાંથી રોટલાં બાંધી લઈ જાય છે. કન્યાને ગામે જાન ગયા બાદ એકાદ મોટા ઝાડને છાંયે જાનને વાસો આપવામાં આવે છે. આદિવાસીમાં મા, ભાઈ, કાકા, મામા, ફોઈ, બહેન, પટેલ, સુયાણી, ગામ–ગોંદરૂ, નિશાળ વગેરેનાં દાયાં આપવાના હોય છે. દાયાં ચૂકવવા રોકડા રૂપિયાના બદલે ઢોર–ઢાંખર પણ આપવામાં આવે છે.

આ દાયા ચૂકવવામાં સહેજ પણ કસર રહી જાય તો વરને પાછા ફરવું પડે છે. દાયા પૂરેપૂરાં ચૂકવાયા બાદ કન્યાને પહેરાવવા માટે વરપક્ષ તરફથી વર માટે ખાવાનું તથા મોઢે ચોપડવા માટે હળદર લઈ બીજી કન્યાઓ આવે છે. હળદર ચોપડીયા પછી કન્યા એ માંડવે જાય છે. જતી વખતે કન્યાનો ભાઈ વરને ઉંચકી લઈ જાય છે. એને પણ વર તરફથી પૈસા આપવામાં આવે છે. માંડવે આંબાનું તોરણ હોય છે. તેને તલવારથી અડકવાની વિધિ કરે છે. માંડવા નીચે સલેડાના લાકડાંનાં ચાર ફાચરાં તથા ખૂંટો ઠોકી ચોરી કરવામાં આવે છે. પૂર્વક તરફ મોં રખાવી વરને ચોરી પાસે પાટલા ઉપર ઉભો રાખે છે. ત્યારબાદ કન્યાને બહાર કાઢતા પહેલા કન્યાની મા વરને પોખવા આવે છે. પોખીને વધાવીને જતી રહે છે. વર કન્યાના છેડા ગાંઠી કોઈ જાણકાર માણસ વરકન્યાને ફેરા ફેરવે છે.

આદિવાસીમાં લગ્ન કરાવવા બ્રાહ્મણ બોલાવવામાં આવતા નથી. પણ તેનું સ્થાન કન્યાનો બનેવી કે કોઈ જાણકાર આદિવાસી પોતે જ લે છે. ફેરા ફરતી વખતે ચાર વખત વર આગળ ચાલે છે. અને ત્રણ વખત કન્યાને આગળ રાખવામાં આવે છે. સાત ફેરા ફર્યા બાદ નીચે બેસાડી હસ્ત મેળાપ કરાવે છે. પછી ગોરનું સ્થાન લેનાર વ્યકિત વર–કન્યાને કંસાર જમાડવાની વિધિ કરાવે છે. આ વિધિ વખતે વર કન્યા ઉપર કપડું ઓઢાવવામાં આવે છે. જેથી બહારના કોઈ આ વિધિ જોઈ શકે નહિ. વર કન્યાને ત્યાર પછી 'ઉકેડે' લઈ શોધવામાં આવે છે અને ત્યાં અગાઉથી દાટી મુકેલ પૈસા, સોપારી શોધવામાં આવે છે. ત્યારપછી કન્યાનો બાપ સારી આર્થિક સ્થિતિનો હોય તો વર પક્ષનાને પશુ આપે છે. જો કોઈ ગરીબ કે સાધારણ સ્થિતનો હોય તો કાંઈપણ આપ્યા વગર જ જાનને વિદાય આપે છે. વરપક્ષવાળા ગયા પછી કન્યાનું માથું ગુંથાવે છે અને કન્યા પક્ષવાળા એને પોતાની સાથે વરને ત્યાં લઈ જાય છે. કન્યાની

સાથે પાંચ પુરુષો, જેમને અલવર કહેવામાં આવે છે તે જાય છે. વરને ત્યાં ગયા પછી કન્યાને માંડ બાંધવામાં આવે છે. ઉકેડો ખોળ્યા બાદ કન્યા પાસે વાસીદુ વળાવે છે. પાણી ભરાવે છે અને તે પાણીથી રંધાવે છે. જેને જાનવાળા જમે એટલે કન્યા પોતાના વશમાં આવી તેમ કહેવાય છે. આ પછી કન્યા છ–વાર પિયર આવ જા કરે છે. ત્યારપછી વરને ત્યાં જ રહે છે. આ રીતસરના લગ્નની સંપૂર્ણ વિધિ થઈ એમ કહેવામાં આવે છે.

જે ગરીબ આદિવાસી આવો ખર્ચ કરતા શકિતમાન હોતા નથી. તેઓ આવા લગ્ન કરવા કરતાં 'ઉદાળી જવાની' તથા 'ગીહી લઈ જવાની' પ્રથા અપનાવે છે. જે વધુ પ્રચલિત થઈ છે. કેટલીક વખતે પૈસાના અભાવે કોઈ છોકરીને કોઈ ઘર તરફથી માંગણી કરવામાં ન આવે તો તે છોકરી કોઈ સાથે પ્રેમમાં પડી મા–બાપના ઘરેથી ભાગી જાય છે અને તેઓ પંદર કે ત્રીસ દિવસ સુધી એકાંતે એટલે કે જંગલમાં યા કોઈ સગાને ત્યાં ગામથી દૂર જઈ રહે છે. કન્યાના બાપને ખબર પડયા બાદ તે વરના બાપ પાસે નાતના રિવાજ મુજબ દાયાં લેવા કે ઝઘડો લેવા જાય છે. દાયાંમાં થોડાંક રૂપિયા અને ઢોર–ઢાંખર આપવામાં આવે છે. જો દાયાઓમાં કન્યાના મા–બાપ રાજી થાય તો તે બંને એક–બીજાના વેવાઈનું સગપણ ઠીક પ્રમાણમાં સાચવે છે. પણ જા પૂરતી રીતે સમાધાન ન થાય તો દાયાં લઈ કન્યાને પોતાના બાપને ઘેર લઈ જાય છે. આવા લગ્નને ઉદાળવા કે ગંધર્વ લગ્ન કહેવામાં આવે છે. કેટલાકમાં પૈસાને અભાવે છોકરીના મા–બાપ છોકરો પસંદ કરીને પોતાને ત્યાં કે સાત વર્ષ રાખવાની બાંહેધરી કરી, ઘરજમાઈ તરીકે છોકરાને રાખે છે. મુદત પુરી થયા બાદ બંનેને પરણાવી દે છે. તે પછી તમને ગમે ત્યાં જઈ શકવાની છૂટ હોય છે. જો છોકરાને સસરાને ત્યાં રહેવું હોય તો હળવા બળદ તેમ જ એકાદ ખેતર તેઓને મળે છે. જો મુદતની વચ્ચે છોકરો કે છોકરી બીજાને લઈને ભાગી જાય તો કરાર મુજબ એકબીજાના મા–બાપને પૈસાની આપ–લે કરવી પડે છે. પરણેલ દંપતી યા ધણી–ધણિયાણી એક બીજાને મેળ યા પ્રેમ ન થાય તો પછી પણ તેઓ પોતાના મનપસંદ કન્યા કે વર ગોતી લે છે. જો કન્યા ભાગી જાય તો તેનો ધણી દાવાનો હકદાર થાય છે . સામાવાળો તેના ખર્ચના પૈસા ના આપે તો કોર્ટ ચડે છે. ને તેની મારફત દાવાના રૂપિયા લે છે. તેમજ લઈ જનાર માણસને થોડી ઘણી સજા કરવામાં આવે છે. વિધવા સ્ત્રીને 'રાંડેલી' કહેવામાં આવે છે. 'રાંડેલી' સ્ત્રી બીજાની સાથે નાતરૂં કરી શકે છે. તેનું પણ લગભગ અડધું દાયું છોકરીના બાપને લઈ જનાર ધણીને આપવું પડે છે. 'રાંડેલી' સ્ત્રી જો સંતાનવાળી હોય તો જેની સાથે નાતરૂં કરે

તે માણસે છોકરાં મોટા થતાં સુધી તેનું ભરણ પોષણ કરવું પડે. મોટા થયા બાદ તે બાળકોને તેના કુટુંબીજનો (કાકા કે બાબા) લઈ જાય છે. તેની માની સાથે તે રહી શકતા નથી.

## દેવ, દેવસ્થાન, ધર્મ–વહેમો :

આદિવાસી બારબીજ, કચુંબર, ઈદરાજ, ઘોડજો, કોહજો, વગજો, હારદરજો, મનાનો, મોઝધ, ઓબા, કાળકા, સુદાઈ, ઝાંપડી વગેરે અનેક દેવ–દેવીઓને માને છે. દેવોના નિવાસ ગામની ભાગોળે કોઈ મોટા વડ, સીમળો, મહુડો, પીપળો કે આમલી જેવા ઝાડમાં અથવા ડુંગરો જેવા સ્થળે હોવાનું માને છે. ત્યાં તેઓ પોતાની માનતાઓ, બાધાઓ અથવા ધાર્મિક વિધિઓ ત્યાં કરવા વર્ષમાં બે–ત્રણવાર જાય છે. આ પ્રમાણે વર્ષ દરમ્યાન ગુંદરું ને જોતર એમ બે વિધિઓ દરેક ગામડામાં ઉજવાય છે. ગામમાં કોઈ રોગ ચાલતો હોય અને તેથી કોઈ ઢોર કે માણસો મરતા હોય તો ગુંદરુ કરવામાં આવે છે એની વિધિ કરવાની હોય તે વખતે ‘બડવા’ ને બોલાવી સ્થાન મુકરર કરી રવિવારે કે મંગળવારે બેસાડે છે. તે વખતે ગામમાં કોઈ દળતુ–ખાંડતું નથી તેમજ વાસીદુ પણ કાઢતું નથી, કારણ કે તેઓની માન્યતા કે રિવાજ એવા છે કે બડવો ધૂણીને જ્યારે ભોગ ધરાવે ત્યાર બાદ જ કામકાજ કરાય. બડવો આખી રાત ગામના માણસો સાથે ડાક કે કામઠાં વગાડી દેવોની પ્રાર્થના કરે છે. બડવો ધુણ્યા પછી બીજા દિવસે જે દેવ યા માતાને ભોગ ધરાવવાનો હોય તેના નામનો રથ ને ઢીલ (ઠીકરું) કાઢે છે. ત્યારપછી ભોગની પ્રસાદી લઈને વિસર્જન કરવામાં આવે છે. નવું અનાજ પાકે ત્યારે દેવને નૈવેદ્ય કે ભોગ ધરાવવાના હેતુથી દર વર્ષે જાતર કરવામાં આવે છે. જાતરના બે પ્રકાર છે. એકમાં ગુંદરા જેવી વિધિ છે. પણ ભોગ ન ધરાવતા ભોગની ખીર રાંધે છે. તેની ‘નાંદરૂની’ ની જાતર કહે છે. આ જાતર ન થાય ત્યાં સુધી ઘર લીપવું કે કોઢના ખાડા પુરવા ને સ્ત્રીઓના માથા ચોળવા વગેરે કાર્ય થતું નથી. બીજા પ્રકારમાં આસો માસમાં જાતર કરવામાં આવે છે. તેની વિધિ પણ ગુંદરા જેવી જ છે. પણ તેમાં ખાસ ભોગ ધરાવવામાં આવે છે. ભોગમાં પશુબલિ ધરાવવામાં આવે છે.

એ લોકો સાધારણ માનતા કે બાધા રાખે તેમાં તો એમ કહે છે મારા છોકરાનં કે જે કોઈ ઘરમાં માંદુ હોય તેનું નામ લઈને અવલ (ઠીક) થાય ત્યારે બાબા ઘોડાજાને બોકડાનો કે પાડાનો ભોગ આપી હે, એ પ્રમાણે જેના નામની બાધા રાખી હોય તે સુધરે તો તે દેવને સ્થાનકે જઈ એમની વિધિ મુજબ ભોગ ધરાઈ આવે છે, પરંતુ બધી માનતાઓ અને બાધાઓમાં સૌથી

મહત્વની અને મોટી બાધા ઈંદરાજની ઠાળુ નામની હોય છે. અતિશય માંદગી કે મરણ પથારીમાં કોઈ હોય તો આ બાધા રાખવામાં આવે છે. “ઈંદરાજ ની વિધિમાં કળમ નામના ઝાડની સાત ડાળીઓ સવારે ગીતો ગાતા, સાથે ઢોલ વગાડતા, ઝાડને પાણીના છાંટા નાંખી જે ડાળા નાંખી જે ડાળા કાપી લાવવાના હોય તેને દોરા નાંખી, ધુણતાં ધુણતાં ઝાડ ઉપર ચડી, જે ડાળાએ દોરા બાંધેલા હોય તેને કાપે છે. તે ઝાડ નીચેના માણસો ઝીલીને સાત કુમારોને તે ડાળ આપી, મુકરર કરેલ સ્થાને રોપે છે. રોપનાં અગાઉ પંદર દિવસ પહેલાં તે જગ્યાએ મોટા ઢોલ વગાડે છે. નક્કી કરેલ દિવસે બધા લોકો ભેગા થાય છે. સાત ડાળાની આસપાસ ગોળ કુંડાળામાં આખી રાત નાચે છે. અજાણ્યા માણસને આ તાંડવનૃત્ય હોય તેવું લાગે છે. એ વખતે મોટી કિકિયારીઓ અને હાથમાં તીર–કામઠા, મોટી–મોટી વાંસની લાકડીઓ, ધારિયા અને તલવારો પકડી વિશિષ્ટ પ્રકારે અંગના હાવભાવ સાથે ઢોલના તાલમાં થતો નાચ એ બધું અજાણ્યાં માણસને અતિશય અવનવું અને બિહામણું લાગે છે.

આ પ્રમાણે અડધી રાત વીતી ગયા પછી લગભગ મળસકે બાધા લેનાર માણસ રોપેલાં સાત ડાળાંની સાતવાર પ્રદક્ષિણા કરે છે. સાત ઘડા પાણીના રેડે છે. તેમજ દારૂની ધાર નાખે છે. બડવા (પૂંજાય) જે પહેલેથી જ બેઠેલા હોય છે. તેઓ તો દેવોની પ્રાર્થના કરતા જ હોય છે. સવારે બડવો ધૂણે છે. તેઓ તો દેવોની પ્રાર્થના કરતા જ હોય છે. ત્યાર બાદ પશુબલિનો ભોગ આપી બાધા છોડાય છે. ડાળાં ઉખેડી વળાવવા માટે તળાવ કે નદીમાં નાચતા–કૂંદતાં જાય છે. અમુક હિસ્સો ગામના પટેલને આપવો પડે છે. આ પ્રમાણે ઈંદરાજની બાધા કરવાની હોય છે.

આદિવાસીઓમાં અંધશ્રધ્ધાં–વહેમ હોય છે. જરાક કોઈ માંદુ પડે અથવા ઘરમાં ઢોર–ઢાંખરને કંઈક રોગ થાય તો તેઓ એમ જ સમજે છે કે આ કોઈ દેવનો પ્રકોપ થયો છે કે કોઈ ભૂત–પ્રેત પિશાચ કે ડાકણનો વળગાડ થયો છે. તેવું માનીને તરત જ બડવા–ભોપા પાસે બીમાર માણસ જો ઉપર મકાઈ અથવા અડદના દાણા ઉતારી લઈ જાય છે. આ પછી ઉતારી બડવાને બતાવે છે. બડવો તે જોઈ પોતાનો અભિપ્રાય જાહેર કરે છે કે કોઈ દેવનો વળગાડ છે અથવા તો કોઈએ મુઠ મારી છે તેને નિવારવા માટે અમૂક દેવની માનતા રખાવે છે. તે વખતે દારૂનો ૧ પૈસો તેમજ માનતા રખાયા બાદ બડવાને કંઈક ઈનામ તરીકે આપવું પડે છે. બીમાર માણસ જો સાજો થઈ જાય તો માનેલી માનતા બડવાને બોલાવી પુરી કરે છે. જેમાં ભાગ પણ આપે છે.

## રહેણી–કરણી :

ઘરમાં સ્ત્રીઓ મળસ્કા પહેલા કૂકડો બોલતા પહેલા દરરોજનું ખોરાકી અનાજ દળે છે યા ખાંડે છે. એમનામાં રોજનો લોટ રોજ દળી લેવાનો રિવાજ છે. તેથી દરેકના ઘરમાં ઘંટી તો હોય જ લગભગ દરરોજ સવારે દરેક ઘરમાં ઘંટીનો સૂર અને કેટલીક વાર દળનાર સ્ત્રીઓનું આદિવાસી ગીતો પણ સંભળાય છે. આ કામથી પરવરી વાસીદું કાઢે છે. ત્યારબાદ પાણી ભરવા જાય છે ને ત્યાં સ્ત્રીઓ દાતણ પાણી કરે છે. દિશાએ પણ થાય છે. પુરુષો ઉઠી ઢોર–ડગરાં કોઢમાંથી કાઢી, દાતણ–પાણી વગેરે કરે છે. જમી પરવરી તે ખેતીને કામે યા મહેનત મજૂરીએ ચાલ્યા જાય છે. સ્ત્રીઓ ખેતીના કામે પુરુષો સાથે સામેલ હોય છે. મોટેભાગે ખોદવાનું, ખેડવાનું તથા બીજી મજૂરીનું કામ કરે છે. સ્ત્રીઓ ઓરવાનું, નિંદવાનું, લણવાનું વગેરે કામ કરે છે.

જો પોતાની જમીન ન હોય તો બીજાની જમીન સાથે રાખે છે. તે ન મળે તો બીજાને ત્યાં ‘હાળી’ તરીકે રહે છે અથવા તો મજૂરી કરે છે. ‘હાળી’ યા નોકર તરીક જે માણસો રહે છે. તેઓને એક ‘માણિએ’ (બાર પણે) ભાગના બે મણ દાણા માલિક આપે છે. સાથે સ્ત્રી રહેતી હોય તો તેને ઘરનું વાસીદું, અન્ય કામકાજ કરવું પડે છે. તેની મજૂરી પેટે વર્ષે એક લુગડું કે ઘાઘરો આપે છે. જો હાળી તરીકે ન રહે તો એવા કુટુંબો પોતાના ગામની આસપાસ અથવા બહારગામ જ્યાં મજૂરી મળી શકે તેમ હોય ત્યાં કુટુંબ સાથે મહેનતે જાય છે.

આદિવાસી બાળકો (છોકરા–છોકરીઓ) બંનેને ઢગરાં (ઢોર) ચારવાનો એક મુખ્ય ધંધો સોંપેલો છે. (આ બાજુના ગામડાઓમાં એવો રિવાજ છે કે દરેક ઘરના એકેક છોકરા કે છોકરીને પોતાના ઘરના ઢોરને ચારવા લઈ જવું પડે છે.) એટલે ગામમાં જેટલા ઘર તેટલા ઢોરના ગોવાળ (છોકરા કે છોકરીઓ) જંગલમાં ઢોરને ચારવા જાય, સવારે ઘેરથી જમીને જાય બપોરનું ભાથું સાથે લઈ જાય. સવારથી સાંજ સુધી ચારીને પાછા સાંજે ઘેર આવે. છોકરાને છોકરીઓ ઢોરને લગભગ ભેગા જ ચારે છે. આ બાબતનો એમનામાં બાદ ગણાતો નથી. આદિવાસી પોતાની સ્ત્રીઓને બજારમાં હટાણું કરવા છૂટથી લઈ જાય પણ દુકાનદાર પાસેથી પોતાને તેમજ કુટુંબને માટે જોઈતી ચીજા લાવી આપી છે.

## ખોરાક કે જમણવાર :

આદિવાસી પોતાના ખોરાકમાં આ વિસ્તારમાં પાકતી ચીજો જેવી કે મકાઈ, કોદરા, બંટી, બાવટી, ચણા, અડદ, વટાણા, કૂરી, ઘઉં, જવ, તુવેર વગેરે વાપરે છે. આ ઉપરાંત અહીં ઘઉં અને ડાંગર પણ પાકે છે. પરંતુ તહેવાર કે સારા દિવસે જ તેનો ઉપયોગ કરે છે. ઘઉં તો આ લોકો કયારેક જ કોઈ ખાસ પ્રસંગે વાપરે છે. અથવા તો બિલકુલ નથી વાપરતા એમ કહીએ તો પણ ચાલે પણ રોજનો ખોરાક મકાઈની પુલી–ઘાટ–દાળ જ રાંધે છે.

## તહેવારો તથા વિવિધ ઉત્સવો :

આદિવાસીઓનો સૌથી મોટો તહેવાર હોળી છે. આખું વર્ષ બહાર ગામ કે શહેરોમાં મજૂરી કરશે. પરંતુ હોળી કરવા પોતાના વતનમાં આવી જાય છે. દિવાળી, અખાત્રીજ, દિવાસો, પિહોરો, આંબલી, અગિયારસ, જન્માષ્ટમી, ગોળ–ગધેડો, દશેરા વગેરે તહેવારો ઉજવાય છે. દિવાસો, દિવાળી અને અખાત્રીજ એ મોટા તહેવારો તરીકે ઉજવાય છે. હોળી પૂર્વે એક માસથી એટલે કે મહાવદ પૂનમને દિવસથી જ્યાં હોળી પ્રગટાવવામાં આવતી હોય ત્યાં એક વાંસનો દાંડો રોપવામાં આવે છે. ફાગળ સુદ પુનમને દિવસે ત્યાં હોળી બાળે છે. આ એક મહિનો આખી રાત ત્યાં રમે અને ગીતો ગાય છે. હોળીના લાકડાં દરેક ઘેરથી લેવામાં આવે છે. ઘણાં ખરા હોળી ઉપર ઉપવાસી રહે છે. હોળીના દર્શન કર્યા બાદ નાળિયેર હોળીમાં હોમી નાંખીને જમે છે. હોળીના તહેવારો ફાગણ વદ છઠ સુધી ચાલે છે. આ તહેવારોમાં બિભત્સ ગીતો ગાવાનો કોઈ વાંધો ગણાતો નથી એટલે ઢોલ સાથે નાચીને બિભત્સ ગીતોની રમઝટ મચાવી આનંદ માણે છે. એ લોકોમાં પોતાના શેઠ કે સાહુકારને ત્યાં જઈ 'ગોષ્ઠ' લેવાનો રિવાજ વધુ છે. તેમજ નવપરણિત દંપતિ પાસે જેને છોકરો અવતર્યો હોય તેની પાસેથી પણ 'ગોષ્ઠ' લેવામાં આવે છે. સવારે આખા ગામની સ્ત્રીઓ પાણી લઈ જઈ હોળીને ઠંડી પાડે છે અને ગીતો ગાઈ નાચે છે.

હોળીને બીજે દિવસે 'ચુલ' હોય છે. નક્કી કરેલ જગ્યાએ એ લોકો એકઠાં થઈ આ તહેવાર ઉજવે છે. પુજારો, વાળંદ કે દલિતો ત્રણ ફૂટ લાંબો અને દોઢ ફૂંટ ઉંડો ખાડો કરી ચૂલ ચેતવે છે. તેમાં જેને માનતા રાખી હોય તેઓ સાત ફેરા અંદર દેવતા પર થઈ પસાર થાય છે. નાળિયેર ફોડે એટલે બાધા પુરી થઈ એમ કહેવાય. એમણે લાડું, શીરો કે કંસાર જેવા મિષ્ટાનના

નામ કદી પણ સાંભળ્યા જ નથી. એમના પકવાન એટલે ચણાના લોટના તેલમાં તળેલા ઢેબરા અથવા ગોળના પાણીમાં કે ગોળ ન મળે તો મહુડાના પાણીને કોહણીને કરેલા ઢોકળા, રોજના ખોરાકમાં મકાઈનો રોટલો કે થુલી, રાબ કે અડદની દાળ અથવા કોઈ શાક કે ભાજી મળી જાય તો તેનું શાક કરે છે. મોટે–ભાગે તેઓ રોજ સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત ખાય છે.

દરેકના ઘરમાં દૂઝણું ઢોર હોય છે, પરંતુ તેઓ દુધ કે ઘી વાપરતા નથી, પણ મેળવી વલોવી ઘી કાઢે છે ને તે વેચી દે છે. તેઓ તો પોતાને છાશ ખાવા મળે તેમાં સંતોષ માને છે. આમ તો આ લોકોની અન્ન અને વસ્ત્રની બાબતમાં સંતોષ અને ત્યાગની વૃત્તિ વખાણવા લાયક છે. એ લોકો સમજપૂર્વક યા કોઈક વિશિષ્ટ હેતુ કે ધ્યેય પ્રત્યે દોરાઈને એમ કરતા હોવાથી તેઓનું જીવન ' ઋષિ જીવન' તરીકે જ ગણાય. ૧૦૦ થી ૧૫૦ ઢોલ સાથે લોકો નાચે ને ભેગા અથડાય એથી તકરારો પણ થઈ જાય ખરી એટલે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાય છે. કોઈ કોઈ સ્ત્રીઓને પણ 'ગીરી' લઈ જાય છે. જે મોટે ભાગે કુમારીકાઓ હોય છે.

'ગોળ ગધેડો' નો તહેવાર હોળીથી છઠ્ઠા દિવસે અમુક ગામડામાં નિયત કરેલ જગ્યાએ જ ઉજવવામાં આવે છે. આ મેળાની વિશિષ્ટતામાં મેદાનની વચોવચ એક ત્રીસેક ફૂટ ઉચો થાંભલો રોપીને ઉપર ગોળ બાંધે છે ને ગામની જુવાન સ્ત્રીઓને હાથમાં લાંબી વાસની સોટીઓ આપીને ઉભી રાખે છે. ગમે તે ગામના હોંશિયાર માણસો ઉપર બાંધેલો ગોળ લેવા ચડે છે. તે વખતે ઉભી રહેલી સ્ત્રીઓ તેના પર સોટીના મારથી ઝડી વરસાવે છે. ઉપર ચડી જાય તે બાંધેલા ગોળને મેળામાં છૂટે હાથે નાંખે છે. કોઈ કોઈ આ પ્રમાણે પાંચ–છ વખત ચડીને ઉતરે છે. થાંભલાની આસપાસ હજારોની સંખ્યામા લોકો ઢોલ સાથે નાચે છે. આનંદ માણે છે. આ મેળાઓમાં શહેરોમાંથી મેવા, મિઠાઈ, રમકડાં, વાસણો વગેરેની દુકાનો તેમજ ચકડોળ, ચકરડી, હિંચકા વગેરે પણ આવે છે. આવા મેળાઓમાં 'ગીહી' લઈ જવાની પ્રથા ચાલુ હોય છે. તેમજ તકરારો થાય છે.

અખાત્રીજ એ આદિવાસી ખેડૂતોનો મુખ્ય અને મોટો તહેવાર અને શુભ દિન છે. બધાય આદિવાસી નાના–મોટા ખેડૂત હોવાથી આ દિવસ બહુ સારી રીતે ઉજવે છે. આ દિવસે ખેતીનું ખાસ મુહુર્ત કરે છે. ખેતરમાં ખાતર નાખવાની ને હળ જોડવાની શરૂઆત કરે છે. રસોઈમાં આ દિવસે ઘઉંની સેવ બનાવે છે. રાત્રે ગામના દસ–બાર આદિવાસી છોકરા મળી નાના હળ લઈ

રાત્રે નીકળી ખેતીના શુભ ચિહ્નો દેખાડવા દરેક આદિવાસી ખેડૂતના ઘર આગળ ચાસ કાઢે છે. છોકરાઓ પૈકી બે જણ બળદને એક હાળી થાય છે. બાકીના બધા અનાજ ઉઘરાવે છે. નાના છોકરાઓને દરેક આદિવાસી ખેડૂત અનાજ ન હોય તો મહુડા પણ આપ્યા વગર રહેતો નથી. આ પ્રમાણે રાત્રે ફરીને આણેલા અનાજની બીજે દિવસે વહેંચણી કરી લે છે યા ભેગા મળી ઉજાણી કરે છે. એથી નાના છોકરા ખાખરાના ઝાડના ડાળમાં લઈ દિવસે ઘેર ઘેર (ડાળા છૂટી) ગીત ગાય છે.

બીજી બાજુ આદિવાસી કન્યાઓ 'પાન લાડિઆ' પરણાવી રમત રમે છે. પાનના કે લાકડાંના બાજુમાં (ઢીંગલાઓ) બનાવેલ ફોટા છે. તેની ખૂબ ધામધૂમથી, ઢોલ વગાડી માણસના લગ્ન માફક ગીતો ગાઈ વિધિ કરે છે. લાડિયાના લગ્ન બાધ અકે ઝાડ ઉપર બંનેને ટાંગી મૂકે છે. જ્યારે પહેલું–વહેલું પાણીનું પૂર આવે તે વખતે સ્ત્રીઓ ગીત ગાતી પધરાવી આવે છે. આ પ્રમાણે અખાત્રીજનો તહેવાર ઉજવે છે.

## વાદ્યો :

વાદ્યોમાં મુખ્યત્વે તો ઢોલ, શરણાઈ, કુંડી, કાસાની થાળી, રામઢોલ અને લાંબા વાંસની બનાવેલી વાંસળી એ મુખ્ય વાદ્યો છે. ઢોલ, શરણાઈ, કુંડી, કાંસાની થાળી લગ્ન પ્રસંગે વગાડવામાં આવે છે. લગ્નોત્સવ વખતે નૃત્યની અલગ અલગ ચાળા પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે. દેરક વખતે આ વાદ્યોનો લય અલગ હોય છે. રામઢોલ એક મોટા ડ્રમ સમાન હોય છે. જે હોળીના સમય દરમિયાન આખી રાત આ રીતે ઢોલ વગાડવામાં આવે છે. જેમાં આજુબાજુ દૂરના ગામમાં કદરદાનનું નિમંત્રણ મોકલવામાં આવે છે.

## ઓજારો :

ખાસ કરીને પંચમહાલ જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસી તીર–કામઠું, કોહાડું, દાતરડું જેવા સરક્ષણનાં સાધનો ધરાવે છે. અગાઉના સમયમાં શિકાર કરીને ગુજરાન ચલાવતા હતા, પરંતુ હવે ખેતીવાડીને વિશેષ પ્રાધાન્ય આપે છે અને ખતી તેમનો મુખ્ય વ્યવસાય છે. ખેતઓજારોમાં કરબડી, હળ, કોસ, બળદગાડું વગેરે સાધનોનો સમાવેશ થાય છે.

## મરણને 'કાપટા' (મરણોતર ક્રિયાઓ) :

આદિવાસીઓમાં નાના છોકરાઓનાં મરણ થાય ત્યારે તેમને દાટે છે. લગભગ બે વર્ષ

ઉપરનાને બાળવામાં આવે છે. મોટા માણસના મરણ બાદ તેઓના મડદાંને દહીં અને હળદરના પાણીમાં નાખી સ્નાન કરાવે છે. ત્યારબાદ નવા કપડાં પહેરાવી ઠાઠડીમાં બાંધી ઢોલ તેમજ શરણાઈ વગાડતાં સ્મશાને લઈ જવામાં આવે છે. સગાં–સંબંધીઓ નવા કપડાં કફન ઓઢાડે છે. ઓઢાડેલા કપડા દલિતને આપે છે. ડાઘુઓ લાકડાં લઈને આવે છે. મડદાને મોઢું ધોવડાવી મોમાં સુખડી કે કોપરૂં અને સવા રૂપિયો મૂકે છે. ત્યારબાદ અગ્નિ સંસ્કાર કરે છે. ત્રીજા દિવસે ટાઢી (ભીલી ભાષામાં ભડકા ) કરે છે. મરનારના ફુલ (હાડકાં) લાવી દાહોદ તાલુકાના વિજાગઢ ગામની નજીક ભીમકુંડામાં નાખી દે છે. ભીલોમાં ભીમકુંડાની માન્યતા કે દંતકથા છે કે વર્ષો પૂર્વે વાલિયા ભીલે (વાલ્મીકી ઋષિ) અહીં તપ કરી સિદ્ધિ મેળવી હતી. આ જગ્યાને પવિત્ર માનતા હોવાથી ફૂલ (હાડકા) ભીમકુંડામાં નાખે છે. દર આંબલી અગિયારસે મેળો ભરાય છે.

આદિવાસીઓમાં શ્રાદ્ધ વિધિ કરવામાં આવતી નથી. પણ સગવડ થાય તો પાંચ કે દશ વર્ષે જેટલા મરણ થયા હોય તેટલા કુટુંબ ભેગા મળીને એક સામટું–કાયટું કરવામાં આવે છે. કાયટુના દિવસે બધાના માથાના વાળ–મૂછ–દાઢી ઉતારવામાં આવે છે. જેને શ્રાદ્ધ વિધિ હોય તેને ત્રણ દિવસ અગાઉથી નાહી ધોઈ નવા કપડા પહેરાવી ઘરથી દૂર મંડપ બનાવી બેસાડવામાં આવે છે. બીજા લોકો આ વ્યકિત જોડે ખાવા–પીવા કે અડકવાનો વ્યવહાર પણ રાખતા નથી. એટલે કે પવિત્રતા જાળવે છે. ત્રીજા રાત્રે રાવળ વિધિ કરાવે છે. હોળીના તહેવાર પર મરનારના કુટુંબીજનો સગા–સંબંધીઓ, જમાઈઓ ઢોલ સાથે નાચી, વેશ ધારણ કરી રમે છે. આ વિધિને શોક પૂરો થયો એમ માનવામાં આવે છે.

## સાહિત્યિક પરંપરા ભીલસમાજ :

સાંપ્રત સંસ્કૃતિ–સમાજ ફકત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી, તે પરંપરા પણ છે. આ પરંપરામાં ઘણું બધું પ્રાચીન સચવાયેલું હોય છે. આ સચવાયેલા જૂના અવશેષો પોતાના યુગનો–તે સમયની સંસ્કૃતિ સમાજનો ઈતિહાસ પ્રગટ કરે છે. કાળના પ્રવાહમાં ટકેલા કોઈ પણ સમાજનાં ધાર્મિક–સામાજિક વિધિ–વિધાનો, મૌખિક સાહિત્યરૂપે સ્થિર રહેલા અવશેષો અને આદિજન સુધી ચાલી આવતી પરંપરિત જીવન–રીતિ તથા માનવે ઉપયોગમાં લીધેલી ભૌતિક સામગ્રી કોઈ પણ સંસ્કૃતિ–સમાજની સંરચનાની વ્યાખ્યાનાં

મૂલ્યવાન સાધનો છે. આ સચવાઈ રહેતા અવશેષોનું અન્વેષણ કરતાં–કરતાં આપણે જે તે સંસ્કૃતિ સમાજના મૂળ સુધી પહોંચી શકીએ.

માનવ સંસ્કૃતિ–સમાજની ઉત્ક્રાંતિના કાળખંડને સન્યાસીઓ દ્વારા ત્રણ યુગમાં વિભાજવામાં આવ્યો છે. આરંભના સમયખંડને 'પ્રાગૈતિહાસિકયુગ' કહેવામાં આવે છે. આ પછીના સમયને 'આદિ ઐતિહાસિક યુગ' અને અંતિમ એટલે અત્યાર સુધીના યુગને 'ઐતિહાસિક યુગ' કહેવામાં આવે છે. માનવ અભિવ્યકિત માટે જરૂરી લેખનકળાના વિકાસ પૂર્વેના સમય ને 'પ્રાગૈતિહાસિક યુગ'.

ભારતમાં પ્રાગૈતિહાસિક યુગનો પ્રારંભ બે લાખ વર્ષ પૂર્વેથી થયેલો ગણાય છે. પણ તેનો અંતિમ સમયખંડ કે જેને 'નવા પાષણયુગ' કે 'લઘુપાષણયુગ' કહેવામાં આવે છે. તે ફકત છ હજાર વર્ષથી ચાર હજાર વર્ષ પૂર્વકાલીન ગણાય છે.

અહીં આપણો ઉપક્રમ પૂર્વે આવર્તના નામે ઓળખાતા અને અત્યારે ઉત્તર–પૂર્વ દિશા તરફ અરવલ્લી પહાડ સુધી વિસ્તરેલા ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકામાંથી પ્રાપ્ત આદિ માનવ કે પ્રાગૈતિહાસિક માનવનાં પાષણ ઓજારો, ગુફાચિત્રો તથા અહીં વસતા ભીલ આદિવાસીઓની વર્તમાન જીવનરીતિમાંથી વિસ્તૃત મૌખિક સાહિત્ય અને લિખિત ઐતિહાસિક પુરાવાના આધારે ભીલસમાજની સાહિત્યની ભૂમિકા સ્પષ્ટ કરી શકતા પુરાવાઓ જાવા મળે છે.

## પ્રાગિતિહાસમાં ભીલસમાજ :

ભીલસમાજનો પ્રાગિતિહાસ જાણવા માટે શ્રી ભગદાશ પટેલ દુનિયાના અતિપ્રાચીન પહાડ અરવલ્લીની હારમાળાઓની તળેટીઓ અને ત્યાંથી નીકળતી હિરણ્યગર્ભા, ભીમાક્ષી, કોસંબી, દુકાળી અને સાબરમતી જેવી માતૃસરિતાઓની ભેખડો પર એક હજાર કિલોમીટરની પદયાત્રા કરી. આદિમાનવની ૧૧૦ વસાહતો, ૨૫૦૦ પાષાણ ઓજારો, ૧૬ પાષાણ સમાધિઓ તથા ૩ ચિત્ર મંડિત ગુફાઓ પ્રાપ્ત કરી છે. આ ભૌતિક સામગ્રીના આધારે છ હજારથી આરંભી સીતેર હજાર વર્ષ પૂર્વકાલીન પ્રાગૈતિહાસિક સમાજ પ્રકાશમાં આવ્યો છે. આના આધારે આ સંશોધાર્થીએ આદિ માનવ અને આદિવાસીઓ પૂર્વ કાલીન સંબંધ તપાસ્યો છે અને 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' પુસ્તક પણ લખેલ છે.

જેના આધાર પુરાઓ પરથી પાંચ હજાર વર્ષ પહેલા નવા પાષણયુગમાં ભારતીય ઉપખંડ ઉપર 'ભીલ' પ્રજા વસતી હતી. વેદોમાં આ પ્રજાતિનો ઉલ્લેખ 'નિષાદ' નામથી થયો છે. નિષાદ એજ આજના ભીલ એમ રોબર્ટ શેફર અને ડી.ડી. કોસામ્બી દઢતાપૂર્વક માને છે. પ્રજાતિના અત્યારના અભ્યાસીઓ પણ ભીલોને 'આદિ આગ્નેય' કે 'આદિ નિષાદ' કહે છે. આ આદિવાસીઓ જ ભારતના મૂળ નિવાસી છે.

લગભગ ૩૨૫૦–૨૭૫૦ ઈ.સ.પૂ. માં સિંધૂ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. અહીથી મળેલા માનવ હાડપિંજરોના અવશેષોની તપાસ પરથી જાણવા મળ્યું છે કે ભારતીય ઉપખંડના ત્રીજા ભાગ પર વિસ્તરેલી અતિવિકસિત આ સિંધુ ખીણની નગર સંસ્કૃતિમાં દ્રવિડ, નિષાદ અને કિરાન પ્રજાતિઓ વસતી હતી. આથી સાધાર અનુમાન થઈ શકે છે કે સિંધુ સભ્યતાના વિકાસમાં નવા પાષાણયુગના કૃષક ભીલસમાજનો પણ મહત્વનો ફાળો હશે તેવું પણ કહી શકાય.

## મૌખિક સાહિત્યમાં પૂર્વકાલીન ભીલસમાજ :

ભીલસમાજમાં ડોબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધુળાના પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવાં ધાર્મિક અનુષ્ઠાન સમયે ભોયા કે સાધુ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ કથાના મંત્રો ગાવામાં આવે છે. સામગાનને મળતી આ કથામાં પીપળ સ્ત્રી (પિપ્પલાદ ઋષિ) વગેરે ઋષિના ઉલ્લેખ આવે છે. આ વિધિવિધાનો અને મૌખિક કથાઓનું પગેરું છેક તામ્ર–પાષાણકાળની સંસ્કૃતિ, આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ પૂર્વકાલીન સમાજ સુધી જવા સંભવ છે. ભીલોમાં પ્રચલિત ગોર ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી 'લિંગપૂજા' દેવરાની મૂર્તિઓ સ્થાપતી વેળાએ કરવામાં આવતી 'સૂર્યપૂજા' અને મોટી ન્યાતની સમાપ્તિ સમયે કરવામાં આવતી 'વૃક્ષપૂજા' ના મૂળ તામ્ર–પાષણકાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે.

## ઈતિહાસમાં ભીલસમાજ :

લિખિત ઈતિહાસ તપાસતાં જાણવા મળે છે કે સન્ ૫૨૫ (સં. ૫૮૦) માં યવનોના હુમલાથી સિસોદિયા વંશનો રાજપૂત રાજા શીલીદિત્ય મરાયો અને વલભીપુરનો નાશ થયો ત્યારે ઈડર વિસ્તારમાં માંડલિક નામે ભીલ રાજા રાજ કરતો હતો. આ ઉપરાંત સં. ૧૨૫૦ થી સં. ૧૩૦૨ સુધી ઈડરની ગાદી પર ભીલ રાજા હાથી સોડ અને તેના પુત્ર શામળિયા સોડે રાજ

કર્યાના લિખિત ઐતિહાસિક ઉલ્લેખો 'ઈડર રાજ્યનો ઈતિહાસ' પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. ભીલોનું એક મહત્વ રાજ્ય આશાવલ આજના અમદાવાદ વિસ્તારમાં આશરે આઠમી સદીથી અગિયારમી સદી સુધી હતું. મહારાણા પ્રતાપની સેનામાં પૂજા ભીલ સર સેનાપતિ હતો અને તેના માર્ગદર્શનમાં મોગલોને પરાસ્ત કરવામાં ભીલ સમાજે નોંધનીય યોગદાન આપ્યું હતું. ખેડબ્રહ્મા–દાંતા અને રાજસ્થાનના કોટડા ક્ષેત્રોના ભીલો રાજપૂતોમાં પ્રચલિત રાઠોડ, પરમાર, સોલંકી જેવા ગોત્રો ધરાવે છે અને તેઓમાં રાજપૂતોની માફક સ્થાનિક લોકો પર સત્તા ભોગવવાની પરંપરા દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલુ રહી છે. ઈતિહાસમાં ઉલ્લેખિત આ હકીકતો ભીલોની ઉચ્ચ રાજકીય સામાજિક કક્ષા દર્શાવે છે.

## ભારતીય સંસ્કૃતિને ભીલસમાજનું યોગદાન :

ગુજરાતના ઉતર, પૂર્વે અને ભારતના મધ્યખંડમાં વસતા આ લોકોએ જ અહી નવાપાષણયુગની સભ્યતાનાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદીયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્વનો ફાળો આપ્યો છે. "વસ્તુની ગણતરી કોડી (૨૦) ના એકમથી કરવી, લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ, જાદુ અને ટોણામાં વિશ્વાસ, વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા, મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનિમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવનાર કથાઓ, સૃષ્ટિ રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વેદના નાસદીય સૂકય સાથે મળતા આવે છે.), ઈંડામાંથી વિશ્વ રચના નિષાદની જેવી કથાઓ, સૃષ્ટિ રચના બાબતની અનેક કલ્પિત કથાઓ પાછળથી પૌરાણિક હિંદુધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાંક પરિવર્તન સાથે પૌરાણિક કથાઓ બની ગઈ." 'રાઠોરવારતા, ગુજરાંનો અરેલો', 'દેવરાની વારતા', 'કોલરિયાની વારતા' જેવા ભીલોનાં મૌખિક પરંપરાના મહાકાવ્યો અને આખ્યાનોમાં આજે પણ જોઈ શકાય છે.

આર્યોને દ્રવિડ, પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિન્દુધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. વર્તમાન હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલમયી પરિમાણ છે. ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું

સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય. “ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પત્થર સ્થાપીને એના પર સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારતભૂમિ ને રમમયી, વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે. “હિંદુધર્મનું આ સમન્વયી રૂપ, પ્રગૌતિહાસિક સભ્યતાથી આરંભી તામ્ર–પાષણ, ઐતિહાસિક અને સ્વતંત્ર ભારતની વર્તમાન સભ્યના સુધી અભિન્ન રહ્યું છે.

અહી ખેડબ્રહ્મા અને દાંતા ક્ષેત્રમાંથી ભીલ સમાજ અને સાહિત્ય વિશે જે માહિતી સંશોધન–સંકલિત કરી છે, તેને તપાસતાં પણ આ બાબતનો ખ્યાલ સહેજે આવે છે.

## સાંપ્રત ભીલસમાજ :

સાંપ્રત ભીલ–આદિવાસી સમાજ આદિ–પૂર્વજના વંશમાંથી વિકાસ પામી, કુટુંબ–કુળ– ગોત્રો અને વિર્કેન્દ્રિત ગામોમાં વિસ્તરે છે. આથી જમીન, જંગલ અને પાણીના સ્ત્રોતોની માલિકી વ્યકિતગત હોતી નથી. પરંતુ પુરા સમાજની હોય છે. પૂર્વજા પર સન્માનની ભાવના હોવાથી જમીન પર વડીલોનો સન્માનીય અધિકાર હોય છે. તે વંશના દરેક સભ્યને સમાજ વહેંચણી કરે છે. તેને સંપતિ પર સન્માનીય અધિકાર હોય છે. પણ સત્તા હોતી નથી. આથી આવી વરિષ્ઠ વ્યકિત સમાજની સંપતિ પર કર નાખી શકતી નથી. તેમજ વેચી પણ શકતી નથી.

પૂર્વજ પ્રેમ, પૂર્વજપૂજા અને પૂર્વજ પ્રત્યે સન્માનની ભાવના હોવાથી પૂર્વજોની ધરતીનો પાક અને ધરતી વેચી શકતા નથી. સમૂહમાં તેનો ઉપયોગ થઈ શકે છે. એકબીજાને ભેટ આપી શકાય છે. અથવા વસ્તુ દ્વારા વિનિમય થઈ શકે છે. આમ, સ્થાન ગામ કે દેશનો માલિક સમગ્ર વંશ, જાતિ કે સમાજ હોય છે અને તેમાંથી આર્થિક કે સામાજિક સ્તરભેદ વિનાનો એક સમાન ‘લોક’ આવિર્ભાવ પામે છે.

## લોક :

આ લોકનું ગૌરવ કરતાં મહાભારતમાં વ્યાસ દ્વારા કહેવામાં આવેલ છે કે, प्रत्यदर्शी लोकाना सर्वदर्शी भवेन्तरः (उद्योग पर्व ८३-३६ पूना) પ્રત્યક્ષદર્શી લોક જ સમગ્ર વિશ્વને

સર્વ પ્રકારે દેખવાવાળો હોય છે અને જે 'લોક' ને જાણે છે તે સર્વને જાણે છે ચાણકય 'અર્થશાસ્ત્ર' રાજા માટે લોકસત્તાને સર્વજ્ઞતા (શ્લોક ૨૪૨) કહે છે અને આગળ જતા સમજાવતા લખવામાં આવેલ છે કે शास्त्रडपि लोकअज्ञां मूर्खतुल्य । (૫૪૨) અથવા કહેવાનું છે શાસ્ત્રનું જ્ઞાન હોય પરંતુ જો લોકો વિશે અજ્ઞાત હોય તો તે (રાજા પણ) મૂર્ખ જેવો જ છે. આ લોકને ભારતીય જીવનદર્શન સદા વર્ધમાન, નીત નવા રૂપ ધરતા, સંપૂર્ણ જીવનમાં વ્યાપ્ત અને જીવનના સજીવ અંગ તરીકે સ્વીકારે છે. પશ્ચિમની માનવનૃવંશ અને સમાજશાસ્ત્રીય બાહ્ય દ્રષ્ટિ લોકની આંતરિક ગતિશીલ અને પરિવર્તનશીલ ઉર્જાને જોઈ શકી નથી.

લોક અને શિષ્ટ સમાજમાં વિસંવાદ નથી સંવાદ જ છે. ગીતાકાર યોગ્ય જ કહે છે. अतोडस्मि लोके वेदे य प्रवितः पुरुषोत्तमः । (૧૫-૧૮) 'લોક શિષ્ટો' નો યુગથી ચાલતો આવ્યો આ 'આંતરસંબંધ' છે. માટે બંનેનું સાહિત્ય એ સતત સાયુજ્ય સાધતી આંતરિક પ્રક્રિયા છે. અભિનવ ગુપ્ત જેવા મહાન સિદ્ધાંતરકાર દ્વારા પણ કહેવામાં આવેલ છે કે જે કંઈ 'લોક' માં છે તેનો 'શાસ્ત્ર' માં પરિપકાર થાય છે. તેને વ્યવસ્થિત કરવામાં આવે છે.

'લોક' શબ્દ લિખિત રૂપે ઋગ્વેદના પુરૂષ સૂકતમાંથી પ્રાપ્ત થતો શબ્દ છે. મૂળ તો વેદોથીયે પહેલાં પૃથ્વી સાથે ચોટેલા છે તેની શાખા પ્રશાખા આજ દિન સુધી વનો, ગ્રામો, અને નગરો–દૂર દૂર સુધી ફેલાયેલી છે. 'વેદ' ને 'શિષ્ટો' નું સાહિત્ય ભલે માન્યુ હોય પણ તેમાં આવતા યમ–યમી, પુરુરવા–ઉર્વશી જેવા સંવાદ સૂકતો, નાસદીપ સૂકતમાં આવતી સૃષ્ટિ–રચનાની કથા અને ધાર્મિક અનુષ્ઠાનો 'લોક' માંથી જ પ્રવેશ્યા છે અને તેમની શાખા–પ્રશાખાનાં દર્શન આજે પણ આ સંશોધક જે ભગદાસ પટેલ દ્વારા સંપાદિત 'રાઠોર વારતા' ધરણ ને મનખા અવનારની વારતા, દેવરાજની વારતા, અને કોબરિયા ઠાકોરના ધાર્મિક અનુષ્ઠાનમાં થાય છે.

## ધૂળાનો પાટ : (ભકિત અને પંથ પરંપરા)

'ભીલોનું ભારત' માં ધુળાના પાટનું વિધિ–વિધાન દર્શાવવામાં આવેલ છે. ભીલી સમાજની આ એક એવી પરંપરા છે. તેમાં ભાદરવા માસમાં ડુંગરી ભીલો ધૂળાનો પાટ કરે છે. અહીં લોક ધર્મ મહાપંથ સામે ધૂળાના પાટનું અનુસંધાન જોડાય જાય છે. કારણ કે મહાપંથમાં અજવાળી બીજની રાત્રીએ જ્યોતિપાટ ઉપાસના થાય છે. તેમાં અષાઢી બીજ શનિવારના

દિવસે બીજપાટ ભરાય તેને ઉત્તમ માનવામાં આવે છે. મહાપંથી જ્યોતપાટ અને ધૂળાનો પાર આ બંને પાટના વિધિ વિધાન, મંત્ર–સાધના, ક્રિયા, ભજન વગેરે આદિવાસીઓમાં ધૂળાનો પાટ ચોખ્ખાં દેવોનો પાટ મનાય છે. તે દિવસે રાત્રે 'ગત' ઉપસ્થિત લોકોને દારૂ પીવાની, માંસ ખાવાની સખત મનાઈ હોય છે. રજસ્વલા સ્ત્રી આ અનુષ્ઠાનમાં ભાગ લઈ શકતી નથી. અન્ય સ્ત્રીઓ પુરુષોની સાથે જ સહભાગી બની ધૂળાના પાટનું પૂજન કરે છે. મહાપંથી સ્ત્રી–પુરુષ જતિ–સતીનો ધર્મ હોવાનો જાણે છે.

ગુરૂ વતી કામ કરનાર 'ખૂંટ' ધૂળાના પાટનો રક્ષક વિધિ–વિધાનનો કર્તા ધૂળાના પાટની તમામ ધાર્મિક વિધિ સંભાળે છે. મહાપંથી જ્યોતપાટ ઉપાસનામાં તેને કોટવાળ કહેવામાં આવે છે. ધાર્મિકવિધિ અનુસાર મધ્યરાત્રીએ ધૂળાનો પાટ–મંડળની રચના કરવામાં આવે છે. આદિવાસી ભીલોની માન્યતા એવી છે કે પ્રથમ જળ હતું. તેમાં કમળનું ફુલ પ્રગટ થાય છે. તેમાં તેના ઉપર ઈંડા રૂપે ભગવાન અલખધણી નિરંજન નિરાકાર પરમાત્મા પોઢેલા હતા. તેના મુખમાંથી અમી નીકળ્યું એ અમીની ઉમિયા. આ ઉમિયાની બે સાથળની વચ્ચે નખથી ફાડીને અલખધણીએ 'ભંગ' ભગ (યોનિ) બનાવીને તેથી તે ભગવાન કહેવાય.

આદિવાસી પરંપરા મુજબ ધુળાનો પાટ ભરવાનો હોય તે સ્થળે પ્રથમ કુંવારી માટી જ્યાં હળ ચાલ્યું ન હોય તેવી જમીનની માટી અને કુંવારી ગાય, વાછરડીનું છાણ મેળવી પાટ માટેની ગાદી બનાવવામાં આવે છે. આ ગાદી ઉપર તીરથી ચતુષ્કોણ દોરવામાં આવે છે. ગાદી ઉપર સવા હાથ કાપડ મૂકી તેના પર લાલ કાપડમાં સફેદ સામાના દાણાથી ચંદ્ર, સૂર્ય, તારા, ચોરાસી સાધુ, પાંચ પાંડવો, પાડોર ગાય, વાસુકિનાગનાં પ્રતીકોની આકૃતિઓ દોરવામાં આવે છે. ગાદીની વચ્ચે સિતરી જ્યોત શીતળ જ્યોત પ્રગટાવવામાં આવે છે. ભંડારી દ્વારા ભરવામાં આવતા ચૂરમાને ગુરૂ દર્શાવે તેમ ખૂંટ તેની વિધિ કરે છે. નાળિયેર વધેરવામાં આવે છે. ધૂપ–દીપ પ્રગટે લોકસમુદાયમાં બરાબરનું ધાર્મિક વાતાવરણ જામે છે ત્યારે ત્યાં ઉપસ્થિત ભજનગાયક, બારણિયા અને હોંકારિયા સાથે તંબૂરાના તારના નાદ સાથે તેમનો સૂર પૂરાવે છે ત્યારે જ્યોતના પ્રકાશમાં એક અલૌકિક વાતાવરણ ઉભુ થાય છે. ભકિતભાવમાં લોકો ભાવવિભોર બની તાલ સાથે નાચવા લાગે છે. નરસિંહ અખંડલીલા દર્શન થતાં ભાવસ્થિતિમાં મુકાયો તવી ભાવદશા અહીં પ્રત્યક્ષ રીતે જોવા મળે છે.

ધૂળાના પાટ સમયે ભકિતભાવના ભજનો વિશેષ ગવાતા જોવા મળે છે. નારદની કથા, કૃષ્ણલીલા, કારમો કળયુગ અને પાંડવો હિમાલયને પંથે ગયા તેની ભજનકથાઓ કહેવતો સાથે ગવાય છે. આખી રાત આ રીતે અનુષ્ઠાનની વિધિ ચાલે છે. લોકોનો સમુદાય જુદો પડવાનો હોય તે સમયે પૂર્વે વાનરનો વેશ, વણજારાનો વેશ કે જેમાંથી હાસ્ય પ્રગટે તેવા વેશ ભુષાના કાર્યક્રમો થાય. આધ્યાત્મિક વાતાવરણનો ભાવ હળવો થાય અને અંતમાં ભોજન બાદ લોકસમુદાય વિખેરાય છે.

## હૂરાનું સ્થાપન :

આદિવાસી સમાજમાં વેર લેવાની વૃત્તિ ઘણી જ પ્રબળ હોય તેમની આ વેરભાવનાઓ બદલો પેઢીઓ સુધી ચાલે છે. વેરનો બદલો લેવામાં ન આવે ત્યાં સુધી તેનો પરિવાર શાંતિથી જમનો નથી. સૌરાષ્ટ્ર કટિયાવરણ કોમમાં એક કાળે આવી વેરની આગ ભભૂકતી હતી. વેરમાં મારી નાખવામાં આવેલ પુરુષનો પરિવાર જમતી વખતે થાળીમાં ધૂળ મૂકે પછી જમે એટલે કે તારા આ  ખાવામાં જીવતરમાં ધૂળ પડી. તારા પરિવાર સભ્યને મારનારા હજુ જીવે છે. આ બદલો લેવાય ત્યારે જ શાંતિ મળે તેમ વેરની આગ સામસામે ભડકતી રહેતી તેવું જ આ સમાજમાં છે.

આદિવાસી ભીલ સમાજમાં કહેવત છે કે ‘પીલાનું વેર સેંનાઈ એં ને ખાય’. એટલે કે ભીલોનું વેર ઉધઈ પણ નહીં ખાય જ્યારે સામસામેના પરિવારની બે વ્યકિતઓ મરે ત્યારે વેર શમે.

વેર લેવામાં આવે ત્યારે પૂર્વ યોજના પ્રમાણે સામેની વ્યકિતનું માથું કાપી વેર વાળવામાં આવે છે. તે સમયે મૃત પામેલ પૂર્વ સ્વજનને યાદ કરી તેનો ‘હૂરો’ માંડવામાં આવે છે. ‘હૂરો’ (માંડવો) એટલે ઘોડેસવારની પથ્થરતી મૂર્તિ બનાવી તેનું સ્થાપન કરવામાં આવે છે. સૌરાષ્ટ્રના ગાથ, પરિવાર, ગામ માટે શહીદ પટોલાની આ પ્રકારની મૂર્તિ સ્થાપી તેને શૂરાપૂરા દેવ તરીકે પૂજવાનો રિવાજ છે. કેટલાક અવગતિએ મૃત્યુ પામ્યા હોય, સાપથી, આગથી, જળથી કે ખૂન થયું હોય તેને સ્થાપીને પૂજવામાં આવે છે. અહીં આ આદિવાસી સમાજ તો વેરની આગનો બદલો ન તેનું પ્રતીક આ હૂરોનું સ્થાપન છે.

હૂરો માંડતી વખતે હૂરોની મૂર્તિ સમક્ષ વેરીનું કપાયેલું માથું રાખી દારૂ પીઘેલા લોકો

વિજયનો ઉન્માદ જગાડે તેમ નાચે છે. કિકિયારીઓ પાડે છે. ઢોલ પણ એવા જ તાલનો વાગે છે. આ વાતાવરણથી મરેલાના પરિવારજનોમાંથી ઘણાં ધૂણે છે. તેના પંડમાં મરેલાનું પ્રેત આવે છે તેવી માન્યતા આ ભીલી સમાજમાં જોવા મળે છે. તે પછી બકરો કે પાડો ચડાવવામાં–કાપવામાં આવે છે. વેરીના માથાનું લોહી, બલિ ચડાયેલા પશુના લોહીથી મૂર્તિ રંગવામાં આવે છે. આ સમયે જે ભજન ગવાય છે તેમાં લક્ષ્મણ દ્વારા રાવણ મરાયો તે કથા, કૌરવ–પાંડવ યુદ્ધ કથા કે પછી રાઠોર વારતા ગાવામાં આવે છે.

## હમાધ (સમાધિ) :

સાધુ–સમાજમાં મૃત દેહને અગ્નિદાહ નહીં પણ સમાધિ આપવામાં આવે છે. સંત, ભકત, સાધુ કે આધ્યાત્મિક પરમચેતનાનો દેહ જમીનમાં સમાધિ આપી તેના ઉપર સમાધિ મંદિર બાંધવામાં આવે છે. સમાધિનો એક બીજો સર્થ એ પણ છે કે સંત, ભકત કે સાધુ મૃત્યુપૂર્વે તેનો નિશ્ચિત સમય દર્શાવી સંતસમાજ ગતગંગાની હાજરીમાં જીવન સમાધી–દેહમાંથી આત્માની પરમગતિ કરી સ્થૂળ દેહને દાટી તેના ઉપર દેરી બાંધવામાં આવે છે. ‘હમાધ’ શાંતિ, રવિ, સોમના દિવસે પ્રાતઃ કાળે સાધુ પઢતો હોય છે. એટલે કે સમાધિના ગુપ્ત બોલ હોય છે તે બોલનો હોય છે.

હમાધ પઢતી વેળાએ નિયત દિવસે સવારે સાધુ તેની મંડળી સાથે તંબૂરા પર હંસદેવના ભજનો ગાય છે. આ ભજનોમાં જીવાત્માની ગતિ વિશેનું વર્ણન કરવામાં આવ્યું હોય છે. સ્વજનોને રુદન કરાવે તેવા કરુણાભાવ તેમાં હોય છે. હમાધ લઈ ગયેલા પુરુષના પરિવારમાંથી પાંચ પુરુષો ઘોડેસવારની મૂર્તિ લઈને આવે છે. જે પુરુષ મૃત્યુ પામ્યો હોય તેની પત્ની મૃત્યુ પામેલ હોય તો તે સ્ત્રીની મૂર્તિ પણ પધરાવવામાં આવે છે. સાધુ આ મૂર્તિ સામે ઘીનો દીવો કરી, ચૂરમું નૈવેધ તરીકે સમાધીને ધરીને શ્રીફળ વધેરે છે. પ્રસાદનો અગ્નિમાં હોમ કરીને અગરબતી સળગાવી સમાધિ પર બનાવેલ દેરીની ચારે દિશાએ નાળિયેરમાં અગ્નિ મૂકીને તેની પાસે પીપળાના પાન ઉપર ચૂરમું, શ્રીફળની શેષ મૂકવામાં આવે છે.

આમ સાધુ હમાધ પઢે ત્યારે તેના માથા ઉપર કપડાનું સતર ધરીને ચાર માણસો ઉભા કરે છે. સાધુ નાડા છડીનો એક છેડો મૂર્તિ સાથે બાંધી બીજા છેડો સૂતરને દોરે બાંધી દેરીમાંથી બહાર આવી પૂર્વ દિશાએ ઉભા રહી ગાયના દૂધની ધાર ધરતીમાતા ઉપર કરે છે. તે સમયે

'ધરણી ન મનખા અવતારની વારતા' પઢે છે અને સાધુ તેમની વાણી આ મુજબની બોલે છે.

'પાવ નતા, પરબત નતા, ધરણી નતી, (હોકારિયો : નતીઃ) જેણી વેણા અંકાસ નતા, સુરઝ નતા, નવલખ તારા નતા, જેણ દન જળ જળાકાર સત્તા, જળ પરેલું એનું, જળમાં પગવોન કીરાન સત્તા, પગવોન કીરાત પેપાળમાં વસતા'.

આદિવાસી સાધુના આ બોલ ગુજરાતી ભજન રચનાઓની પંકિતઓ સરખાવવા જેવી છે. એ પંકિતઓનો અર્થ અને અન્ય શાસ્ત્રગ્રંથોનો મત આ સૃષ્ટિની ઉત્પત્તિકથા સાથે સામ્ય ધરાવે છે.

'એ જી ગુરૂજી અસંખ્ય જુગમાં તો'તો આધાર પચાસ કોડમાં પાણી રે,
તેદિ નુરિજન હતા નિરાકાર, તે માંથી શકિત દરસાણી રે,
આ ભજનની પંકિત રૂખી રામદાસની છે. જેના અનુસંધાને
પંડયને વરમંડમાં જ્યારે પાણી નો'તી ત્યારે
નભ મેં બુંદ નવ ઝરતા રે જી, બ્રહ્મમાવિષ્ણુ મહેશ્વર' નોતા
ત્યારે આપોઆપ અકરતા રે જી, સાચો મહાધમઘ છે હો,

– સંત મૂળદાસ

## કોબરિયા ઠાકોરની કોળી :

ડુંગરી ભીલોમાં ચોખ્ખા દેવ તરીકે ધૂળાનો પાઠ મંડાય છે. તેમ મેલાં દેવ માટે, મેલાં દેવોની ધાર્મિક અનુષ્ઠાન વિધિ માટે 'કોબરિયા ઠાકોરની કોળી' ની વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં ભીલો કોબરિયા ઠાકોરની પિતળની મૂર્તિઓ લાવીને તેને કોળી કરે છે. તેમાં માન્યતા એવી છે કે ચોરીનો માલ પાછો લાવવો હોય તો કોળી કરવામાં આવે છે. જે લોકો ચોરી કરે છે કે હરામનું લૂંટીને જીવે છે. તેને કોબરિયો ઠાકોર વળગે છે. તેમના પશુઓ, સગાં સંબંધીઓને ભારે નુકશાન કરે છે. ભોયો ધૂણીને ઘરમાં મહામાસમાં કોબરિયા ઠાકોરની કોળી સ્થાપે છે. મોડી રાત્રે કોબરિયા ઠાકોરની મૂર્તિઓ પધરાવવામાં આવે છે.

કોબરિયા ઠાકોરની કોળી સ્થાપવા માટે પ્રથમ ઠાકોરની ગાદી બનાવી મંડળની રચના કરવામાં આવે છે. કુંવારી માટી, કુંવારી ગાયનું છાણ લીંપવામાં આવે છે. તેના ઉપર કિનખાબનું લાલ કપડું પાથરી તેના ઉપર સામાના દાણાથી બીજના અનુષ્ઠાન જેવું મંડળ

રચવામાં આવે છે. તે સમયે શંખઘોષ સાથે ભોયો (ભૂયો) ધૂણે છે. સાંગો સારંગી, વાંસળી, મંજીરાના તાલે ભોયો નૃત્ય કરે છે. તે સમયે ભજનવારતા ગવાય છે. તેમાં કોબરિયા ઠાકોરની ઉત્પત્તિ કથાનો મહિમાં ગાવામાં આવે છે.

કોબરિયા ઠાકોરને ચોખાનો ખીચડો બનાવી તેનું નૈવેધ ધરાવે છે. તે પછી બલિની ભજનવારતા ગાવામાં આવે છે. આ સમયે ઉપસ્થિત જનસમુદાય હાકલા–પડકારા સાથે તીવ્ર ગતિથી નૃત્ય કરે છે. વાતાવરણ બરાબરનું જામે ત્યારે પાડાને સિંદૂરનો ચાંદલો કરી પાટ સામે લાવવામાં આવે છે. આ પાડાનો બલિ કોબરિયા ઠાકોરને ધરાવે છે.

## પાંડવોનો સેનોતરો યજ્ઞ (શંખાદ્ધાર) શંખઢોળનો પાટ :

પાંડુરાજા મૃત્યુ પામી નરકલોકમાં જાય છે ત્યાંથી તેને કૂતરાનો અવતાર મળે છે. પાંડવોએ સાત યજ્ઞો કર્યા છતાં પાંડુને મુકિત મળી નહીં કારણ એ હતું કે દ્રૌપદીનો ગુરૂ હરગુરો અને કુંતાનો ગુરૂ ગતએવાસી–મેઘવાળ સમાજના હતાં. અહંકારી પાંડવો તેને પાંડુની મરણોતર ક્રિયામાં દૂર રાખે છે ને ભીમ તેને ઉંચેથી પાણી રેડી પીવડાવે છે. આ આભડછેડથી હરગુરો ચાલ્યો ગયો ને યજ્ઞ અપૂર્ણ રહ્યો, રાજાપાંડુ કુતરો થયો. તેમાંથી મુકિત માટે આજે પણ શંખાઢોળનો પાટ ભરે છે. જેનાં અલગ વિધિ વિધાન છે તેને યજ્ઞ જ કહી શકાય.

સેનોનરો યજ્ઞ માટે જરૂરી સામગ્રીમાં અર્જુન પાતાળ લોકમાંથી નાગલોકમાંથી કુંવારું સોનું લાવે છે. ભીમ નારીનો વેચેલો નર કામરુદેશમાંથી નાથી વેશ્યા પાસેથી લાવે છે. નકુળ જળજોગણી પાસેથી કુંવારું જળ લાવે છે. આ કથા મૂળ મહાભારતમાં પક્ષના પ્રશ્નોને યુધિષ્ઠરના ઉત્તરો સાથે સરખાવી શકાય તેવી છે. દ્રૌપદી ગુરૂ બાળા હરગુરાને લેવા ભીમને બળદની જગ્યાએ જોડીને (કરેલી ભૂલની માફી માટે પ્રાયશ્ચિત કરાવે છે.) ગાડામાં બેસાડી લાવે છે. ભીમ ઝળા ઝેંદરાનું મસ્તક લાવે છે. સહદેવ લંકામાંથી ગાંઠ વિનાનું દાતણ (શીયા નામનું ઘાસ, જે નદી કિનારે થાય છે.) લાવે છે. કુન્તાના ગુરૂ ગધરો વાસીને યજ્ઞમાં હોંકારો ભણવા બોલાવે છે ને તે પછી સેનેતરો યજ્ઞ કરવામાં આવે છે ને રાજા પાંડુને મુકિત મળે છે.

સાધુ સમાજમાં સંત, ભકતની સમાધિ પછી આ શંખાઢોળનો પાટ મંડાય છે. તેમાં જ્યોતપાટ ઉપાસનાની વિધિ છે. થોડી ક્રિયા અલગ છે. મંત્રો જુદા છે. સૂતરની સીડી બનાવી જીવની મુકિતનો માર્ગ દર્શાવે છે. આ શંખાઢોળ તે આજનો સેનોતરો એ યજ્ઞ કહી શકાય.

સાંપ્રત ભારતનો ઈતિહાસ મહાજળપ્રલયના અંત પછી આરંભાય છે. જળપ્રલયની કથાઓ ભારતીય લિખિત સાહિત્ય અને મૌખિક વાચિક સાહિત્યરૂપે ગ્રામ અને આદિવાસી સમાજમાંથી પ્રાપ્ત થાય છે. અહીં સંપાદિત ભારતની એક પૂર્વકાલીન જાતિ–ભીલ આદિવાસીઓની છ વારતાઓમાંથી ત્રણ વારતાનો આરંભ જળપ્રલયથી થાય છે. આ ઉપરાંત ધૂળાનો પાટ અને કોબરિયા ઠાકોરનો પાટ માંડની વેળાએ સમાધિ પઢતી વખતે, બીમારી દૂર કરવા નરો કે ભૂત–પ્રેતનો વળગાડ દૂર કરવા માંલ્લું ઘાલતી વેળાએ સાધુ કે ભોયા જળપ્રલય અને સૃષ્ટિની ઉત્પત્તિકથા (ધરણને મનખા અવતાર) કહે છે. દિવાળીના પર્વ પ્રસંગે, અરેલા ગાયક, 'નવલાખ દેવીઓના અરેલા' ના આરંભે જળપ્રલય અને પૃથ્વીની ઉત્પત્તિકથા ગાય છે. આમ ભીલ આદિવાસીઓની ધાર્મિક જીવનરીતિમાં જળપ્રલય અને આસ્થા સાથે જોડાયેલ હોવાથી અનેક વિધિ–વિધાનોને ક્રિયાશીલ કરે છે અને તેમના સમાજ જીવનને ઉર્જા આપે છે.

## *સભ્યતાનો પ્રસાર પૂર્વથી પશ્ચિમ :*

સભ્યતા–સંસ્કૃતિનો વિકાસ અને પ્રસાર પૂર્વથી પશ્ચિમ તરફ થયો છે કે પશ્ચિમથી પૂર્વ તરફ થયો છે તેના વિશે વિદ્વાનોમાં મતાંતરો પ્રવર્તે છે. ઋગ્વેદમાં કાપટ ઘસીને અગ્નિ પેદા કરવો (જે પદ્ધતિ ઉંડાણમાં વસતા ભીલોમાં આજે પણ પ્રચલિત છે.) પથ્થરનાં ઓથરો અને માટીના વાસણોની રચનાથી આરંભી ઉદ્યોગોનો વિકાસ તથા પુર અને ગ્રામ વચ્ચે ભિન્નતા પેદા થતી સુધી, વિકાસના અનેક સોપાનો જોઈ શકાય છે. સભ્યતાના વિકાસના આ સોપાનો ભીલોના વાંચીક સાહિત્યના અધ્યયનથી આજે પણ સપાટ થાય છે. કેટલાક વિદ્વાનોએ નિરાધાર કલ્પના કરી છે કે હડપ્પાની સર્વાંગ વિકસિત સભ્યતાનું નિર્માણ બહારથી આવેલા લોકોએ કર્યુ છે. આ મતના અનુસંધાને સુમેરની સભ્યતાનું ઉદાહરણ આપે છે. સુમેરી સભ્યતાના વિકસિત હતી અને સુમેરીઓએ આવીને પોતાની વિકસિત સભ્યતાને અહીં આવીને પુનઃ સ્થાપિત કરી. વિદ્વાનોએ કલ્પના કરી છે કે જળપ્રલયની કથાનો સ્ત્રોત સામી ક્ષેત્ર છે. આરંભે આ ક્ષેત્રમાં જળપ્રલય થયો હતો અને ત્યારપછી સભ્યતાનો વિકાસ અહીં થયો હતો. આ પછી સામીક્ષેત્રમાંથી સભ્યતા પૂર્વે તરફ પ્રસરી હતી. આ મનનું ખંડન કરતા મેકડેનલે કહ્યું છે કે શતપથ બ્રાહ્મણમાં આ જળપ્રલયની કથા વિસ્તારથી આપવામાં આવી છે. આ પછી એમણે અથર્વવેદ (૧૯.૩૯.૮) નો ઉલ્લેખ કરતા કહ્યું છે કે આ કથા નિષાદ–ભીલ જેવી

આર્યેતર સભ્યતામાંથી વેદોમાં પ્રવેશી છે તેનું પ્રમાણ ભીલોનું વાચિક સાહિત્ય પુરૂ પાડે છે. ઋતુચક્ર પ્રમાણે આવતા ભીલોના ધાર્મિક–સામાજિક પર્વ–પ્રસંગે સંગીતના વિવિધ રાગ–ઢાળ સાથે ગવાતી અને કહેવાતી જળપ્રલય (જળુકાર–જળાબુબ) અને સૃષ્ટિની ઉત્પતિકથા (ધરણ ન મનખા અવનાર) નાં દસ પાઠાંતરો તો સહેજે પ્રાપ્ત થાય છે. સ્વામી શંકરાનંદે પોતાના પુસ્તક હિંદુ સ્ટ્રેટસ ઓફ સુમેરિયામાં નોધ્યું છે કે “બેબિલોનિયામાં થયેલાં તાજેતરના ઉત્ખનનોમાં ભારતીય તકતીઓ–મુદ્રાઓ–સિક્કા (seals) અને ઈતર સામગ્રીઓ ઢગલાબંધ નીકળી છે. (સમય ઈ.પૂ. ૨૮૦૦) પરંતુ મોહેંજો દડો આદિના ઉત્ખનનોમાં સુમેરની બહુ ઓછી તકતીઓ હાથ લાગી છે. આ બતાવે છે કે ભારતીય વૈદિક સાહસ વીરો દરિયા ખેડીને બેબિલોન પહોંચેલા, સુમેરવાસીઓ ભારત આવ્યા હોવાનાં ચિહ્નો નહિવત છે. આમ આ પુરાતાત્વિક ઉત્ખનનો પણ સબળ સમર્થન આપે છે. સભ્યતાનો વિકાસ અને પ્રસાર પૂર્વેથી પશ્ચિમ તરફ થયો છે.

## *ઋગ્વેદમાં સૃષ્ટિ પૂર્વેની સ્થિતિ :*

ભારતીય વાઙ્મયના પૂર્વકાલીન ગ્રંથ ઋગ્વેદ (આલેખિત સામાજિક જીવન ઈ.પૂ. ૩૦૦૦ થી ઈ.પૂ. ૩૦૦૦ ગ્રંથ સંયોજન, આરંભથી અંતિમ રચના પૂ. ૨૦૦૦ થી સૂકત (૧૦.૧૨૯) માં સૃષ્ટિ અને પરમ સત્તાના વિષયમાં કહેવાયું છે કે સૃષ્ટિના આરંભે ન અસત્ હતું કે ન સત્, ન દિવસ હતો કે ન રાત (ભીલ સાધુ પણ કહે છે, પાવન ન તા, પરબત ન તા. સૌંદ ન’ તા સુદુજ ન’ તા) સૌ પ્રથમ કામ પેદા થયો. સૃષ્ટિ પર એ વખતે શ્વાસ વગર પોતાની શકિતથી જીવનારું એક જ તત્વ હતું. (ભીલ સાધુ કહે છે, પગર્વાન કિરાત અવતાર સતાજેંણ દન જળજળાકાર અના. જળ પરેલું સતું. કોર અનાર અના. પગવાંને જળ બારા આવણાનો મનમાં વીસાર કરો. મનસાદેવી થઈ પેદાસ.)
(અરવલ્લી પહાડની આસ્થા ભગવાનદાસ પટેલ પૃ.૮૯)

ઋગ્વેદમાં આગળ કહેવાયું છે કે, જ્યારે કંઈ નહોતું ત્યારે જળ હતું. અંધકાર હતો અને ગહન અંધકારમાં બધું જળ ઢંકાયેલું હતું સલિતનુ વિશેષણ છે अप्रकेत (૧૦.૧૨૯.૩) આશય એ છે કે જળ એવો યથાર્થ હતો જેમાં કોઈ પણ વસ્તુ બીજીથી અલગ નહોતી જોઈ શકાતી.

## બૃહદારણ્યકમાં સૃષ્ટિ પૂર્વેની સ્થિતિ :

ઋગ્વેદમાં જેવી રીતે કહેવામાં આવ્યું છે કે ચારેબાજુ અંધકારથી ઢંકાયેલું જળ ઉત્પન્ન થવું (૧.૨.૧) જેવી રીતે ઋગ્વેદમાં तपसस्तन्मोहना अजायत एकम, તપના મહિમાંથી ને એક ઉત્પન્ન થયો (૧૦.૧૨૯.૪) તેવી રીતે આ ઉપનિષદમાં सः अकायमत द्वितीयो मे आत्मा जायेत, તેણે કામના કરી કે બીજું મારું શરીર થઈ જાય.

## મત્સ્યપુરાણમાં સૃષ્ટિ એના આરંભે :

આ કથા વેદો, ઉપનિષદો, બ્રાહ્મણ ગ્રંથોથી આગળ વધી પુરાણો, સ્મૃતિઓ અને મહાકાવ્યો સુધી પ્રસરી છે. મત્સ્યપુરાણમાં સૃષ્ટિના આરંભની કથા આ પ્રમાણેની છે. મહાપ્રલય પછી સર્વત્ર અંધકાર વ્યાપી ગયો. ત્યારે સ્વયંભૂ ભગવાન નારાયણરૂપે પ્રગટ થયા. પોતાના શરીરથી વિશ્વની રચના કરવાની ઈચ્છાથી તેમણે પહેલાં જળ ઉત્પન્ન કર્યું અને તેમાં ફરીને બીજની સૃષ્ટિ કરી. તેમાંથી સહસ્ત્રો સૂર્યોની માફક દીપ્તિમાન સવર્ણ રજતના રંગનું એક ઈંડું ઉત્પન્ન થયું. જેમાં સ્વયંભૂ નારાયણ સ્વયં પ્રવિષ્ટ થઈને વિષ્ણુપદને પ્રાપ્ત થયા.

## મનુસ્મૃતિમાં સૃષ્ટિ એના આરંભે :

મનુસ્મૃતિના પ્રથમ અધ્યાય ‘સૃષ્ટિ ઉત્પત્તિ’ માં કહેવાયું છે.

आसीद्विद्वं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमविज्ञेय प्रसुप्तमिव सर्वत : ।।

આ આખું જગત સૃષ્ટિની પૂર્વે પ્રલયમાં અંધકારથી આવૃત્ત–આચ્છાદિત હતું ......તે સમય જગત કોઈના જાણવા યોગ્ય ન હતું. નર્કમાં આવવા લાયક ન હતું.

## પ્રલય સંબંધે મહાભારત :

પ્રલય સંબંધે મહાભારતકાર કહે છે. भन्वन्तरेषु सर्वेषु विषमा जायते मही ।

પ્રત્યેક મન્વન્તરની સમાપ્તિ પછી પ્રલય દ્વારા પૃથ્વી પૃથ્વીનું પટલ બદલાઈ જાય છે.

## સંત સાહિત્યમાં સૃષ્ટિ ઉત્પત્તિની આરાધ અને મંત્રો :

સૌરાષ્ટ્રના ગ્રામ પ્રદેશોમાં બીજમાર્ગી ગુપ્ત પાટ ઉપાસના સમયે મહામાર્ગી સાધુ દ્વારા જે ભજનો અને બીજમંત્રો બોલવામાં આવે છે. તેમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક વર્ણન કરવામાં આવે છે. મેઘવાળ સમાજ અને અન્ય લોકસમાજમાં પ્રચલિત એક આ પ્રમાણે છે.

નહિ રે મેરૂને નહિ મેદની

નો' ના તે દિ ધરણી આંકાશ રે, હાં.....

ચાંદો ને સૂરજ જે દિ દોઈ નો' તા ,

ધણી મારો તે દિ આપોઆપ રે હાં......જેસલપીર

બીજમાર્ગી જ્યોત સ્થાપન સમયે જે મંત્રો બોલવામાં આવે છે. તેમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિ અને બ્રહ્માંડનું સર્જન કઈ રીતે થયું તેનું વર્ણન આ પ્રમાણે છે.

ગુરૂજી સતવચન સહુકારા, આદ્ય પુરુષે મનસા બનાઈ, મનસા આભ ગરભ લઈ આઈ, આભ ગરભકા બન્યા હે ઈંડ, ઈંડ કા બન્યા દો ભાગ. પહેલી બની પૃથવી પછી બન્યા આભ. અંગથી ઉતર્યો નગા એને શિરે પ્રથમીનો ભાર, ત્યાં પંખ પસારી રિયા, નિયાં જળબંબા, જળબંબા પર પત્ર, પત્ર પર જળ, જળ પર સેવાળ, સેવાળ પર કોરમ, કોરમ કી પીઠ પર કોટ બ્રહ્માંડ કા પાયા રચાયા.

## બૈગા આદિવાસીઓમાં પ્રચલિત સૃષ્ટિ રચનાની પુરાકથા :

મહાભારતના બૈગા આદિવાસીઓમાં સૃષ્ટિ રચના વિશેની પુરાકથા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

પ્રારંભે તો માત્ર જળ, જળ અને જળ જ હતું. એ સિવાય કશું જ ન હતું. તે જળમાં આમ તેમ તરતી રહેલી કમળની પાંદડી પર ઈશ્વરે પોતાનું આસન જમાવ્યું હતું. ઈશ્વર ત્યારે એકલો અટૂલો હતો.......ઈશ્વરે એક દિવસે પોતાના હાથ ઘસ્યા. તેના મેલમાંથી પોતાની પુત્રી રૂપે તેણે એક કાગડીનું સર્જન કર્યું........ઈશ્વરે કાગડીને કહ્યું "જા મારા માટે કયાંક માટીની શોધ કર. હું અહીં એકલો અટૂલો છું અને મારે એક વિશ્વનું નિર્માણ કરવું છે."

## ભીલ આદિવાસીઓમાં પ્રચલિત સૃષ્ટિ રચવાની પુરાકથાઓ :

પૂર્વકાલીન લિખિત સંસ્કૃતિ વાઙ્મય અને ગ્રામ પ્રદેશોના વાંચિક સાહિત્યમાં પ્રવેશેલી આ કથાનો આદિ સ્ત્રોત નિષાદ–ભીલ–બૈગા જેવી આર્યેતર જાતિઓની જીવન રીતિ–જીવનદર્શનમાં છે. આ કથા તેમના માટે વાર્તારસ પોષવાનું માધ્યમ નથી પણ ધર્મ સાથે જોડાયેલી પુરાકથા છે. પૂરા પ્રદેશના 'લોક' ને તેના પર અતૂટ આસ્થા છે. તેમના વર્તમાન જીવતરનો મુળાધાર છે. તેમનું જીવન રસાયણ છે. આથી જ વર્ષના ઋતુચક્ર પ્રમાણે આવતા

પર્વ–પ્રસંગોએ એમની શ્રદ્ધાના પ્રાણ સમી આ પુરાકથા તેમના લોહીના લયમાં ભળે છે અને સંગીતના વિવિધ રાગ–ઢાળ સાથે નૃત્યનાં અનેક રૂપે ધરે છે.

આ પુરાકથા સમય, ઘટના અને પ્રસંગો પ્રમાણે ભીલ આદિવાસીઓમાં બે રીતે પ્રચલિત છે. પ્રથમ જળુકાર (મહાજળપ્રલય) સમયે સૃષ્ટિના આરંભે દેવ–દેવીઓની ઉત્પત્તિની ઘટનાઓ અને ત્યાર પછી બીજા જળુકાર વખતે જળમાંથી બચી ગયેલો કરમીરો અને તેની બહેનના પ્રસંગો– ઘટનાઓ 'દૈવિયાવાળો' કે 'સતઝુગવાળો' ના નામે ઓળખાય છે. આ પછી કરમીરો અને તેની બહેન લગ્નગ્રંથિથી જોડાઈને નવજીવનનો આરંભ કરે છે. ત્યાંથી આજ સુધીનો સમય 'મનખીવાળો' કે 'કળઝુગવાળો' તરીકે પ્રચલિત છે.

ભીલોમાં પ્રચલિત બીમારી દૂર કરવાના 'ઝારા' ના મંત્રના કેટલાક અંશનું ભાષાંતર આ પ્રમાણે જોવા મળે છે.

ધરતી ન હતી. આકાશ ન હતું. ચાંદ ન હતો. સુરજ ન હતો, નવલખ ન તારા ન હતા. જે વખતે જળ જળાકાર (જળપ્રલય) હતો. બધે જ જળ ભરેલું હતું . જળમાં ભગવાન કીડાના અવતારે રહેતા હતા. ભગવાનને જળની બહાર આવવાની ઈચ્છા થઈ.....એટલે મનસાદેવી માછલીના વેશે પ્રગટ થઈ. નાભિમાંથી એક સેર છૂટી જે જળ પર આવી ને જળ ઉપર કમળની કળી રૂપે જન્મી. કમળની કળીમાંથી પૂર્ણ કમળ વિકસ્યું. આ કમળની દાંડી (નલિની) એ ભગવાન ચડયા અને કમળફૂલમાં વસવા લાગ્યા.....બધે જ જળ હતું. ભગવાન વિચાર કરે છે. “ગમે તોયે હું એકલો” આ વખતે ભગવાને મનમાં વિચાર કર્યો. “ધરતીમાતા રચાયેલી છે. પણ ધરતીના બીજ સાત પાતાળ ઉંડા વાસુકિ નાગના મુખમાં છે.”

તેનું બીજું પાઠાંતર આ પ્રમાણે છે.

ફકત જળ જ ભરેલું હતું. ઘોર અંધારું હતું. આ વખતે જળમાં એક મોજુ આવ્યું. જે પાણી પવન સાથે સ્વર્ગમાં ગયું અને નવમાસ સ્વર્ગમાં રહ્યું. આ પાણીનું સોનાનું એક ઈંડુ જનમ્યુ. આ ઈંડું ફરીને જળમાં આવ્યું. ઈંડું જળમાં ચાલવાની, બેસવાની કે પોઢવાની જગા ન હતી. તેથી પોઢવા લાગ્યા......ભગવાનના મુખમાંથી અમીની શેર છૂટીને પાતાળમાં ગઈ અને ઉમિયા દેવી પેદા થઈ.....આ સમયે ભગવાન બોલ્યા, “તું વાસુકિ નાગના મુખમાંથી ધરતીનાં બીજ લઈ આવ, આપણે ધરતી રચાવીએ.”

## જળમાંથી આવિર્ભૂત ઋગ્વેદ અને ભીલોના દેવી–દેવતા :

ભીલ આદિવાસીઓની પુરાકથાઓની વિશેષતા એ છે 'જળાબુબ' જળપ્રલયની કલ્પના પણ એક પાત્ર તરીકે કરી છે. બધા જ પદાર્થો જળમાંથી ઉત્પન્ન થયા છે. સ્વયં ભગવાન (પરમ તત્વ) પણ જળમાં કીડારૂપે (કીડાના અવતારે) વસતા હતા. અહીં અંકિત ભીલોની પુરાકથાના પાઠાંતરમાં તેમને જળુકાર ભગવાન કહેવામાં આવે છે. ભીલોની બીજી એક પુરાકથામાં ભગવાનને ઈંડારૂપી પરમેશ્વર કહ્યા છે. આ જળનું ઈંડું જ સૃષ્ટિની રચનાનું માધ્યમ બન્યું છે.

અંબાવ–ઉમિયા–ચામુંડા સહિત નવલખ દેવીઓ પણ જળમાં જ વસતી હતી. દેવરાની વારતામાં ઉલ્લેખિત અંબાવ શબ્દનો સંબંધ પણ અંબ–પાણી–જળ સાથે છે અને તે સંસ્કૃત શબ્દ અંતુ (જળ–પાણી) માંથી ઉદ્‌ભવ્યો છે. સંસ્કૃત શબ્દ अण नो બીજો અર્થ અંબા : માઃ દેવી પણ થાય છે અને આ અંબા કાળા–ગોરા ભેરવ, ગુણકો (ગણપતિ) વગેરે પુરુષ દેવતાઓનું સર્જન જળમાંથી કરે છે. દેવરાની વારતામાં ઉલ્લેખિત નવલાખ દેવીઓની કલ્પના જળમાતાઓ તરીકેની જ છે. ભીલોની પુરાકથાઓમાં જળ અને જળદેવીઓ જ આરંભમાં પરમ તત્વો છે અને તેમણે જ પુરુષ– પિતા વિના પુરુષ–દેવતાઓનું સર્જન જળમાંથી કર્યું છે.

> એ તો ઝબુકાર, ઓ તો ઝબુકાર,
> પેટાળ ખડમાં માઝી રાજ કરતાં હે....ઝી....
> બાર બાર વરસ ઓઈયા, બાર બાર વરસ સોઈયાં,
> સોમડા ઝળ ઉપર તો આસણ નોખિયાં હેં........ઝી....

તેં......ઝબુકાર ઉપર આસણ નોખાં....આસણ નાખી સોમડા દુવી.....ઝળ ઉપેંર આવું........એંણ ગરવવાસો રો....... બાર બાર વરસ હુવી પેપાળ ખડમાં.......કાવ કોલ, પૂરી થઈ.....એંણી વેળ બે દીકરાંનો ઝલમ તરો........ઝગદે ન ઝળિયો ભેરવ.......

ઝળુકાર (જળપ્રલય) સમયે ચામુંડાદેવી પાતાળખંડમાં રાજ કરતી હતી. જળ ઉપર આસન નાખીને દેવી બાર વર્ષ સુધી સુતી હતી. તેરમાં વર્ષે જળ ચામુંડાના દેહ ઉપર આવ્યું. જળ દેવીના દેહમાં પ્રવેશ્યું. જેવી દેવીને ગર્ભ રહ્યો ફરીને ચામુંડા બાર વર્ષ સુધી જળ પર રહી, સમય પૂરો થયો અને બે પુત્રોએ જન્મ ધારણ કર્યો જગદેવ અને જળિયો ભેરવ.

દેવરાની વારતા, કોબરિયા ઠાકોરની વારતા, ઝગદે પરમારની વારતા, ધરણ ન મનખાવતારની વારતા જેવી ભીલોની વાચિક પરંપરાની પુરાકથાઓના અધ્યયનથી સમય છે આ કથાઓ કેટલાંક પરિવર્તનો–રૂપાંતરો–પાઠાંતરો સાથે વેદોમાં ભળી છે અને અદિતિ અને આદિત્યોની કથાઓ તરીકે લિખિત રૂપે સ્થાન પામી છે.

વેદમાં પણ જળને માતા કહીને પવિત્ર માનવામાં આવી છે. विश्वस्य स्थातो जगतो जनन्ति, સંસારમાં જે સ્થાવર અને જંગમ છે, તેમને પેદા કરવાવાળી આ માતાઓ છે. ઋગ્વેદમાં દાર્શનિક કલ્પના કરવામાં આવી છે કે જળ એક તત્વ હતું. જેનાથી બધા પદાર્થ ઉત્પન્ન થયા. અગ્નિ જળનું વિરોધી તત્વ છે. પરંતુ તેનો જન્મ પણ જળથી થયો. तमायो अग्निं जनयन्त मातरः, તેને જળમાતાઓએ ઉત્પન્ન કર્યો (૧૦.૯૧.૬) જેવી રીતે દેવરાની વારતામાં અંબાદેવીએ કાળા–ગોરા ભરવને જળમાંથી ઉત્પન્ન કર્યો.

## માતૃસત્તાક સમાજ : ઋગ્વેદ અને ભીલ પુરાકથાઓમાં :

ઋગ્વેદમાં आपः मातरः જળમાતાઓનો ઉલ્લેખ વારંવાર થયો છે. આપ હંમેશાં બહુવચનમાં પ્રયુકત થાય છે. આ માતાઓ એક જ કુટુંબમાં રહે છે. જેવી રીતે मरुत પોતાના ગણ (સમૂહ) માં બધા સરખા છે, તેવી રીતે આ માતાઓ પોતામાં સમાન છે. આ બાબત તે સમયના માતૃસત્તાક વ્યવસ્થાના અવશેષો પૂરા પાડે છે. જેમાં કુટુંબનું નેતૃત્વ કોઈ એક માતાના હાથમાં નથી અનેક માતાઓ મળીને સાથે રહે છે જેમ કે અહીં સંપાદિત દેવરાની વારતામાં નવલાખ દેવીઓ સાથે રહે છે. માર્શલે દેવી તરીકે પૃથ્વીનો ઉલ્લેખ કર્યો, તેને આકાશની પત્ની માનવામાં આવી છે તે આદિ માતાથી ભિન્ન છે, તે મત પણ માર્શલે વ્યકત કર્યો છે. પુરુષ રૂપે આકાશની કલ્પના પણ બાદની છે. માતૃસત્તાક વ્યવસ્થાના પૂર્વકાલીન રૂપમાં આકાશ અને પૃથ્વી બંને બહેનો છે. વિદ્વાનોનું માનવું છે કે આગળ જતાં અનેક માતાવાળું આ વિશાળ કુટુંબ વિઘટિત થયું ત્યારે એક માતાવાળા કુંટુંબનો જન્મ થયો. આ સમયે અદિતિ જેવી દેવીની કલ્પના કરવામાં આવી.

દેવરાની વારતામાં અંબાવ અદિતિના સ્થાને છે. અદિતિ બધાંની માતા છે. દેવ જળમાંથી ઉત્પન્ન થયા. પૃથ્વી અને અદિતિથી ઉત્પન્ન થયા. પૃથ્વી માતા છે. જળ માતા છે, અદિતિ પણ માતા છે. એટલા માટે દેવ તેમનાં સંતાન છે. ઋગ્વેદની આ દાર્શનિક કલ્પનાનું

મૂળ આર્યેતર જાતિઓના જીવનદર્શનમાં છે. અહીં સંપાદિત ઝગદે પરમારની વારતા અને દેવરાની વારતાનો સંબંધ છે અને અંબાદેવી જળમાંથી કાળા–ગોરા ભેરવ, ભેરવ ઘોડો, ગુણકો વગેરે દેવીઓ ઉત્પન્ન કરે છે.

દેવવાચક આદિત્યમાં મહત્વ અદિતિનું માતાનું છે, પિતાનું નથી, ધાર્મિક અનુષ્ઠાન સાથે ગાવામાં આવતી ભીલોની બંને પુરાકથાઓમાં માતા ચામુંડા અને માતા અંબાવનું જ મહત્વ છે, અહીં પિતા છે જ નહીં ઋગ્વેદમાં અદિતિનો અર્થ છે અસીમ, पीयुषं धोरपितिरदपहां (૧૦.૬૩.૩) અહીં અંબાવદેવ પણ અસીમ છે અને અસીમ જળમાંથી દેવોને ઉત્પન્ન કરે છે.

ઋગ્વેદમાં આર્યે અને આર્યેતર જાતિ–પ્રજાતિઓના સામાજિક વિકાસનાં અનેક સોપાનો તથા તેમની સંસ્કૃતિઓ સુરક્ષિત છે. ઋગ્વેદના રચનાકાર પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં જીવન વિતાવી રહ્યા હતા. પરંતુ પરંપરાથી ચાલી આવી રહેલી સ્મૃતિઓમાં પૂર્વકાલીન માતૃસત્તાક સમાજ વ્યવસ્થાની વિશેષતાઓ સચવાયેલી હતી. જે પાસે વસી રહેલી જાતિઓમાં સમાજગત લક્ષણો હોવાની પણ શકયતા છે. आप मातरः ऋग्वेदमां માતાઓની બહુલતા છે. તેવી જ રીતે ભીલોના દેવરાની વારતામાં નવલખ દેવીઓની કલ્પના છે. અદિતિમાં એક આદિમાતાની ધારણા છે. તેમ ભીલોમાં અંબાદેવીનું પ્રમુખસ્થાન છે. જેવી રીતે અદિતિનું માતૃત્વ તેના ચરિત્રની વિશેષતા છે. તેવી રીતે પ્રકૃતિની દેવી છે. તેવી રીતે અંબાવ જળની દેવી છે, અદિતિ આદિત્યોની માતા છે તો અંબાવ દેવોની માતા છે. અદિતિથી વધારે ભવ્ય અને વિશદ આદિમાતાની કલ્પના અન્યત્ર નથી. જે ભીલોની અંબાવ દેવી સાથે સર્વથા આદશ્યતા ધરાવે છે. હડપ્પામાંથી જે નાની નાની સ્ત્રી–મૂર્તિઓને પ્રાગ્વૈદિક અને આર્યેતર જાતિઓની હોવાનું અનુમાન કર્યું છે. ભીલોની પુરાકથાઓના અધ્યયન–અભ્યાસથી તેના આ અનુમાનને પ્રબળ અનુમોદન મળે છે.

## ભીલોનું માતૃસત્તાક મહામાર્ગી જીવનદર્શન :

ઋગ્વેદકાલીન આર્યોમાં માતૃસત્તાક સમાજવ્યવસ્થાના અંશ :

માનવ સમાજનો વિકાસ માતૃસત્તાક પરિવારમાંથી થયો હોવાના પ્રમાણ લિખિત ભારતીય સાહિત્ય પુરા વસ્તુની ભૌતિક સામગ્રી, આદિવાસીઓની વર્તમાન જીવનરીતિ અને તેમના સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદન આર્યો માતૃસત્તાક પરિવાર વ્યવસ્થાથી મુકત થયા હતા. પરંતુ તત્કાલીન જીવનરીતિની સ્મૃતિ તેમના લિખિત સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. આર્યોની પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાની જીવનરીતિમાં ઈન્દ્રનો પ્રભાવ વધી ગયો હતો. તેમ છતાં 'દેવમંડળમાં' માતા અદિતિનું પ્રમુખ સ્થાન હતું. ઈલાથી 'ઐલ' વંશોના પ્રચલનથી જાણી શકાય છે. પ્રાક–વૈદિકયુગમાં એક એવી પ્રથા હતી કે વંશ માતાના નામથી ચાલતો હતો. જેનો પ્રભાવ ઋગ્વેદ કાળથી આગળ વધીને મહાકાવ્યોના કાળ સુધી પ્રચર્યો હતો. આથી રામાયણમાં રામ માતા કૌશલ્યાના નામથી કૌશલાનંદન, લક્ષ્મણ માતા સુમિત્રાના નામથી સુમિત્રાનંદન અને મહાભારતમાં દેવવ્રત (ભીષ્મ પિતામહ) માતા ગંગાના નામથી 'ગાંગેય' અને માતા કુંતીના નામથી અર્જુન 'કૌંતેય' નામથી ઓળખવામાં આવતા હતા. આ પ્રથા રાજવંશોમાંથી આરંભીને સૂત–દાસ જાતિ સુધી પ્રસરેલી હતી. આથી કર્ણ પાલક માતા રાધાના નામ 'રાધેય' થી ઓળખાતો હતો. ઋગ્વેદ કાલીન સમાજમાં આ માતૃવંશીય પ્રથા ભીલ અથવા નિષાદ જેવી આર્યેતર જાતિઓમાંથી પ્રવેશી હતી. જે પ્રાકવૈદિકયુગમાં પ્રચલિત માતૃસત્તાક સમાજવ્યવસ્થાની જીવન રીતિનો આધાર આપે છે.

## *સિંધુ સભ્યતામાં માતૃસત્તાક સમાજના આધાર :*

સિંધુ હડપ્પા અને લોથલ (જેની સાથે નિષાદોનો પણ સંબંધ હતો) માંથી પ્રાપ્ત માતૃદેવીઓની મૂર્તિ–બહુલતા પણ પાંચ હજાર વર્ષ (૩૨૫૦–૨૭૫૦ ઈ.સ.પૂ.) પૂર્વેના માતૃસત્તાક પરિવાર–સમાજનું પ્રમાણ આપે છે.

## *ભીલોની વર્તમાન જીવનરીતિમાં માતૃસત્તાક પરિવારના અંશ :*

આદિયુગમાં માનવ સમાજનો વિકાસ માતૃસત્તાક પરિવારમાંથી થયો હોવાના આધાર લિખિત સાહિત્ય વેદો અને સિંધુ સભ્યતાના પુરાવશેષો આદિવાસીઓની જીવનરીતિ અને તેમના મૌખિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

ભીલ આદિવાસીઓમાં લગ્ન પછી પણ સ્ત્રી પિયરના (પિતાના) ગોત્રથી ઓળખવામાં આવે છે. તેના પતિના ગોત્રના નામથી ઓળખવામાં આવતી નથી. એટલું જ નહી પણ પિયરના ગોત્રદેવની ધ્વજા પણ પતિના ઘેર ગોત્રદેવના ચિન્હ તરીકે ચડાવે છે અને દિવાળીના દિવસોમાં ગોત્રદેવને બકરાનો બલિ આપે છે. સ્ત્રીની બીમારી સમયે તેનો પતિ હંમેશા પિયરપક્ષના

ભાઈઓથી ભયભીત રહે છે.

માતાના મૃત્યુ પછી તેના અસ્થિ (ફુલ) એક નાના કુંભમાં મૂકી 'હીતદેવી' ની ઘરમાં સ્થાપના કરે છે. જે કુટુંબની હિત રક્ષક માતૃદેવી હોય છે.

પૂર્વકાલીન માતૃસત્તાક પરિવાર–સમાજમાં સ્ત્રી જ સર્વોપરી હોય છે. તેની સામે પુરૂષ અસહાય હોય છે. ભોગ–વિલાસમાં પણ સ્ત્રી સ્વછંદ હોય છે.

ભીલ આદિવાસી સમાજમાં વિધવા સ્ત્રી પોતાના મૂળ પતિના ઘેર બીજા પતિ લાવી શકે છે અને પૂર્વ પતિની સંપત્તિની સ્વયં સ્વામિની બની શકે છે. ભીલ સમાજમાં આ જીવનરીતિ 'ધર્મભાઈ' ના નામથી ઓળખવામાં આવે છે. જે આ સમાજમાં પૂર્વકાળમાં પ્રચલિત માતૃસત્તાક પરિવારના એંધાણ આપે છે. આ જીવનરીતિમાં નવા પતિને યૌન સંબંધ સ્થાપવા અને બાળકોના પાલન– પોષણ કરવા સિવાય કોઈ વિશેષ અધિકાર પ્રાપ્ત થતો નથી.

ભીલોમાં તરુણવ્યવસ્થામાં ગોઠિયા–ગોઠણ (પ્રેમી–પ્રેમીકા) કરવાની સમાજ સ્વીકૃત જીવનરીતિ છે. તરુણ–તરુણી એક બીજાને પ્રેમ કરી શકે છે અને જાતીય સંબંધ (દેહ સંબંધ) પણ સ્થાપી શકે છે. સમાજ તેનો વિરોધ નથી કરતો. સ્ત્રી અહીં ભોગ–વિલાસ માટે મુકત હોય છે.

ભીલોમાં પ્રચલિત આવી માતૃસત્તાક જીવનરીતિઓનો પ્રભાવ તેમના મહામાર્ગ ધાર્મિક જીવનદર્શન, ધાર્મિક અનુષ્ઠાન અને વિધિ વિધાન તથા 'દેવરો' 'રોમ–સીતમાં' ઝગદે 'ગુજરાંનો અરેલો' , 'રાઠોર વારતાં' 'ભારથ' જેવા મહાકાવ્યોની રચના–રીતિઓના નિર્માણમાં પણ પડયો છે. જેનું વિવેચન તેમજ આધાર અને પ્રમાણો અહીં જોવા મળે છે.

## પ્રાક્‌વૈદિક–વૈદિકદર્શન અને મહામાર્ગ :

પૂર્વકાલીન માતૃસત્તાક જીવનરીતિથી આવિર્ભૂત ભીલોના મહામાર્ગી (નિમરમાર્ગી) જીવનદર્શનનો પ્રભાવ શૈવધર્મ, શાકતધર્મ અને નાથસંપ્રદાય પર પણ પડયો છે.

સિંધુ સભ્યતાના ઉત્ખનનથી પ્રાપ્ત ધ્વંસાવશેષો અને મૂર્તિ–મુદ્રાઓના આધારે તે સમયના લોકોના ધાર્મિક વિશ્વાસો પર પૂરનો પ્રકાશ પડયો છે. આ પ્રાપ્ત પુરાવશેષોની એવું જાણી શકાય છે કે અહીંના લોકો બહુદેવવાદી હોવા છતાં એક ઈશ્વરીય સત્તામાં વિશ્વાસ કરતા હતા. આ સત્તામાં વિશ્વાની સર્જનશકિત નિહીત હતી. તેને તેઓએ બે રૂપ, પરમ પુરુષ અને

પરમ નારીનું રૂપ આપ્યું હતું અને આ તેમના ધર્મનો મૂળાધાર હતો. તેમનો પરમ પુરુષ સંભવ છે કે શિવનું આદિ રૂપ હતું. પરમ નારીનું જીવનમાં ઉમિયા–અંબાવ ગોર–ગૌરી, દ્રૌપદી–કુંતી, સીતા–કૌશલ્યા–કેકેયી વગેરેના સ્વરૂપે વિકસિત થયું છે. તેમની સૃષ્ટિની ઉત્પતિ, દેવરો, કોબરિયો, ભારથ (પાંડવ વારતા) રોમ–સીતામાં (રામકથા) વગેરે પુરાકથાઓ અને મહાકાવ્યોના સંશોધન–અધ્યયનથી આ અનુમાનને આધાર પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં વર્ણવેલ ગૌણ દેવના રુદ્ર પાછળથી શિવરૂપે વિકસિત થાય છે અને શૈવધર્મના દેવાધિપતિના સ્વરૂપે પ્રગટ થાય છે. તેનું મૂળ સિંધુ સભ્યતામાં હોવાની સંભાવના છે.

ઋગ્વેદમાં વર્ણવેલ રુદ્રનું સ્વરૂપ દેવતાનું છે જે આર્યેતર જાતિમાંથી ઋગ્વેદમાં પ્રવેશ્યું છે અને તે નિષાદ અથવા ભીલ જાતિના દેવતા હોવાની સંભવના છે જેનું મૂળ આજે પણ ભીલોના, ‘ધૂળાના પાટા’ અને ‘કોબરિયા પાટ’ ના ધાર્મિક અનુષ્ઠાન અને સૃષ્ટિની ઉત્પતિકથા અને તેના સંલગ્ન મંત્રો અને ગોર (ગૌરી) અનુષ્ઠાનમાં જોઈ શકાય છે.

વૈદિક દેવના ‘વાક’ જે વિશ્વની પ્રેરક શકિત માનવામાં આવી છે તે યજુર્વેદમાં રુદ્રની સ્ત્રીદેવતાના રૂપમાં પરિવર્તિત આજની શકિતના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.

મહામાર્ગનાં મૂળ ઘણાં ઉંડા છે. નિરંજન જ્યોતિ સ્વરૂપ, આદ્ય શિવશકિત અને આજના રામદેવપીરની અવતાર પૂજા સુધી મહામાર્ગની ઘટા ફેલાયેલી છે. તેમાં આદિદેવ આદિપ્રવર્તક શિવને માનવામાં આવ્યા છે. મહાદેવ શિવ તેના સ્થાપક હોવાથી તેનું નામ મહાપંથ પડ્યું છે. આદિ દેવ અને આદ્યશકિતને આવિર્ભૂત કરેલો ‘ધરમ’ જ નામ મહાપંથ પડ્યું છે. આદિદેવ અને આદ્યશકિતએ આવિર્ભાવ કરેલો ‘ધરમ’ જ આદ્યધરમ શિવ–શકિતની માફક નાથ સંપ્રદાયના આદિ પ્રવર્તક પણ સહજરૂપમાં એક રૂપ થયો છે.

શિવ–શકિત સંપ્રદાયના મૂળ પણ ઘણાં પ્રાચીન છે. ઋગ્વેદમાં દેવી તત્વનું શ્રેષ્ઠતમ વર્ણન દશમમંડળ ‘દેવીસૂકત’ માં મળે છે. દેવીસૂકતમાં બ્રહ્મસ્વરૂપા સર્વવ્યાપિની શકિતને સમસ્ત વિશ્વ અને ક્રિયાઓની મૂળ માનવામાં આવી છે. આ ધારણા જ ભારતીય શકિતવાદનો મૂળધાર છે. આ શકિતવાદ ‘લોક’ માંથી જ વેદમાં પ્રવેશ્યો છે.

શિવશકિતની ઉપાસનાવિધિમાં જે શકિતનું અને તંત્ર સાધનામાં જે દેવીનું સ્વરૂપ વિકસિત થયુ છે. તેના આધારે ભીલોના આજના મહામાર્ગી પાટનું સ્વરૂપ આવિર્ભૂત થયું છે.

સિંધુ સભ્યતાના લોકો પરમ પુરુષ અને પરમ નારીનાં પ્રતીક સ્વરૂપ લિંગ તથા યોનિની પૂજા કરતા હતા એનાં અનેક ઉપકરણ પ્રાપ્ત થયાં છે. જેમનું સમીકરણ લિંગ તથા યોનિ સાથે કરવામાં આવ્યું છે. સંભવ છે કે તેઓ લિંગ અને યોનિની પૂજા પ્રતીક રૂપે કરતા હતા. પ્રાચીન સભ્ય સંસ્કૃતિઓમાં જનેન્દ્રિયની ઉપાસનાનો વ્યાપક પ્રચાર હતો. લિંગ ઉપાસનાને ધાર્મિક આધાર પ્રાપ્ત થવાથી શકિતનું અસ્તિત્વ પણ સ્થાપિત થયું. વેદમાં તંત્રસાધનાનો પ્રભાવ પડ્યો તે આજેય ભીલોના મહામાર્ગી અથવા સ્થિરમાર્ગી પાટના કેટલાંય સ્વરૂપોમાં વરતાય છે અને શિવ અને શકિતના સાધનાત્મક પ્રતીકોના રૂપમાં સ્ત્રી–પુરુષ આવશ્યક બન્યા છે.

## લોકમહાકાવ્યોની પ્રસ્તુતિ અને તેમાં પ્રતિબિંબિત થતા માતૃસત્તાક પરિવારવ્યવસ્થાના અંશો :

ભીલ સમાજ અને સંસ્કૃતિ સાથે સંબંધ છે ત્યાં સુધી ‘પૃથ્વીની ઉત્પતિકથા’, ‘ઝગદે’, ‘કોબરિયો, હંસદેવ, રામદેવ, કરમીરો, દેવરો, રામ–સીતામાની વારતા’, ‘भीलो का भारथ’ જેવાં લોક મહાકાવ્યો વર્ષના ઋતુચક્ર સાથે જોડી શકીએ છીએ. આવી લોકમહાકાવ્યો ફકત કથારસને સંતૃપ્ત કરવા માટે જ નથી આવતાં પરંતુ ભીલ જીવનની કોઈને કોઈ ધાર્મિક–સામાજિક પ્રણાલીને અને જીવનરીતિને ક્રિયાશીલ કરીને સંપન્ન બનાવવા માટે આવે છે. તે ભીલ સમાજના ધાર્મિક અનુષ્ઠાન, તહેવાર અને સામાજિક પ્રસંગોના ખાસ પ્રકારના વાતાવરણના પ્રભાવ તળે, ગાયક અથવા કથાવાચકના કંઠથી તથા દર્શક–શ્રોતાઓના સહયોગથી પોતાનું કલામય સ્વરૂપ ધારણ કરે છે.

ઋતુચક્ર પ્રમાણે આવતા–માસના આયાનમાં આ લોકમહાકાવ્યો મહામાર્ગી બીજ જેવા ચોખ્ખા અને કોબરિયા ઠાકોરની કોળી જેવાં મેલા ધાર્મિક અનુષ્ઠાનોના સમયે તેમના સાધુ અને ભોપા (ઓઝા) દ્વારા તંબૂર, મંજીરા, સાંગ અને વાંસળી જેવા લોકવાદ્યો પર ગાવામાં આવે છે અને કહેવામાં આવે છે.

સાંગ નામના રામવાદ્ય પર કોળી સમયે ગાવામાં આવતી કોબરિયા ઠાકોરની વારતા, ભૂત–પ્રેતનો વળગાડ દૂર કરવા લયાત્મક ગદ્યમાં કહેવામાં આવતો પૃથ્વી કે સૃષ્ટિની ઉત્પતિ વિષયક ઝારો કે વહી, મહા માસમાં દેવરાની મૂર્તિઓ સ્થાપવાના ત્રણે તંબૂર પર ગાવામાં આવતી દેવરા કે નવલાખ દેવીઓની વારતાના પ્રસંગો કે ઘટનાઓમાં આદિકાળના માનવનાં

માતૃસત્તાક સમાજ વ્યવસ્થાના લક્ષણો પ્રતિબિંબિત થાય છે. ભીલોના કોબરિયા ઠાકોરની વારતામાં કોળીના ધાર્મિક અનુષ્ઠાન સમયે વાસુકિ માતાના આદેશને જ અનુસરે છે. માતાના આદેશથી જ જળજોગણીને શિષ્યા અને ઈન્દ્રને શિષ્યા બનાવે છે. ભૂત–પ્રેત કાઢવાના ઝારા, વહી કે સમાધિની વારતામાં પણ સૃષ્ટિની રચના કરવા માટે આવશ્યક ધરતીના બીજ વાસુકિનાગના મુખમાંથી લાવવા ઝળુકાર ભગવાન નિષ્ફળ જાય છે. ત્યારે ઉમિયા (અંબાવ) કાચબીનો વેશ લઈને ધરતીનાં બીજ લાવવામાં તો અંબાવદેવી જ મોટા ભાગના પ્રસંગો–ઘટનાઓની કર્તા–હર્તા–ધર્તા છે. સમગ્ર વારતામાં તેનું પ્રભાવી ચરિત્ર વ્યાપ્ત છે. નવલખ દેવીઓને તેનો આદેશ જ શિરોમાન્ય છે. કાળા ગોરા ભેરવ અને ગુણકો (ગણપતિ) જેવા પુરુષ દેવતાની સર્જનહાર પણ દેવી અંબાવ છે. ધવળાલોક (પૃથ્વીલોક) માં બધાં દેવી–દેવીતાને મૃત (માટી) ની પ્રતિમામાં અવતરણ કરવનાર પણ અંબાવદેવી છે.

ઋગ્વેદ કોઈ એક કાળ વિશેષની રચના નથી, પરંતુ અનેક યુગોના ઋષિઓની ઋચાઓનું સંકલન છે. આદિયુગના અંતે ઋષિ પોતાના ભાવ અને વિચાર લિખિતરૂપે વ્યકત કરવા લાગ્યા હતા. આરંભમાં દેવશબ્દનો પ્રયોગ મળતો નથી. પરંતુ અમ્મા (માતા) સર્વપ્રથમ દેવતા હતી જે આગળ જતાં અંબાદેવી (દેવરાની વારતામાં આ શબ્દાનો પ્રયોગ થયો છે.) રૂપે સ્થાપિત થઈ તે બાબત ભીલોની પ્રાશીત વારતા દેવરા (પુરાકથા) માંથી પણ ફલિત થાય છે.

માતૃસત્તાક સમાજવ્યવસ્થામાં ભોગ–વિલાસ માટે પૂર્ણ સ્વચ્છંદતા હતી. પણ માતા–પુત્રના રતિ સંબંધનો નિષેધ હતો. આમ છતાં ભાઈ–બહેનનો વિવાહ ગ્રાહ્ય હતો તે બાબતની પ્રતીતિ ઋગ્વેદના યમ–યમી સંવાદથી થાય છે. આ પહેલા સુચિત કરેલી પૃથ્વીની ઉત્પત્તિકથા અને કશ્મીરા અફેલોના પ્રસંગોમાં આ અંગેનું વર્ણન પ્રાપ્ત થાય છે. જબુકાર ભગવાનના મુખમાંથી છૂટેલા અમીથી ઉમિયાદેવી અને નાભિમાંથી આર્વિભાવ પામેલા શિવ બહેન–ભાઈ હોવા છતાં લગ્નગ્રંથિથી જોડાય છે. દિવાળીના પર્વ ટાણે ગાવામાં આવતો 'કરમીરાનો અરેલો' માં પ્રલય સમયે ચંદનવૃક્ષના પાંજરામાં રહેલાં કશ્મીરો અને તેની બહેન જળપ્લાવનમાંથી જીવતા બચી જાય છે. આ પછી બંને લગ્નગ્રંથિથી જોડાઈને નવી સૃષ્ટિનો આરંભ કરે છે.

અહીં ભાદ્રપદમાં આવતી બીજના સમયે 'ધુળાના પાટ'ના ચોખ્ખા અનુષ્ઠાન પર

ગાવામાં અને કહેવામાં આવતા 'ભારથ'માં વ્યંજિત મહામાર્ગી જીવનદર્શનને સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## મહામાર્ગી જીવનદર્શન : સ્ત્રીનું દેવીકરણ :

આ પહેલાં સુચિત કરવામાં આવ્યું છે કે પૂર્વકાલીન માતૃસત્તાક સમાજમાં સ્ત્રી જ સર્વોપરિ હોય છે. તેની સામે પુરષ અસહાય હોય છે. વિદ્વાનોનો મત છે કે પંથ અથવા માર્ગના પ્રચાર–પ્રસાર માટે પુરાણો જેવા લિખિત સાહિત્યની રચના કરવામાં આવી છે અને લોકસમુદાયમાંથી મૌખિક સાહિત્ય આવિર્ભૂત થયું છે. લોકમાનસમાં દેવીઓની ભયાનકતાથી ઉત્પન્ન ભયને શાંત કરવા માટે પૂજા અને બલિ ચઢાવવામાં આવે છે. 'દેવીસહસ્ત્રનામ' માં ડામરી અને ડાકિની પણ છે. (ભીલોનું 'ભારથ' માં સ્ત્રીને 'ડાકાણ–દેવી' માનવાના લોકમાનસના ખ્યાલોમાંથી દ્રૌપદીના ચરિત્રનું દેવીકરણ થયું છે અને તેનું પ્રભાવી ચરિત્ર અનેક ઘટનાઓનું વિધાયક બન્યું છે.)

'ભારથ' માં યુધિષ્ઠિર (ઝેઠોદર) વારંવાર સ્વરૂપ બદલતી દ્રૌપદીને દેવી માનીને જ તેની ઉપાસના પૂજા અને આરતી કરે છે.

ઉભો ઉભો વઈરા ઢોળે .....(૨)
કેંરની નારીત સમર ઢોળે....રા....ઝી...
ઝેઠોદર નમી નમીન પોંડો ભાગે .......(૨)
આરતી સદૅન આરનતી ઉતરે હો.....રા....ઝી..
એંકરાઈ કરહાં તો ખોટું આવહેં .......(૨)
ઘરના બઈરાત અવળું કોઈ માં બોલા હો..રા...ઝી..
ઝેકોદર ગોઠિયો વાળીત પોંગે લાગે.....(૨)
ભેંગો પોંડવ ભાળવા લાગે...હો...રા...ઝી..

માતૃસત્તાક જીવનરીતિથી આવિર્ભૂત મહાધરમ અથવા મહામાર્ગી જીવનદર્શનને ન જાણવાવાળો ભીમ છુપાઈને બારીમાંથી જોયેલ આ દૃશ્યથી ક્રોધિત થઈ જાય છે અને સૂની વખારમાં જઈને ખાટલા પર ઉંધો પટકાઈ પડે છે તેનો પુરુષ સહજ ? અહં ફુત્કારી ઉઠે છે. 'ભાભીને મારી નાખુ, અથવા ભાઈને, અથવા હું ખુદ મરી જાઉં. ભલેને ઘણી સુંદર પત્ની હોય

પણ પત્નીના પગ શા માટે સ્પર્શી શકાય ? આ કયો ચમત્કાર થઈ ગયો ? યુધિષ્ઠિર પાંડવે આ શુ કરી નાખ્યું ?

દ્રૌપદી ભીમના ક્રોધ અને આશ્ચર્યને દૂર કરવા માટે રાત્રે તને સિંદૂરવર્ણા વડના સ્થાને આવવાનું કહે છે. મધ્યરાત્રિએ સિંદૂરવર્ણા વડ નીચે નવલાખ દેવી–દેવીઓની સભામાં દેવીનું રૂપ ધારણ કરી સિંહ પર સવાર થઈને હજાર હાથવાળી દ્રૌપદી, હાથમાં દીવા સળગાવી તલવાર ખેલાવતી એક હાથમાં ખાલી ખપ્પર લઈને આવે છે. સ્વયં ભગવાન રૂપાના સિંહાસન ઉપરથી ઉભા થઈને દ્રૌપદીને સોનાનાં સિહાંસન પર બેસાડે છે. ત્યારે વડની ઘટામાં છુપાયેલા ભીમનો પુરુષ સહજ અહંકાર ગળવા લાગે છે અને તેના હૃદયમાં દ્રૌપદીનું દેવીરૂપ જોઈને ભય વ્યાપે છે.

પાલીન લેટા આથામાં દીવલાં લાગે....(૨)
અઝાર આથ કરવા લાગાં હો...રા..ઝી..
ધોફા ખાંડુ સ્મારન આવવા લાગી....(૨)
રીટાં ખપર લઈને આવવા લાગી હો...રા....ઝી...
પગવોંન આવતે દેખીત ઉઠો ઓઈયો.....(૨)
ધોફા હોનાની સગાસણે વશઝ, ઓઈયાં.....(૨)
હારાં દેવતાં નમણ કરે....રા...ઝી...
પેંમલાના કેમ રે સરિયો તેઝિયોં તાવ.....(૨)
બેઠો બેઠો રે મરવા લાગિયો હે...રા...ઝી...
ખાંમદ રઈન હારો લેવેં.....(૨)
પોંડવાંન સરીત કેંમ ને આવી હો...રા..ઝી..

દ્રૌપદીના દેવી સ્વરૂપથી ભયભીત ભીમ, દેવી, દેવતાઓના સંવાદ સાંભળે છે. ભગવાનના પૂછવા પર દ્રૌપદી કહે છે, “ચાર પાંડવો તો ફસાઈ ચૂકયા છે. પણ યુધિષ્ઠિર હજી સુધી ફસાયો નથી. તે દરરોજ મારી ઉપાસના કરે છે. બધાને મારી નાખીને વૈકુંઠમાં તારા દર્શન કરવા આવીશ” પ્રાતઃ કાળ નવલાખ દેવી–દેવતાઓ વિખરવા લાગ્યા છે.

બીજા દિવસે મધ્યરાત્રીએ વાદળમહેલમાં રૂદન કરતો ભીમ બધાંના સાનિધ્યમાં

દ્રૌપદીને કહે છે, "ભાભી તું ડાકણ–દેવી છે. અમારી માતા ડાકણ–દેવી છે. ભાભી પાંચ ભાઈઓના શિરે હાથ મૂકીને, આશીર્વાદ આપીને પાકા પુરુષ બનાવી દે." સતી દ્રૌપદી કહે છે, "ઘમંડમાં જ રહી ગયા ન તો સત્યને સમજ્યા. ન ધર્મને અમે કહીએ એટલી વાત માનશો તો જ ભગવાન આપણા ઘેર આવશે. નહીં તો નુગરા (ગુરૂ વિનાના) ના નુગરા મરી જવાના. તમારું નામોનિશાન નહીં રહે.

સ્ત્રીના પ્રભાવનાં દર્શન ભારથમાં દ્રૌપદી (ધોફાં) કુંતી (કુતમા) સુભદ્રા (હોદરાં) રોમ–સીતમામાં સીતા (સીનમા) કૈકેયી (કકાપદમણી) કૌશલ્યા, દેવરામાં અંબાવ, સુંડ, ઉમિયા વગેરે સ્ત્રી ચરિત્રોમાં થાય છે. આ મહાકાવ્યોના ઘણાં બધા પ્રસંગ–ઘટનાઓમાં કર્તા–હર્તા–ધર્તા સ્ત્રી ચરિત્રો છે.

સમગ્ર ભારથમાં ઓજથી ભરેલું દ્રૌપદીનું પ્રભાવ ચરિત્ર વ્યાપ્ત છે. દ્રૌપદી બધાં પર શાસન કરે છે. પૃથ્વી પરના દેવ જેવાં પાંડવો પર પણ તે શાસન કરતી પ્રતીત કરે છે.

પ્રાક–વૈદિક અને વૈદિકયુગના દેવી–દેવતા પ્રકૃતિની ભિન્ન–ભિન્ન શકિતઓના મૂર્તરૂપ હતા. પ્રકૃતિ મહાશકિતના રૂપમાં શાસન કરતી જોઈ શકાય છે. આ પહેલાં સૂચવવામાં આવ્યું છે કે બ્રહ્મસ્વરૂપ સર્વવ્યાપિની શકિતને સમસ્ત વિશ્વ અને ક્રિયાઓનું મૂળ માનવામાં આવ્યું છે. આ જ દાર્શનિક વિચારધારાના આધારે ભારથનાં ઓજસ્વી સ્ત્રી–ચરિત્રોનું નિર્માણ થયું છે અને આ દાર્શનિક વિચારધારાઓને પોતામાં સમાવીને ચાલતા મહામાર્ગના દર્શનનો માતૃસત્તાક જીવનરીતિ અને શાકતધર્મના શકિતવાદ સાથે પ્રાગઢ સંબંધ છે.

## સ્ત્રીગૌરવ :

મહામાર્ગમાં જે સ્થાન સ્ત્રીનું હોય છે તે જગતના કોઈ ધર્મ અથવા સંપ્રદાયમાં નથી. મહાપંથ, બીજમાર્ગ, આદિધરમ વગેરેના નામથી પ્રચલિત આ પંથે સ્ત્રીને અનેક ગણું ગૌરવ આપ્યું છે.

નિજારમાર્ગમાં અહંકારનો નકાર જ નિ–જાર છે. અહંકાર બળી જાય ત્યારે ભકિત પ્રકાશિત થાય છે. આ ધર્મમાં નર–નારી યુગલ (યુગ્મ) ના રૂપમાં અગ્રેસર થાય છે. આ સર્વ ભેદબુદ્ધિ તથા પ્રણયભાવને દૂર કરવો પડે છે. આ ધર્મમાં સ્વામી–સેવક અથવા સ્વામિ પત્નીનો સંબંધ ચાલતો નથી. પુરુષને પોતાનો માલિકી–અધિકાર છોડવો પડે છે અને સ્ત્રીને ગુરૂના

સ્થાન પર સ્થાપવી પડે છે.

## ગુરૂગૌરવ, સમતાભાવ અને અહમનું નિરસન :

ભીમે રાજસ્વના અહંકારમાં દ્રૌપદીના ગુરૂ 'બાળા હરગુરા' ને નીચી જાતિનો કહીને અપમાન કર્યુ હતું. આથી પાંડવોનો સાતમો યજ્ઞ પણ નિષ્ફળ ગયો અને પાંડુને કુતરાનો અવતાર પ્રાપ્ત થયો. જેથી દ્રૌપદીને ગુરૂના સ્થાને સ્થાપીને પોતાના સ્વામિત્વભાવને છોડી. મુખમાં ઘાસનાં તણલખાં દબાવી ચરણોમાં પાડે છે અને હાથ જોડીને પાંડવો પિતાના મોક્ષનું માર્ગદર્શન માગે છે. દ્રૌપદી પાડુંના મોક્ષ માટે આઠમો શંખદ્વાર (સેનેતરો) પણ કરવાનો આદેશ આપે છે. આ યજ્ઞ તેનો ગુરૂ બાળા હરગુરો જ જાણે છે. અપમાનિત બાળા હરગુરાએ યજ્ઞમાં આવવા માટે જે શરત રાખી છે તે પણ દ્રૌપદી સંભળાવે છે. ભીમ શરત સાંભળીને કહે છે, "અહંકારી થઈને સ્વયં ગુરૂને અપમાનિત કર્યા છે. મારાં જ કર્મ મારા આડે આવ્યાં છે. તમે ગુરૂના આદેશ અનુસાર જ કામ કરો." ગુરૂ બાળા હરગુરાની શરત પ્રમાણે ભીમ બળદ બને છે. પાંડવ મુંજ (એ નામનું ઘાસ) ની દોરડી વણી, નાક ફાડીને નાથ ઘાલે છે. ભીમ બળદ બનીને ગાડે જોડાય છે. પાંડવ ગંગા–ગોદાવરીના કિનારે ગુરૂની ધૂણી પર આવે છે.

એ ગાડું સોરીન ઉભો રહ્યો.......(૨)
ગાડું સોરીન ઉભો રહ્યો હો....રા....ઝી...
ગુરૂ ભેંમા રે પોંડવન સાર નો ખે.....(૨)
એ..સારનો પૂળો રે નોખવા લાગા હો..રા..ઝી..
એ સારનો પૂળો રે ભેમોં ખાવે....(૨)
દેખો મોટિયો ઝગનાંવાળા ખેલ હો..રા...ઝી..
એ..દેખો એંકરાઈવાળા ખેલ....(૨)
ગુરાંના કોમ રે મોટાં વાઝે..હો...રા...ઝી.."

ગાડાથી છૂટીને ભીમ ગુરૂ પાસે આવે છે. ગુરૂ ઘાસ નાખે છે અને ભીમ ચારપગે થઈને ઘાસ ખાય છે. ઘાસ મુખમાં રાખીને ગુરૂના ચરણોમાં પડે છે. બાળા હરગુરાના ચરણોમાં સૂતો સૂતો ભીમ ચરણપાન (અંગૂઠો ધાવે છે.) કરે છે. ગુરૂ ભીમને ઉભો કરે છે. બાળો ગાડામાં બેસે છે. ભીમ બળદ બનીને ગાડું ખેંચે છે અને લાંબામાર્ગે થઈને હસ્તિનાપુર આવે છે અને પાંડવ

ગુરૂનું સ્વાગત કરે છે. ચરણપાન કરીને ચરણ સ્પર્શ કરે છે.

અહીં ગુરૂનું ગૌરવ કરવાની સાથે ભીમ જેવા મહાપ્રતાપી પુરુષનો ગર્વ તોડી, તેને સહજ બનાવી સાધનાપથ પર લાવવાની આ ઘટના વિશ્વના મૌખિક સાહિત્યમાં સાચા અર્થમાં બેજોડ છે અને આ કાર્ય ભીલ મહામાર્ગી જીવનદર્શન અને જીવનરીતિ જ કરી શકે.

## યુગલમહિમા અને યુગલધર્મ :

નિજારધર્મમાં નર અને નારીનાં મંગળ સ્વરૂપની કામના કરવામાં આવી છે. આ પાટની ધાર્મિક વિધિમાં યુગલ માટે 'જાતિ–સતી' પરિભાષા પ્રાયોજિત છે. પરંતુ બંને પતિ–પત્ની જ હોય એવી આવશ્યકતા નથી. સાચા મહામાર્ગી અથવા નિજારીને દેહ ધર્મ દેહના ભેદ અને દેહના અધિકારોને છોડવાના છે. દેહના ભેદ એટલે કે સ્ત્રી–પુરુષના ભેદ, દેહના અધિકાર એટલે કે આ મારી સ્ત્રી છે અથવા આ મારો પુરુષ છે એવો માલિકી હક્ક–માલિકી દાવો, પાટમાં બેઠા પછી ભૂલવાનું છે કે આ મારી પત્ની છે અને આ મારો પતિ છે. પાટમાં બેઠેલી સ્ત્રીઓ તેની વિધિની કોઈ તબક્કે પોતાની કાંચળીઓ એક પાત્રમાં નાખે છે. ગુરૂનો આદેશ થવાની સાથે પુરુષ પાત્રમાંથી સહજરૂપે એક કાંચળી ઉઠાવે છે. જે સ્ત્રીની કાંચળી હોય તેને તે પુરુષ સાથે યુગલધર્મ (દેહસંબંધ) નિભાવવો પડે છે. જારપ્રેમ–થરકર્મ (પર પુરુષનો પર સ્ત્રી સાથેનો દેહ સમાગમ) ના પૂર્વે અનુભવ પછી જ વિષયવાસનાને બાળીને સાચા નિજારી બની શકાય. સાચા અર્થમાં 'જતિ–સતી' બની શકાય. સંસાર સંબંધવાળુ યુગલ તો એક જ જન્મનો સંબંધ સમજે છે. જ્યારે પાટ સંબંધનું યુગલ તો મૂળ પુરુષ સાથેના જન્મ જન્મના સબંધોને સમજે છે. સંસાર સંબંધવાળુ યુગલનો માત્ર દેહની સંજ્ઞા અને સાંસારિક સંબંધોમાં અટવાઈને ચાલે છે અને કાળક્રમે તેનો સંબંધ પૂરો થાય છે. જ્યારે પાટનું યુગલ તો દેહ પારના શાશ્વત શિવત્વ સાથેના સંબંધોને કાયમ કરે છે.

મહામાર્ગી પાટના આ નિજાર દર્શનનો પ્રભાવ 'ભારથ' ની વાસુકિ અને દ્રૌપદીની પાંખડીમાં દેખી શકાય છે. આ પાંખડી (ઘટના પ્રસંગ) માં દ્રૌપદી એ વાસુકિના થરપ્રેમની ઉત્કટતા અને અર્જુન ના પુરુષ સહજ અહં અને સ્વામિત્વ ભાવ ગળતો જાઈ શકાયો છે.

દ્રૌપદીના સુવર્ણકેશનો ભાર પૃથ્વી સહી શકતી નથી. આથી પૃથ્વી ફાટે છે અને સોનાનો વાળ પાતાળમાં સૂતેલા વાસુકિ રાજાની છાતી પર પડે છે. કેશના ધક્કાથી વાસુકિનાગ જાગ્રત

થાય છે અને લાલવિત થઈને સોનાના કેશવાળી (સુવર્ણકેશી) સ્ત્રીને શોધતો હસ્તિનાપુરના અંતઃપુરમાં આવી પહોંચે છે. રાણીવાસમાં અર્જુન અને વાસુકિ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ થાય છે. વાસુકિ અર્જુનને નીચે પાડીને છાતી પર ચડી જાય છે. પોતાની મૂછના એક વાળથી અર્જુનના હાથ–પગ બાંધી દે છે અને દ્રૌપદીની શૈય્યાની સામે ઉંધો લટકાવી દે છે. રાણી દ્રૌપદી તાંબાકુંડીમાં વાસુકિ રાજાને નવડાવે છે અને સોનાના થાળમાં જમાડે છે. વાસુકિ શણગાર સજીને પલંગ પાસે આવે છે.

ઢોલિયો ઢાળીને હીરખી વોસે રે.....(૨)
આંસાં આંસાં ઝૂલરા, વેરવા લાગ્યા હો..રા..ઝી..
કસ્તુરીનાં તેલ સોટના લાગાં રે ....(૨)
હેજાંમા ભભકા ઉડવા લાગા હો...રા...ઝી
હેજાંમાં ભભકા ઉડવા લાગા રે.....(૨)
અતરાંના ધોળા પરવા લાગા હો...રા...ઝી..
રાઝા રોણી રે હેઝામાં પોટે રે...(૨)
સોળે મનસુબાંવાળી વાતો હો....રા....ઝી..

દ્રૌપદી સુખદાયક સેજ પર આછાં–આછાં ફૂલ પાથરે છે. રાણી સેજ પર કસ્તૂરી તેલ છાંટે છે. અતરનાં ભભકા ઉડે છે. સુગંધિત પલંગ પર રાજા–રાણી બેસે છે. પાતાળનો રાજા પલંગ પર દ્રૌપદીને પોતાની સોડમાં લઈને સૂવે છે. સુકોમળ સેજ પર રાજા–રાણી ક્રીડા કરે છે. દાવ રાખે છે, દાવ ઉતરે છે. બિચારો અર્જુન (લાચારીથી) બંનેની પ્રણયક્રીડા જુએ છે.

સોનેરી પ્રભાત થયું છે. પાતાળમાં જતાં–જતાં વાસુકિ વીજળી જેવી ચમકતી તલવાર મ્યાનમાંથી બહાર કાઢે છે. બાંધેલો વાળ તલવારથી કાપે છે અને ખૂંટી પરથી અર્જુન ધડામ દઈને ધરતી પર પટકાય છે.

અહીં અર્જુનનો પુરુષ સહજ અહંકાર અને સ્વામિત્વભાવ ચકનાચૂર થઈ જાય છે. ‘સહજયાની’ અને ‘વિજયાની’ શાખામાં વિશેષ પ્રયોજન માટે આ બંનેના મિલનની પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત તાંત્રિક જ ‘કૌલ’ આ રીતે સ્ત્રી–પુરુષના સ્થૂળ ધર્મોને પાર કરીને મિલનની આધિભૌતિક સર્વોચ્ચ એકતા પ્રાપ્ત નર–નારી જ સાચાં નિજારી સાચાં બીજ મારગી અથવા મહામાર્ગી.

અથર્વવેદમાં રૂદ્રને વિનાશકારી માન્યો છે અને તેના માટે પહેલીવાર પશુપતિ શબ્દનો પ્રયોગ થયો છે. હડપ્પામાંથી પશુપતિ શિવની મૂર્તિ પ્રાપ્ત થઈ છે. હડપ્પાની અનાર્ય સંસ્કૃતિમાં પુજિત પશુપતિ શિવ આર્યોના દેવ–મંડળમાં જેવી રીતે સામેલ કરવમાં આવ્યા. તેવી રીતે અનાર્ય સંસ્કૃતિની દેવીઓ પણ આર્યો દ્વારા પૂજિત થઈને દેવીમંડળની શકિતઓ બની ગઈ. શિવની શકિત કાલિ (કૃષ્ણવર્ણ) અને 'ગૌરી' (ગૌરવવર્ણા) આર્ય અનાર્ય સંસ્કૃતિઓના સમ્મિલત તરફ સંકેત કરે છે. ભારતીય સંસ્કૃતિના મૂળ સુધી પહોંચવા માટે આદિવાસી પુરાકથાઓ અને દાર્શનિક પ્રતિકો તથા પુરાણ પ્રતીકોની શોધવાની આવશ્યકતા છે. આનો 'ભવિષ્ય પુરાણ' માં ઉલ્લેખ છે. શિવે કાલિને કહ્યું.

एवेत्ममितः कासि कृष्णाजत समन्विते ।

काल सुन्दरि मन्याश्वे धवले विमुपाविश ।।

"આવ અહીં આવ, હે કૃષ્ણાંજન સમન્વિતે ! તું કોણ છે ? હે કાળ સુંદરી ધવલે ! તું મારા પાર્શ્વમાં આવીને બેસ !" શિવ ના સંબોધનથી 'કાલિ' દુઃખી થઈ. તેણીએ વિચાર્યુ કે, "હું કેવી રીતે ગૌરી બનું ?" પછી તેણીએ પોતાના કૃષ્ણદેહને હવનકુંડના અગ્નિને સમર્પિત કરી દીધો અને તેણીએ પર્વતરાજ હિમાલયના ઘેર ગૌર વર્ણવાળી 'ગૌરી' ના રૂપમાં જન્મ લીધો. ભીલોમાં પ્રચલિત પૃથ્વીની ઉત્પત્તિકથામાં પણ પાર્વતી નવ વાર પોતાનું મસ્તક કાપીને શિવના ખોળામાં નાખે છે અને નવ વાર અગ્નિમાં બળે છે. ત્યારે શિવ પાર્વતીને પત્ની તરીકે સ્વીકારે છે. આ 'કાલિ' અંગેનું પ્રતીક કે ચિંતન બે સંસ્કૃતિઓના સુભગ સમન્વયને પણ પ્રમાણિત કરે છે. કૃષ્ણ દેહને અગ્નિને સમર્પિત કરવાનો અર્થ એ થાય કે આર્યોની યજ્ઞ–વિધિના માધ્યમથી આર્યેતરોની દેવી 'કાલિ' ગૌરી બનીને આર્યોમાં પૂજિત થઈ અને અહીંથી 'શકિત' સત્તાનો વિસ્તાર થયો.

કુબેરનાથરાય પોતાના મસ્તક પ્રાકવૈદિક પ્રજાતિઓમાં પૂજિત કાલિ લાવણ્યમયી પાર્વતી બની અને આર્યોની પૂજ્ય બની ગઈ છે. માતૃસત્તાક સભ્યતામાં પુત્રી જ કુળશકિતનું કેન્દ્ર હતી. તેથી પ્રકૃતિના કરાલ રૂપમાંથી માનવીકરણ પામેલી 'કાલિ' જ આ દેશની મૂળ માતૃકાદેવી છે અને તેનો નિષાદોની દેવી અંબાવ–ઉમિયા–મુંડ (ચામુંડા) ક્ષત્રિય કન્યા સીતા, દ્રૌપદી, જેળુ, તોળાદે, ચર્મકાર કન્યા રૂપા કે દેયાળી બાઈમાં ક્રમિક વિકાસ થયો છે. માટે તો

દેયાળીબાઈ જ સનાતન મહામાર્ગના અંતિમ લોકદેવ રામદેવની સહાયક શકિત બની છે.

પૂર્વકાલીન મહામાર્ગી લોકધર્મ આર્ય–આર્યેતર સંસ્કૃતિઓ માતૃસત્તાક જીવનરીતિઓ અને શિવશાકતનાથ જીવનદર્શનને પોતામાં સમાવિષ્ટ કરતો ભીલ આદિવાસીઓના સાંપ્રતમાં પ્રચલિત 'ધૂળના પાટ' અને 'કોબરિયા પાટ' ના 'મેલા–ચોખ્ખા' ધાર્મિક અનુષ્ઠાનોના સુધી ફેલાવેલો છે. વર્ષના ઋતુચક્રના પૂર્વ–પ્રસંગો પર આવતા આ અનુષ્ઠાનોના ધાર્મિક વાતાવરણના પ્રભાવતળે આવિર્ભૂત રોમસીતમા, ભારવ, રાઠોર વારતા, દેવરો, રોમદે, કોબરિયો, ભરથરી, સતિયો ચંદન, સતિયો ખાતુ જેવા ભૌતિક મહાકાવ્યોના વિવિધ ઘટના–પ્રસંગોમાં તેનું સમતાવાદી જીવનદર્શન મૂર્તરૂપ ધારણ કરે છે. આ પરંપરિત લોક–ધર્મી–મહામાર્ગી–સમતાવાદી જીવનદર્શનથી આજની નારીવાદી દાર્શનિક પણ પોતાના નવા જીવનમૂલ્યો નિર્માણ કરી શકે છે.

## ભીલોની સમાધિ, પૂર્વજપૂજા અને ઋગ્વેદ :

પ્રારંભની ત્રણ વાર્તા ગોપીચંદ–ભરથરી, રોમદેવ, ઓસદેવ એ ભીલ સાધસુ, ભોયો, મુખી કે વડીલજનોને અપાતી 'સમાધિ' અને ચૌથી વારતા ઝગદે પરમાર અકાળે થયેલા સ્વજનના અવસાન સમયે માંડવામાં આવતો 'હૂરો' તથા તે સમયે કરવામાં આવતી મરણોત્તર વિધિઓ સાથે સંબંધ ધરાવે છે.

ઋગ્વેદમાં મરણાસન્ન પુરુષને કવિ કહે છે, उप सर्व मातरं चूमिमेताम्, આ ભૂમિ માતા પાસે જા. एषा त्वा पातु निऋतेहत्वस्थान्, આ તને પાપ આચરણથી બચાવે, (૧૦.૧૮.૧૦) અને અથર્વવેદ माता भूमिः पुत्रोडह पृथव्यिा, ભૂમિ માતા છે, હું પૃથ્વીનો પુત્ર છું (૧૧.૧.૧૨) ભીલો પણ ભૂમિ માતા તરફ આવા જ પૂજ્ય ભાવ અનુભવે છે.

મૃત્યુ પછી શબને દાટવા માટે ભીલ સાધુ મંત્રના માધ્યમથી પૃથ્વી માતા પાસે જમીન યાચે છે. જમીનને ખોદતા કૃતજ્ઞતા વ્યકત કરવા માટે ધરતીને શ્રીફળ ચઢાવે છે. કોદાળીનો આઘાત કરતી વેળાએ ધરતી અને તેના પર ઉગેલાં વૃક્ષોને ઘા વાગે છે. આથી કમળદેહી શ્યામવર્ણી ધરતી પર મનની કોદાળી મને સત્તાના પાવડાથી આઘાત કરતો ભીલ સાધુ ક્ષમા–યાચનાનો મંત્ર બોલે છે. જે ઋગ્વેદના મંત્રના ભાવાર્થને મળતો આવે છે.

ધરતરી કાળી, પદમણ પાપ્યા,
અરુમાંન કરતા ઝે દિ રખવાળા
વર–વરલાંની વરવાઈ
નોખુ ધરતી માતાનો ઠોકો.
સતકા તો પાવરા હેં
મનસા કોદળા,
પોંગ નોખુ લાંબા, મુમચ્છુ પોઢારું
ધરતીમાતા મેવાના કરે મસ્કલ
મૂસા મરદાના ઓસદેવ વેંકુટ કરે વાસો
ઝેતસ ઝાબ ઝેણે, ધરતીમાતાનો ઠોકો ઝીકે.
અમરાપર જાઈ તરે.

ઋગ્વેદમાં મૃતાત્મા અને પિતૃઓ માટે પણ કેટલાંક સૂકતો પ્રાપ્ત થાય છે. (૧૦.૧૪.૧૮) આઠમાં મંત્રમાં કહેવાયું છે, હે મૃત ! ઉચ્ચતમ સ્વર્ગમાં પિતૃઓ અને યમને પોતાના યજ્ઞકર્મો અને દાનકર્મોથી ઉત્પન્ન પારલૌકિક ફલોત્પત્તિ સાથે જઈને મળો. પોતાના પાપોને ત્યાંજ છોડીને પોતાના ઘેર પુનઃ આવો ! દિવ્ય જ્યોતિથી પરિપૂર્ણ થાઓ. નવું શરીર પ્રાપ્ત કરો ! “ભીલો સમાધિ કે હૂરાની સ્થાપના કરે છે અને પૂર્વજની ઘોડેસવારવાળી મૂર્તિ સમાધિમાં પધરાવે છે ત્યારે પાંચ કુટુંબીજનોની સાક્ષીએ મૃતાત્મ પુનઃ (નવા શરીરે) મૂર્તિમાં પ્રવેશ્યો છે તેમ માને છે. આવા સમયે લોકસમુદાય વચ્ચે મરનાર પૂર્વજ નજીકના કુટુંબીજનના માથે ઉતરે છે તેથી તે વિલક્ષણ આવેશ અનુભવે છે. તેને વેળ ઉપડે છે. મૃત પૂર્વજના સ્વાંગમાં બોલે છે અને આશીર્વચનો ઉચ્ચારે છે. ‘હૂરો’ જેવા પ્રસંગે તો કુટુંબીજનો અને ગોત્રજનોએ વેર વાળ્યું હોવાથી પૂર્વજનો આત્મા ખુશ થાય છે અને પૂરા ગોત્ર પર આશીર્વાદ વરસાવે છે એવું માને છે. મૂર્તિરૂપે સ્થાપેલું પૂર્વજ જીવતું દેવ છે અને કુટુંબનું રક્ષણ કરે છે એવી આસ્થા ધરાવે છે. આથી વાર તહેવારે તેને નૈવેધ ચઢાવે છે અને નાની ઉંમરની પરણેલી સ્ત્રીઓ પૂર્વજ દેવતાનો મલાજા પાળવા માથે ઓઢીને ત્યાંથી પસાર થાય છે. ઋગ્વેદમાં પણ મૃતાત્માને નવું વાયવા શરીર ધારણ કરીને પુનઃ પૃથ્વી પર આવવાનું આહ્‌વાન કર્યુ છે.

સમાધિ પૂજવી કે હૂરો માંડવાની ધાર્મિક વિધિને ભીલો 'જગત કર્યો' એમ કહે છે. ઋગ્વેદના ચોથા (૪) મંત્રમાં ઋષિ આહ્‌વાન કરે છે, હે યમ ! અંગિરસ નામના પિતરોની સાથે એક મત થઈને આ યજ્ઞમાં આવો અને કુશના આસન પર બેસો. વિજ્ઞલોકો (પુરોહિતો) દ્વારા કહેવામાં આવતા મંત્રો તમને અહીં લાવે ! આ આહુતિથી પ્રસન્ન થાઓ. ઋગ્વેદ (૧૦/૧૫) ના પાંચમાં (૫) મંત્રમાં આહ્‌વાન કરાયું છે. "કુશ પર રાખેલી પ્રિય નિધિઓ (હવ્યો) ને ગ્રહણ કરવા માટે આમંત્રિત સોચપ્રિય પિતર (પિતૃ) લોકો આવે. તેઓ અમારી સ્તુતિઓ સાંભળે, તેઓ અમારા પક્ષમાં બોલે અને અમારું રક્ષણ કરે."

ભીલ સાધુ મૃત પૂર્વજની સમાધિ પૂજતી વેળાએ આવા પ્રકારના મંત્રો બોલે છે. અહીં સંપાદિત 'ઓંસદેવની વારતા' માં તેનું વિગતે વર્ણન થયેલું જોઈ શકાય છે. સાધુ ઘોડેસવારવાળી મૂર્તિ પધરાવી છે. દેવળ ઉપર ધોળી ધજા મૂકી છે. તેની નિશાનીએ હંસદેવ દેવળમાં પધારો. હંસલા, સગા–સંબંધી આમંત્રીને તારો જગત માંડીએ છીએ....હંસદેવ સાધુ, ભકતોએ તારા નામનો પાટ પૂર્યો છે. 'ગૂગળ' ના હોમ કરીએ છીએ....અમારી મંડળીમાં રમવા આવ. ફરીફરીને કુટુંબીજનોને મળ.... આજની રાત સાથે રમીએ. આજની રાત અમારી સાથે વાસ કર.

કુટુંબીજનો છેલ્લું આહ્‌વાન કરે છે. "માતાના જાયા ભાઈ, તારા અને અમારાં વચન છૂટે છે. તારા નામનું દેવળ કર્યુ છે. હંસદેવ ઘોડે સવાર થઈ તારા દેવળમાં પધાર..."

કુટુંબીજનો અને સમાજના સાનિધ્યમાં સાધુ દ્વારા પૂજવામાં આવતી સમાધિ વેળાએ પૂર્વજ સન્મુખ પીપળાના પાન અને કુશ (દર્ભ) પર મૂકવામાં આવતું ચુરમાનું નૈવેધ, શ્રીફળના ટોપરાનો હોમ, પૂર્વજની મૂર્તિને કરાવવામાં આવતું સોમપાનની જેમ દુગ્ધપાત વગેરે મરણોતર વિધિઓ વૈદિક વિધિઓને મળતી આવે છે.

સ્વજનની સમાધિનું દ્વાર પૂર્વાભિમુખ હોય છે. ભીલ સાધુ નાડાછડીનો એક છેડો પૂર્વજની મૂતિએ બાંધે છે અને બીજા છેડાને સૂતરનો સફેદ દોરો બાંધી દેરીમાંથી બહાર આવીને પૂર્વ દિશા તરફ ઉભો રહી, સૂતરના બીજા છેડે 'સિયા' ના છોડને બાંધી હાથમાં ગ્રહણ કરે છે બીજા હાથમાં રહેલાં લોટામાંથી ગાયનું દુગ્ધપાત કરતો સમાધિની સન્મુખ બેઠેલા મૃતનાં સ્વજનોને ભીલી બોલીમાં સૃષ્ટિની ઉત્પત્તિકથા કહે છે. જળુકાર (જળપ્રલય) માંથી ભગવાન

કેવી રીપે પ્રગટ્યા, વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણી સૃષ્ટિ કેવી રીતે રતી વગેરેનું ભીલ સાધુ વર્ણન કરે છે. આ પછી પાપી અને દાન ન કરતા હંસદેવ જીવાત્માની યમ નર્કમાં કેવી 'ગન' કરે છે તેનું અત્યંત કરુણવાણીમાં સાધુ લયાત્મક ગદ્યમાં વિસ્તારથી વર્ણન કરે છે. જીવાત્મા કે હંસદેવની વારતા પૂરી થતાં હંસદેવનું મંગળ ઈચ્છતાં સ્વજનો સમાધિ સન્મુખ યથા શકિત દાન–પુણ્ય કરે છે જેને સાધુ સ્વીકારે છે.

## ભીલોની નર્ક–સ્વર્ગ વિશેની માન્યતા અને વેદો :

ઋગ્વેદમાં નર્ક વિશેની સ્પષ્ટ આધાર પ્રાપ્ત થતાં નથી. ઋગ્વેદમાં કહેવાયું છે કે 'હું ઈન્દ્ર અને સોમ, દુષ્ટોને ભારીને અલગ અંધકારમાં ફેંકી દો !" જે લોકો સોમના આદેશોનું પાલન ન કરે અને જેમને સોમ ઘૃણા કરે કુદૃષ્ટિથી જુએ તેમને ખાડામાં ફેંકી દો !" (૭/૧૦૪/૧૧,૧૦/૧૫૨/૪, ૯/૭૩/૮ આદિ) આ વૈદિક વચનોથી સ્પષ્ટ થાય છે કે ઋગ્વેદીય એવો વિશ્વાસ ધરાવતા હતા કે પૃથ્વીની નીચે કોઈ અંધગર્ન છે જ્યાં દેવો દ્વારા દુષ્ટોને ફેંકવામાં આવતા હતા. પરંતુ ઋગ્વેદમાં નર્કની યાતનાનું કોઈ વર્ણન પ્રાપ્ત થતું નથી. અથર્વવેદમાં નર્ક વિશે સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. (૨/૧૪/૩) અથર્વવેદમાં કહેવાયું છે કે "જે વ્યકિત કોઈ બ્રાહ્મણ સન્મુખ થૂંકે છે અથવા જે તેના પર દાન–કર નાખે છે. તે રકતની નદીની મધ્યમાં વાળને દાંતથી કાપતો રહે છે. (૫/૧૯/૩) ભીલ સાધુ દ્વારા લોહીની નદીમાં હંસદેવ (જીવાત્મા) ની થતી 'ગત' સાથે અથર્વવેદનું આ વર્ણન મળતું આવે છે.

ઋગ્વેદમાં યમને માનવોનો અધિપતિ અને સૂર્યપુત્ર (वैयस्तत) કહેવામાં આવ્યો છે. (૧૦/૪૮/૧) આ ઉપરાંત ઋગ્વેદમાં યમને 'મૃત્યુ' કહ્યો છે. (૧૦/૧૬૫) અથર્વવેદમાં પણ યમનો ઉલ્લેખ મળે છે. "યમને આહુતિ આપો. તે સર્વ પ્રથમ મરવાવાળો માનવ હતો. તે આ લોકમાંથી સૌથી પહેલા ગયો તે વિવસ્વાનનો પુત્ર અને મનુષ્યને એકઠા કરવાવાળો છે. (૧૮/૩/૧૩) ઐતરેય બ્રાહ્મણમાં કહેવાયું છે કે મૃત્યુની પાસે પાશ (બંધન) અને સ્થાણુ (કતારની ગદા) હોય છે. જેનાથી દુષ્ટ કર્મ કરવાવાળા મનુષ્યો પકડાઈ જાય છે. પુરાણોમાં યમલોક અને યમના સહાયકોનું, જેમાં ચિત્ર ગુપ્ત મુખ્ય છે. ચિત્રાત્મક વર્ણન મળે છે. અગ્નિપુરાણમાં વર્ણવાયું છે કે યમની આજ્ઞાથી ચિત્રગુપ્ત પાખીઓને ભયાનક નરકોમાં નાખવાની ઘોષણા કરે છે (૩૭૧/૧૨) ના આધાર પરથી જાણવા મળે છે.

વિષ્ણુપુરાણમાં સાત નર્કલોકનું વર્ણન પ્રાપ્ત થાય છે જ્યારે યાજ્ઞવલ્કય સ્મૃતિ, અગ્નિપુરાણ, નારદસ્મૃતિ અને મનુસ્મૃતિમાં એક વીસ નર્કલોકનું વર્ણન મળે છે. આમ યમ અને નર્કલોક વિશેની કલ્પનાઓ ક્રમશઃ વધતી ચાલી છે. લોહશંકુ નામના નર્કમાં જીવાત્માને લોઢાના ખીલાથી વીંધવામાં આવે છે. 'શાલ્મલિ' માં તેને શીમળાના રૂની જેમ શૂળોથી છેદવામાં આવે છે. નદી નામના નર્કમાં વ્યકિતને વૈતરણી નદીમાં વહેવડાવવામાં આવે છે. લોહદારક નર્કમાં જીવાત્માના અંગોને લોઢાથી કાપવામાં આવે છે. વિષ્ણુધર્મ સુત્ર પ્રમાણે જીવાત્માને ભૂખ તરસથી તડપાવવામાં આવે છે. ભોજન અને પેટા પદાર્થોની લાલસા રાખવાવાળા જીવાત્માને જેમના મુખ કાગડા જેવા હોય છે એવા યમ–કિંકરોથી મારવામાં આવે છે. (૪૩/૩૨–૪૫)

ભીલ આદિવાસીઓની 'હંસદેવની વારતા', 'લાલુ અરિદાની વારતા' અને 'કરમીરા ઝીવરાની વારતા' માં નર્ક વિશેનું આવા પ્રકારનું વર્ણન થયેલું જોવા મળે છે.

હંસલાને લઈને યમ વૈકુંઠના મારગે જવા લાગ્યા છે. આગળ જતાં લોહીની નદી આવી છે.....લોહીની નદી જાઈને હંસલો કલ્પાંત કરતો વિચારે છે, 'કોઈ ગાયનું દાન કરે તો જ હું આ લોહીની નદી પાર કરી શકું'' ... યમ હંસલાને લઈને બીજા ખંડમાં આવે છે. આગળ જતાં લોહના ગોબરું (કાંટાવાળા બીજ) આવે છે. હંસદેવ ચાલવા જાય છે તો ગોબરુંના કાંટા વાગે છે અને આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી છે.... યમ પીઠમાં લચ્છીઓ મારે છે અને હંસલો દુઃખથી ચીસો પાડતો વૈકુંઠના મારગે જવા લાગ્યો છે. આગળ સાંકડી શેરી આવે છે. પ્રવેશદ્વારમાં આડી લાકડી મૂકી છે. પ્રવેશદ્વાર પાસે બેઠેલો બાવો મૃત્યુલોકમાં કરેલા સોવા–રૂપાનાં લેબાં–જોખાં કરે છે. બાવો અહીં અગ્નિ પુરાણના ચિત્રગુપ્તની યાદ આપે છે.

યમ પીઠમાં સિંદૂરવર્ણના ભાલા મારે છે અને હંસલો દુઃખથી ચીસો પાડતો સાંકડી હોરી પસાર કરી વૈકુંઠની જમણી પોળે આવે છે..... ભરબપોર થયો છે. તીખો તાપ પડે છે. માર્ગમાં બ્રહ્મા જોશી પાપ–પુણ્યના લેખા–જોખા કરતા કહે છે. ''હંસદેવ અહીથી વૈકુંઠની વાટ આવી, જેમણે માર્ગ જશો તો વૈકુંઠપુરીમાં કરોડો જીવ વિરાજે છે. સોનાની વાળીમાં મોતીચુરના લાડુ પીરસવામાં આવે છે. પુણ્યશાળી જીવો મોતીચુરના લાડુ જમે છે. હંસદેવને જમવા કોઈ લાડુ આપતું નથી. હંસલો કહે છે. ''ભગવાન મને ખાવા માટે કોઈ લાડું આપતું નથી''. ભગવાન કહે છે ''હંસદેવ તે કોઈને અન્નદાન કર્યુ હોય તો માગજે.''

ઋગ્વેદનું સ્વર્ગ વિશેનું વર્ણન ભીલ વાચિક સાહિત્યમાં સ્થિત સ્વર્ગની કલ્પનાઓને મળતું આવે છે. પરંતુ તેની તુલનામાં ઋગ્વેદનું વર્ણન વધુ વિશદ અને સ્પષ્ટ છે. ત્યાં કહેવાયું છે. "સ્વર્ગનું જીવન આનંદો અને પ્રકારોથી પરિપૂર્ણ છે અને (સ્વર્ગ મળનાર) લોકોની બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ જાય છે. (૯/૧૧૩/૧૦–૧૧) "સ્વર્ગમાં યમનો નિવાસ હોય છે અને ત્યાં વાંસળીઓ અને ગીતોનો નાદ થતો રહે છે. (૧૦/૧૩૫/૭) અથર્વવેદ ઋગ્વેદની તુલનામાં વધુ લૌકિક છે અને તેમાં સ્વર્ગ વિશે વધુ સ્પષ્ટ વર્ણન મળે છે. તેમાં કહેવાયું છે કે "સ્વર્ગલોકમાં ત્યાંના નિવાસીઓ માટે ઘણી સ્ત્રીઓ હોય છે તેમને ભોજ્ય છોડ અને પુષ્પ પ્રાપ્ત થાય છે. ત્યાં ઘીના તળાવ, દૂધ અને મધુની નદીઓ હોય છે. સુરા જળની જેમ વહે છે. નિવાસીઓની ચારેબાજુ કમળોના જળાશયો હોય છે. સ્વર્ગમાં ગુણવાન લોક પ્રકાશાનંદ પ્રાપ્ત કરે છે અને તેમનાં શરીર રોગમુકત રહે છે. (૩/૩૪/૨, ૫–૬)

કઠોપનિષદ અને તૈતરીય બ્રાહ્મણમાં મૃત્યુ પછી સ્વર્ગમાં આત્માની સ્થિતિની ચર્ચા દ્રઢતાપૂર્વક કરવામાં આવી છે જે 'ઓસદેવની વારતા' ના પુણ્યશાળી જીવાત્માની સ્થિતિ સાથે સાદૃશ્યના ધરાવે છે. કઠોપનિષદમાં કહેવાયું છે "સ્વર્ગમાં નથી તો ભય, નથી તો વૃદ્ધાવસ્થા ત્યાંના નિવાસી ભૂખ, તરસ અને ચિંતાથી વિકળ નથી થતા, તેઓ આનંદોની વચ્ચે રહે છે." (૧/૧૨) તૈતરીય બ્રાહ્મણમાં કહેવાયું છે, "પવિત્ર લોકો અને વીરગતિ પ્રાપ્ત લોકોને સ્વર્ગ પ્રાપ્ત થાય છે અને તે લોકની સુંદર ખાદ્ય વસ્તુઓ જેમ કે ધૃત, મધુ વગેરે પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. (૩/૧૦/૧૧)" આ પછી મહાકાવ્યકાળમાં પુણ્યાત્મા અને વીરાત્માને અનેક લાલચો આપવામાં આવી છે અને સ્વર્ગમાં સુખોનું કલ્પનાપ્રચુર વર્ણન કરવામાં આવ્યું છે. વનપર્વમાં સ્વર્ગાનંદનું વર્ણન છે. ત્યાં પંકહીન અને સુવર્ણકમલ–પુષ્પયુકત જળાશયો છે. જેમના તટ પર ગુણવાન લોકો રહે છે, અપ્સરાઓ જેમનું સન્માન કરે છે અને તેમનાં શરીરો પર સુગંધિત કાન્તિવર્ધક અંગરાગ લગાવે છે. તેઓ આભૂષણો ધારણ કરે છે અને દિપ્તિમાન સ્વર્ણિમ રંગોવાળા હોય છે.

## હિન્દુધર્મ અને આદિવાસીઓ :

ભારતમાં નિષાદ–ભીલ, પુલિંદ, કિશન આર્ય જેવી જાતિઓ નાના–મોટા સંઘર્ષો પછી સ્થાઈ થઈ છે અને સંવાદ રચાયો છે. એમના બોલી–ભાષા, સાહિત્ય, શ્રધ્ધાઓ લૌકિક

માન્યતાઓ, ધર્મ અને જીવનદર્શન એક–બીજામાં ભળ્યા અને તેમાંથી હિંદુધર્મ આવિર્ભાવ પામ્યો છે.

એક સંસ્કૃત જાતિ–સભ્યના માટે 'આદિવાસી' શબ્દ પ્રયોજી વસતી ગણતરીના અહેવાલોમાં જે.એ.બેઈન્સ (ઈ.સ. ૧૮૯૧) અને જે.ટી.માર્ટેન (ઈ.સ. ૧૯૯૧) જેવા પરદેશી વિદ્વાનોએ આદિવાસીઓને પ્રકૃતિપૂજકો, ગૂઢ આત્માવાદી, પૂર્વપૂજકો અને જાદુ–ટોણામાં આસ્થા ધરાવનારા અને હિન્દુ ધર્મથી અલગ 'આદિવાસી' ધર્મ પાળનારા લોકો તરીકે વર્ણવ્યા છે.

પણ હિન્દુધર્મના પૂર્વકાલીન ધર્મગ્રંથો તપાસવાથી સહેજે ખ્યાલ આવે છે કે આર્યો પણ પ્રકૃતિપૂજકો અને ગૂઢ આત્માવાદી હતા. આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક લોકોની માફક આર્યોએ પણ પ્રાકૃતિક બળો અને અદૃશ્ય શકિતઓનું માનવીકરણ કરી તેઓને દેવીદેવતા તરીકે સ્થાપી તેઓને રાજી રાખવા સ્મૃતિઓ ગાઈ છે. તેઓમાં પણ પૂર્વજપૂજા પ્રચલિત હતી અને પૂર્વજોને ખુશ કરવા શ્રાધ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી. જે આજ દિન સુધી હિન્દુઓમાં અને આદિવાસીઓમાં પ્રચલિત છે. તેઓના દેવીદેવતાઓમાં ઉષાને પ્રભાતની દેવી, પૃથ્વીઓને પ્રાણીઓની માતા, આકાશને પિતા, ઈન્દ્ર અને વાયુને વરસાદના દેવતા અને બૃહસ્પતિને વાણીનાદેવ ગણવામાં આવ્યા છે. ઋગ્વેદકાલીન આર્યોએ–પ્રાકૃતિક અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્વોને દેવ– દેવીઓ તરીકે માન્યા છે. આ દેવ–દેવીઓ આદિવાસી કે પ્રાગૈતિહાસિક દેવ–દેવીઓ સાથે સામ્ય અને નજીકનો સંબંધ ધરાવે છે. તેઓ મનુષ્યની જેમ જ ક્રિયા–કલાપ કરે છે. આ દૈવી તત્વો માનવની જેમ જ ખાતાં–પીતાં હોવાથી આર્યોના યુદ્ધ દેવતા ઈન્દ્ર સોમપાન કરે છે જ્યારે ભીલોનો શિકાર અને યુદ્ધનો દેવ આયરો મધુપાન કરે છે અને પશુ બલિ લે છે. વધુ વરસાદ પાક અને પશુઓની વૃદ્ધિ માટે આર્યો યજ્ઞો કરીને પશુ બલિ ચડાવતા જ્યારે ભીલો અત્યારે પાક કે અનાજની અભિવૃદ્ધિ અને ખેતરના ખળમાં 'રખી' નામના પ્રાકૃતિક દેવતા (વંટોળ–ચક્રવાત) ની સ્થાપના કરે છે અને શ્રીફળ વધેરે છે.

દેવોને વશ કરીને ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વસીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિમોતી તાવીજો અને વિવિધ ક્રિયા–વિધિઓના પ્રયોગો બતાવા છે, જે અત્યારે આદિવાસીઓની જિવાતી

જીવનરીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો તેઓના પુરોહિતો કરતા, જ્યારે અત્યારે આદિવાસીઓના ભૂવા કે ભોયા આ ધાર્મિક વિધિઓ કરે છે. વર્તમાન આદિવાસીઓની જેમ આર્ય ઉપાસકોના અધ્યાત્મભાવ સરળ છતાં ગૂઢ રહસ્ય સ્વરૂપે વ્યકત થયેલો હતો. આથી આદિવાસીઓને પ્રકૃતિપૂજકો, ગૂઢ આત્મવાદી અને જાદુ–ટોણા અને મંત્ર–તંત્રાદિમાં આસ્થા ધરાવનારા લોકો તરીકે ગણી ભારતીય સભ્યતાથી કે હિન્દુ ધર્મથી અલગ પ્રજાતિ રૂપે તારવવાની ભૂલ કરવી જોઈએ નહીં.

આર્યોને દ્રવિડ, પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે જ મૂળભૂત રીતે હિન્દુ ધર્મનો ધાર્મિક–સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. પૃથ્વીની ઉત્પત્તિ અને અવતાર કથા જેવાં ભારતનાં પૌરાણિક કથાનકો, કર્મ અને પુનર્જન્મ વિશેના વિચારો, સર્વ–વૃક્ષ–લિંગપૂજા 'હોમ' ની વૈદિક વિધિથી ભિન્ન હિંદુ ઉપાસના–પૂજા વિધિ વગેરેના મૂળ આર્યેતર પ્રજામાં છે. હિંદુ જીવનના રીત–રિવાજોમાં નાગરવેલ, સિંદૂર અને હળદરનો ઉપયોગ વહાણવટાને લગતા હુન્નરો વગેરે આર્ય સિવાયની પ્રજામાં પ્રદાન છે. આમ, વર્તમાન હિન્દુ ધર્મનું સ્વરૂપ, મુખ્યત્વે આર્ય અને દ્રવિડ નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. હિન્દુધર્મનું આ સમન્વયી રૂપ પ્રાગૈતિહાસિક સભ્યતાથી આરંભી નાપ્રશ્મ, ઐતિહાસિક અને સ્વતંત્ર ભારતની વર્તમાન સભ્યતા સુધી અભિન્ન રહ્યું છે અને વિકસતું રહ્યું છે. અહીં ખેડબ્રહ્મા અને દાંતા તાલુકામાંથી ભીલ સમાજ અને સંસ્કૃતિ વશે જે માહિતી સંશોધન–સંકલિત કરી છે, તેને તપાસતાં પણ આ બાબતનો ખ્યાલ સહેજે આવે છે. જેથી ભારતીય સંસ્કૃતિ અટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહિ શકાય." ભારતીય સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને અપ્રૈતની મહત્તમ અનુભૂતિ સુધીના વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારત ભૂમિને રંગમયી, વિચારમયી ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિનો તાણો વાણો પ્રાગ–વૈદિક 'સાગમ' અને વૈદિક 'નિગમ' બન્ને વિચારો, ભાષાઓ અને પ્રજાતિઓમાંની આર્ય પણ એક પ્રજાતિ જ હતી. ભારતમાંથી બહારના દેશોમાં જઈને ત્યાં ભારતીય સંસ્કાર–શાસન સ્થાપવા તેઓ સમર્થ બન્યા હતા. આમ આર્ય તત્વોના તાણાઓ અને

આર્યેતર તત્વોના વાણાઓ–એ "સમન્વયી ભારતીય સંસ્કૃતિ" નું પોત વણ્યું છે અને આ ભારતીય સભ્યતા સંસ્કૃતિનું ભાતીગળરૂપે આર્યો અને અન્ય પૃથતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

## ઉત્તર ગુજરાતની ભીલ ભજનવાર્તાઓ : તત્વદર્શન અને સંસ્કૃતિદર્શન :

ઉત્તર ગુજરાતની ડુંગરી ભીલ આદિવાસીઓની મરણોત્તર વિધિ વખતે રજૂ થતી કથાઓ વિશે આપણે અગાઉ વિસ્તારપૂર્વકનાં અભ્યાસને તપાસવો જોઈએ. ત્યારબાદ ભીલ–સમાજના વિધિ–વિધાનો અને તેની સાહિત્યિક સમજણને તપાસી શકવાનો આ એક ઉપક્રમ છે. મરણોત્તર વિધિ વખતે રજૂ થતી કથાઓમાં મુખ્યત્વે 'હમાધ' પઢવાની ક્રિયા વખતે કહેવાતી 'ઓસદેવની વારતા', 'ભીલભજન વારતા', 'બાબુસરિદા', 'ગોપીચંદ–ભરથરીની વારતા', 'રામદેવની વારતા', 'રામદેવની (પાઠાંતર) વારતા', 'સરિયાળો શેઠ' કથાઓ મુખ્ય છે. આ કથાઓમાં પ્રગટ થતું આદિવાસી સમાજનું તત્વદર્શન અને સંસ્કૃતિગત વિલક્ષણના તારવવા આ ઉપક્રમ સેવ્યો છે.

ગુરૂનું મહત્વ આ કથાઓમાં વિશેષ રીતે જોવા મળે છે. ગુરૂ જ ભવપાર ઉતારી શકે એ ખ્યાલ દરેક કથામાં કોઈને કોઈ રીતે પ્રગટ થયો છે. ગુરૂ સાચા શિષ્યની પરીક્ષા કરે છે. 'ઓસદેવની વારતા' માં હંસદેવને ભગવાન ગુરૂ બની સમજાવે છે. જીવનના ઔલોકિક તારતમ્યનો ખ્યાલ આપે છે. 'લાલુ અરિદા' માં પણ ભગવાન શંકર પોતે હરિદાસને ઉપદેશ આપે છે. લૌકિક પ્રયોજનો છોડી દઈ ભગવાનની ભકિત કરવા જણાવે છે. ગોપીચંદ–ભરથરીની કથામાં ગુરૂનાથ ગોપીચંદને દીક્ષા આપે છે અને ગોપીચંદ વૈરાગી બને છે. આ કથામાં ગુરૂનાથ પોતાના ચેલાઓની પરીક્ષા કરે છે. ગુરૂનાથ ચેલાઓને જણાવે છે. ગુરૂનું સત ડુબી ગયું છે એને પાછુ લાવવા માટે તમે કુવા કે નદીનું ન હોય તેવું માંસ લાવો. આમ આકરી પરીક્ષા દ્વારા કસોટી કરે છે તો કયારેક કુંભોરાણો ખોદા મેઘવાળની ભકિતની પરીક્ષા લે છે. તેમાંથી આબાદ રીતે પાર ઉતરે છે. આ બધા કથા પ્રસંગોમાં ગુરૂનં સત્ શિષ્યોને તારે છે.

## ભીલ આદિવાસી–લોકવિધા–પરંપરા અને પ્રકારો : ભીલ સમાજના ગીતો :

આ પહેલાં મૌખિક પરંપરાને સામાજિક સંદર્ભમાં સમજવા ભીલ આદિવાસી સમાજ, પૂર્વકાલીન–સાંપ્રતકાલીન–દેવી–દેવતા તથા શિકારી જીવનરીતિમાં સ્થિત પૂર્વકાલીન સમાજ

ધર્મ, અનુષ્ઠાન, મૌખિક પરંપરા, સંગીત, નૃત્યો ઈત્યાદિના મૂળ સ્ત્રોત અને તેમાંથી સ્થિર થતી આવતી લોકવિદ્યાની ચર્ચા અહીં કરવામાં આવી છે.

લોકસંસ્કૃતિ (folk-culture) ની એક મુખ્ય શાખા તરીકે લોકવિદ્યા(folk-lore) અને તેની ભિન્ન–ભિન્ન પ્રશાખા તરીકે લોકસાહિત્ય (folk-literature) લોકસંગીત (folk-music) લોકનાટ્ય (folk-drama) લોકનૃત્ય (folk-dance) લોકકલા (folk-art) લોકમાન્યતા (folk-belif) ઈત્યાદિ તથા લોકસાહિત્યના ભિન્ન–ભિન્ન સ્વરૂપો લોકગીત (folk-song) ગીતકથા (folk-balled) લોકકથા (folk-tale) લોકમહાકાવ્ય (folk-epic) વગેરે શબ્દસમૂહો લોકજીવન અને તેના વિવિધ રૂપોનો શાસ્ત્રીય અભ્યાસ કરવા પરિશ્રમમાંથી પ્રવેશી ભારતીય લોકવિદ્યા–લોકસાહિત્યક્ષેત્રે સ્વીકાર પામી સ્થિર થયા છે. તેનું પ્રમુખ કારણ આ વિદ્યાશાખા લોકવિદ્યાના શાસ્ત્રીય અભ્યાસનો આરંભ સૌથી પહેલા પરિશ્રમાં થયો છે. 'લોક'–'લોક' ની મૌખિક પરંપરા અને તેના વિવિધ સ્વરૂપોને સમજવામાં પરિશ્રમનાં આ તૈયાર નામકરણ કેટલાંક અંશે ઉપયોગી પણ થયાં છે. પરંતુ ભારતીય લોક તો વિરાટ છે. પ્રદેશે પ્રદેશે તેનાં અનોખાં અનેક રૂપ છે. આ સ્થાનીક રૂપોનાં સ્થાનીક નામ છે. અગ્રતાક્રમ આપી પહેલા તેમનાં સામાજિક સંદર્ભમાં સમજવા જોઈએ. આ પછી તેમના સ્વરૂપોને સમજતાં આવશ્યકતા જણાય ત્યાં પરિશ્રમ ના તૈયાર નામકરણનો ભારતીય કે સ્થાનીક સંદર્ભમાં વધુ સ્પષ્ટતા માટે ઉપયોગ કરવો જોઈએ. જેમ કે ખેડબ્રહ્મા દાંતા તાલુકાના ભીલોમાં ઋતુચક્ર પ્રમાણે આપના પર્વ–પ્રસંગો સમયે ગવાતાં અને કહેવાતા લોકસ્વરૂપો 'અરેલો', 'ભજનવારતા', 'વતામણાંના ગીતો', 'હગનાગીતો' વગેરે પરંપરિત નામાભિધાન છે. તેના સ્વરૂપની ચર્ચા અને વર્ગીકરણ કરતી વખતે આ જે તે લોકમાં પ્રચલિત નામ કાયમ રાખવા જોઈએ અને સમાજના સંદર્ભમાં લોકને અભિપ્રેત અર્થમાં સ્વરૂપો સમજવા જોઈએ.

ડૉ.હસુ યાજ્ઞિકે આ વિદ્યાશાખાના સીમાચિન્હરૂપ પુસ્તક 'લોકવિદ્યા વિજ્ઞાન' માં સંશોધક– સંપાદક દ્વારા ભીલ સાહિત્યના સંપાદિત ૩૫ પુસ્તકોનો સર્વાંગી અભ્યાસ કરી 'આદિવાસી લોકવિદ્યા' ને ભારતીય અને ગુજરાતી લોકવિદ્યા ક્ષેત્રે એક સ્વતંત્ર ધારા તરીકે સ્વીકાર કર્યો છે. આથી આપણે અહીં 'આદિવાસી લોકવિદ્યા' વિશે ગંભીરતાથી વિચારીએ છીએ. જેથી ભીલ આદિવાસી લોકવિદ્યા તેમના સમાજના સંદર્ભમાં ગ્રામ અને નગરની

લોકવિદ્યાથી સ્વરૂપે–પ્રકારે વિષયે કયાં અને શા માટે નોખી પડે છે તે બાબત તળગામી રીતે વધુ સ્પષ્ટ થાય. આરંભે ભીલ આદિવાસી લોકવિદ્યાના એક પેટા પ્રકાર મૌખિક લોકસાહિત્યના એક સ્વરૂપ 'લોકગીત' વિશે વિચારીએ છીએ.

મૌખિક સાહિત્યનું સ્વરૂપ એક વિશિષ્ટ ભૂભાગ પર વસતી જાતિ સમાજના 'લોક' ના સામાજિક–ધાર્મિક–આર્થિક પ્રયોજની માટે સ્થાનીક બોલી ભાષામાં બંધાતું હોય છે. આવું સાહિત્ય સામાજિક સંસ્કાર અને ધાર્મિક અનુષ્ઠાન સાથે સંકળાય છે અને વિધિ–વિધાન સાથે ક્રિયાશીલ થઈ પર્વ–પ્રસંગે લોકમુખે અભિવ્યકત થાય છે. આ સાહિત્યમાં લોકને અભિપ્રેત જીવન અને જગતને જાણવાનું દર્શન હોય છે. આથી જે તે જાતિની આવી સાંસ્કૃતિક બાબતો આત્મસાત ન કરવામાં આવે ત્યાં સુધી અન્ય સમાજની વ્યકિતના પલ્લે કશું પડતું નથી તથા જે તે સમાજ અને તેના સાહિત્યને સમજવામાં ખોટા અર્થઘટનોની સંભાવના રહે છે. આપણે ઉપક્રમ ભીલગીતને તેના સામાજિક સંદર્ભમાં સમજવાનો છે.

આપણે જે તે 'લોકગીત' તરીકે ઓળખીએ છીએ તેને ભીલ સમાજ 'ગીતા' કહે છે. દૈનિક વ્યવહારની બોલી–ભાષામાં ગીતનું બહુવચન 'ગીતા' જ બોલાય છે. તેનું મહત્વનું કારણ ભીલ સમાજમાં નીજાનંદ માટે કે સમાજ કે બહારની અન્ય વ્યકિતના આનંદ કે પ્રયોજન માટે એકલ દોકલ ગીત ગાવાનું નથી, લોકવાદ્ય વગાડાતું નથી કે નૃત્ય કરાતું નથી. ગીતો સમૂહમાં લોકના સામાજિક– ધાર્મિક પ્રયોજન કે આનંદ માટે ગણાય છે. તેનો આરંભ ભલે એક વ્યકિત કરતી હોય પણ સમાજને આવશ્યક સંઘોર્ષિ રૂપે પ્રગટે છે. આવાં ગીતો ઋતુચક્ર પ્રમાણે આવતા પર્વપ્રસંગના વાતાવરણમાં પૂરો દિવસ કે પૂરી રાત અનેક સંખ્યામાં ગણાય છે માટે ભીલ સમાજ તેને 'ગીતા' કહે છે અને મૌખિક પરંપરામાં 'ગીતા' નામકરણ રૂઢ થયું છે. પર્વ–પ્રસંગ વિના 'ગીતા' ગાવાની પ્રથા ભીલ સમાજમાં નથી.

ભીલ ગીતાંની બીજી વિશેષતા એ છે કે દરેક પર્વ–પ્રસંગમાં ગવાતા ગીતનું સ્વરૂપ અને તેને સંલગ્ન વાદ્ય પરંપરામાં નિયત થયેલું હોય છે. સામાજિક પ્રસંગે સાંગ નામના ચર્મવાદ્ય સંલગ્ન ભજન ગાવાનો પ્રતિબંધ છે. કોઈ વ્યકિત આ નિયમનો ભંગ કરે તો તો સમાજના શેષ અને દંડનો ભોગ બને છે.

મૌખિક સાહિત્યની પ્રસ્તુતિ સમયે ગાયક–વાહકોએ પ્રસંગ પ્રમાણે કેટલાક સામાજિક

નિયમો પાળવા પડે છે. મેળામાં ગાવાનાં ગીતોનો વિષય સામાજિક હોય છે. આવાં ગીતોનો ઉદ્દેશ્ય સામૂહિક આનંદ મેળવવાનો હોય છે. આથી એક ગાયકનું ગીત કાપીને બીજો ગાયક નવા ગીતનો આરંભ કરી શકે છે. જ્યારે દિવાળીના પર્વે ગવાતા અરેલાનો વિષય ધાર્મિક હોય છે. શ્રોતા–દર્શક–સહભાગી ધાર્મિક શ્રધ્ધાથી પ્રભાવિત હોય છે. આવા સમયે બીજો વાહક–ગાયક નવા રહેલાનો પ્રારંભ કરે છે. આગળના અરેલામાં આવેલા દેવી–દેવતાનું ગૌરવ હણાય છે અને તેમનું અપમાન થાય છે એવું માનવમાં આવે છે. આથી બીજો ગાયક–વાહક આગળતા અરેલાનો પ્રસંગ કાપીને નવા અરેલાને ગાઈ શકતો નથી. આમ સામાજિક–ધાર્મિક પર્વ–પ્રસંગો પ્રમાણે ગવાતાં ગીતો અને ધાર્મિક સાહિત્યનું સ્વરૂપ, વિષય પ્રમાણે તેનું નામકરણ અને તેને સંલગ્ન વાદ્ય તથા નૃત્ય પરંપરામાં નિયત થયેલું હોય છે. આથી તેનું સ્વરૂપ સમાજનાં અને વિષય પ્રમાણે વર્ગીકરણ કરતા સમાજને અભિપ્રેત સામાજિક–ધાર્મિક બાબતો ધ્યાનામાં રાખવી જોઈએ.

લિખિત સાહિત્યથી ભિન્નતા દર્શાવવામાં અને તેના સ્વરૂપને સમજવા મૌખિક પરંપરાના પ્રત્યેક સાહિત્ય સ્વરૂપ આગળ ‘લોક’ શબ્દ પ્રયોજીએ છીએ, પરંતુ ભીલસમાજ ‘લોક’ શબ્દ અન્ય ગામ અને નગરના સમાજના લોકો માટે પ્રયોજે છે અને તિરસ્કાર વ્યકત કરવા વ્યંગમાં ‘લોકા’ કહે છે આથી ભીલ ગીત કે તેના અન્ય મૌખિક સ્વરૂપ આગળ ‘લોક’ પ્રયોજનો તેમના સામાજિક સંદર્ભમાં સર્વથા અયોગ્ય ગણાય. આથી અન્ય સમાજના અભ્યાસીને સમજવા ભીલ લોકગીત માટે બહુવચનમાં ‘ભીલ ગીતાં’ ભીલોનાં ગીતાં ભીલ સમાજમાં ગીતો કે ‘ભીલોનાં ગીતો’ શબ્દ પ્રયોજવા યોગ્ય ગણાય.

## સ્વરૂપ :

લોકગીતની જેમ ગેય તત્વ એ ભીલોનાં ગીતોનું પ્રમુખ અધિકારિક લક્ષણ છે. પરંતુ ગેયતાની અનુભૂતિ માટે ભીલ સમાજના આગવા પોતીકા ખ્યાલો છે. તીણા–મીઠા–મધુર સ્વરો તેમને પ્રિય નથી. મુખ્ય ગાયકોનો તીણો સ્વર થતાં જ સહાયક ગાયકોને ગાવામાં રસ પડતો નથી અને મુખ્ય ગાયકને રોકે છે. ‘ઝાડા–પાટી રાગે ગાક’લા (ગાક’લી) મેઘ ઓઝ ઝેંણો ઝેંણો ધધમ ! (ઝાડા) ભારે રાગે ગા અલ્પા (ગા અલી) મેઘની જેમ ધીમો ધીમો ગરજ !) સમાજમાં ગીત પ્રવીણ ગાયક માટે ‘હાકરિયા ગીતાંનો ગિતારિયો’ (સાક જેવા મીઠાં ગીતોનો ગાયક) કે

'હાકરિયાં ગીતાની ગિતારી બાઈ' કહેવામાં આવે છે ત્યારે તેમને મત મેઘ નગારું ઢોલ જેવા ઘોર–ગંભીર સ્વરો અભિપ્રેત હોય છે.

ઢોલ–સાંગ (ચર્મવાદ્ય) ના સિદ્ધ થયેલા વિવિધ નાદ–તાલ તથા વિવિધ પ્રસંગે પડાતી 'રિવરિયો' (કિકિયારીઓ) ના ધ્વનિ સંકેતો, તેમાંથી આવિર્ભાવ પામેલી વાણી અને સિદ્ધ થયેલાં અર્થોમાં ભીલોના ગીત–સંગીત–નૃત્યના મૂળ સ્ત્રોત છે.

ગીત તો પરંપરામાંથી પહેલેથી જ ગાયક–વાહકના ચિતમાં પડેલું હોય છે, પરંતુ ગીત ગીવાના આરંભ પહલાં સહાયક ગાયકો કે રાગિયા દ્વારા પાડવામાં આવતી રિવરિયો ગીતના સ્વરૂપને પ્રગટાવવામાં સહાયક થાય છે. રિવરિયો ગાયકને ઉત્તેજે છે અને તેને ગીત ગાવા માટે 'તેઝ' (શૂર) ચડે છે. ભિન્ન–ભિન્ન પ્રસંગે પડાતી રિવરિયાના ધ્વનિસંકેતોના ભખ અર્થ ભિન્ન– ભિન્ન હોય છે. શિકારને મારવાના આવેશમાંથી જન્મતી રિવરિયો ક્રોધનો ભાવ જન્માવે છે. શિકારને મારવાના આવેશમાંથી જન્મતી રિવરિયો ક્રોધનો ભાવ જન્માવે છે. ગોત્ર ગોત્ર વચ્ચે થતાં ચરેનરાં (ચઢાઈ) સમયે પડાતી રિવરિયો શત્રુને પડકારવાના લલકારો વ્યકત કરે છે. ઋતુચક્ર પ્રમાણે આવતા ધાર્મિક–સામાજિક પર્વ–પ્રસંગોએ ઢોલના નાદ–તાલ સાથે થતા નૃત્યો સમયે પાડવામાં આવતી રિવરિયો હર્ષાવેશના ધ્વનિસંકેતો સૂચવે છે. આ વિવિધ ક્રોધ, હર્ષાવેશ કે દુઃખના ધ્વનિ સંકેતોની સામૂહિક દેહ, લયનું રૂપ ધારણ કરી ઢોલસાંગતા નાદ–તાલ–સંગીત સાથે નૃત્યમાં પરિણામે છે.

એકલી ગેય રિવરિયોના પ્રકારની ચર્ચા કરવામાં આવે તો પણ પ્રેમના ગીત, વેરના ગીત, ખૂન–હત્યા કે પરાક્રમના ગીતની રિવરિયો ભિન્ન–ભિન્ન પ્રકારની હોય છે. રિવરિયો પાડતી વેળાએ મુખમાંથી પ્રગડતા સ્વર–ઘોષ સાથે ચેહરા પર પ્રગટતા ભાવોમાં ગીત પ્રમાણે ભિન્નતા હોય છે. વીર રસના ગીતમાં બુલંદ કંઠે ગીતનો આરંભ, લલકારભરી રિવરિયો, ગાયકનો તલવારના ઝટકાનો અભિનય (તલવારે ઝટકાવો લા કિરિયા) વગેરે ક્રિયાકલાપો દ્વારા વીરરસ ગાયક–દર્શક– સહભાગીના હૃદયમાં સાધારીકરણ પામી સજીવ થાય છે. જમણાના ફટાણા જેવા ગીતોથી શ્રૃંગારની રિવરિયો આહાદ સાથે પ્રગટે છે અને શ્રૃંગારિક ક્રિયાકલાપો સાધારીકરણ પામી શ્રૃંગાર રસમાં પરિણમે છે.

આમ ભીલ ગીતોના પૂર્વકાલીન સ્વરૂપ વિશે વિચારતાં સમજાય છે કે લોકવાદ્યો દ્વારા પહેલાં સ્વરો પ્રગટે છે. આ સંગીતના સ્વરો સામૂહિક દેહને લય સાથે ક્રિયાશીલ કરી નૃત્યનું

રૂપ આપે છે. નૃત્યનો આનંદ રિવરિયો પ્રગટાવે છે અને રિવરિયો સાર્થક ગેય શબ્દો સાથે ગીતમાં પરિણમે છે. આમ ભીલગીતનાં સ્વરૂપનાં પ્રમુખ લક્ષણો ગેય સંગીત અને નૃત્ય છે. ગેયતા–સંગીત અને નૃત્ય ભીલોના ગીતોના પ્રાણભૂત તત્વો છે. આ તત્વો જ ગીતને વાચિક આકારમાં બાંધી પ્રગટાવવામાં સહાયક થાય છે.

ધાર્મિક સાહિત્ય–ગીત, કથાગીત, લોકાખ્યાન, લોકમહાકાવ્ય જેવા મૌખિક રૂપો તો ગાયક કે વાહકના ચિતમાં પહેલાંથી જ સ્થિત હોય છે. તેમને બહાર લાવવામાં સામાજિક–ધાર્મિક પર્વ પ્રસંગનું વાતાવરણ ઉદ્દીપકનું કામ કરે છે. જન્મ, લગ્ન, મેળા જેવા થોડાક દિવસ ચાલતો સામાજિક પ્રસંગ હોય તો સામાજિક સંસ્કારો સાથે ગવાતા ગીતો કે ગીતકથાઓ ટૂંકું રૂપ લે છે. ધાર્મિક પ્રસંગ હોય તો ગીત ધાર્મિક અનુષ્ઠાન અને લોકની પ્રબળ આસ્થા સંલગ્ન થઈ પ્રસંગ–ઘટના સાથે જોડાઈ ગીતાત્મક પુરાકથાનું રૂપ ધારણ કરે છે. દિવાળી–ગોર જેવા ધાર્મિક ઉત્સવ અનેક દિવસ ચાલતા હોવાથી પુરાકથા દીર્ઘરૂપ ધારણ કરી મહાકાવ્યમાં પરિણમે છે.

ગીતો લોકવાદ્યો, લોકનૃત્ય ઉપરાંત લોકનાટ્ય સંલગ્ન હોય છે. ગોર કે હોળી જેવા પંદર દિવસ ચાલતા લોકોત્સવમાં લોકનાટ્ય સંલગ્ન પ્રસ્તુત કરવામાં આવે છે. આવાં ગીતો લોકનાટ્યનાં આરંભ, મધ્ય કે અંતમાં ગાવામાં આવે છે.

કોબરિયા ઠાકોરનું અનુષ્ઠાન મેલું હોય છે. તેની સાથે અનેક ગેય લોકાખ્યાનો એન મહાકાવ્યો જોડાયેલાં હોય છે. આમ છતાં વચ્ચે વચ્ચે ગવાતાં 'મારી હાંક સોરુ રોવે ! કોવરલી સમ બોલે ! ઝમઝમ સરિયો વેસુરલો' જેવી રચનાઓ લોક ગીતનો છે. એમાં ગીતની નરી ઉર્મિશીલતા છે. એમનો પ્રાણ લોકગીતનો છે. આ ગીતો ઉર્મિગીતોના કુળનાં છે. થાળી જેવા ગોળ અને ઘેરને મળતા આવતા એક બાજુ ચર્મ મઢેલાં 'સાગ' તાલવાદ્યની સંગતમાં ગવાતાં આ નૃત્ય ગીતો છે.

## ધાર્મિક ગીતો :

વિષયની રીતે ભીલ સમાજનાં ગીતો મોટા બે વિભાગોમાં વહેંચી શકાય. સામાજિક ગીતો અને ધાર્મિક ગીતો. ધાર્મિક ગીતોમાં હોળી ગીતો, ગોરનાં ગીતો, દિવાળીનાં ગીતો, વતાંમણાંનાં ગીતો, હગનાં ગીતો, કોબરિયા ઠાકોરનાં ગીતો, દેવરાનાં ઠાકોરનાં ગીતો વગેરેનો

સમાવેશ થાય છે. આવાં ગીતો ધાર્મિક પર્વપ્રસંગો સંલગ્ન હોય છે. સામાજિક ગીતોમાં ગોઠિયાનાં ગીતો, ઈલો (હાલરડાં) લગ્નગીતો, મેળાનાં ગીતો, રાતીજગાનાં ગીતો, તેળખીના ગીતો વગેરેનો સમાવેશ થાય છે. આવાં ગીતો જીવનચક્ર સંલગ્ન સામાજિક પ્રસંગો સાથે વધુ સંબંધ ધરાવે છે. સામાજિક ગીતો સાંપ્રતમાં બનતી ઘટના–પ્રસંગોમાંથી રચવામાં આવે છે. આવાં ગીતોનો રચયિતા ખ્યાત હોય છે. સમાજના લોકો તેને જાણતા હોય છે.

ધાર્મિક ગીતોમાં દેવી–દેવતાની ઉત્પત્તિ, સાહસ અને વીરત્વભર્યા કર્યા તથા તેમનો મહિમા ગાવમાં આવ્યો હોય છે. આવાં ગીતો પૂર્વકાલીન હોય છે. પુરાકથાઓ, લોકાખ્યાનો, લોકમહા–કાવ્યોની જેમ વર્ષો પહેલાં આવાં ગીતોના પાઠ મૌખિક પરંપરામાં સ્થિર થઈ રૂઢ થયા હોય છે. વર્તમાન સમયમાં આવું ધાર્મિક સાહિત્ય રચાતું ન હોવાથી સામાજિક ગીતોની સરખામણીમાં ધાર્મિક ગીતોની સંખ્યા અલ્પ હોય છે.

લોકાખ્યાનો કે લોકમહાકાવ્યોની જેમ આવાં ગીતો ધાર્મિક પર્વ અને અનુષ્ઠાન સંલગ્ન હોય છે. કોબરિયા ઠાકોરની કોળીના અનુષ્ઠાન સમયે ગવાતાં ગીતો તો મંત્ર સંલગ્ન હોય છે. ગીતોમાં આવતાં પ્રસંગ–ઘટના–ચરિત્રો સાથે પૂર્વકાળથી જ પૂરા સમાજના લોકની અતૂટ આસ્થા જોડાયેલી હોય છે. સમાજગીતોમાં આવતી માન્યતાઓ રિત–રિવાજ આથી આવાં પ્રસંગો–ઘટના–ચરિત્રો પુરાકથાનું રૂપ લઈ દેવત્વ પ્રાપ્ત કરી લોકના સામૂહિક માનસમાં સ્થિર થાય છે. જેથી નિયત થયેલાં પાઠમાં ઘટાડો–વધારો કે નવસર્જન કરી શકાતું નથી અને કરવામાં આવે તો સમાજ તેને સ્વીકારતો નથી. લોકાખ્યાનો લોકમહાકાવ્યોની જેમ શબ્દોમાં ફરક પડે કે ટેકપદો કે ધ્રુવપંકિતઓ બદલાય તો ચલાવી લેવાય છે. પણ પ્રસંગ–ઘટનામાં ફરક પડે તો એકઠો થયેલો સમાજ સ્વીકારતો નથી. આથી ધાર્મિક ગીતોના પાઠાંતરો મહદ્ અંશે મળતાં નથી. નવસર્જનને અવકાશ ન હોવાથી ધાર્મિક ગીતો, લોકાખ્યાનો કે લોકમહાકાવ્યોનો વર્તમાનમાં નવો સર્જન થઈ શકતો નથી. ધાર્મિક સાહિત્યનો વાહક–ગાયક કથક મળે છે. વાહક આવું સાહિત્ય મૌખિક પરંપરાના વાહક–જાણકાર પાસેથી અનુકરણ દ્વારા બાલ્યાવસ્થા–કિશોરાવસ્થાથી જ મૌખિકરૂપે પ્રાપ્ત કરવા માંડે છે અને મોટી વયે આ પૂર્વકાલીન મૌખિક પરંપરા સામાજિક–ધાર્મિક સંદર્ભ સાથે ચિતમાં લઈને જીવે છે. પર્વ–પ્રસંગનું વાતાવરણ અને સહાયક રાળિયાની મદદથી તેના ચિતમાં રહેલી કૃતિ મૌખિક કલાત્મક રૂપ ધરે છે.

લોકાખ્યાનો–લોકમહાકાવ્યોનું મૌખિક કલેવર અત્યંત દીર્ઘ અને લોકવાદ્યો સંલગ્ન હોય છે. આથી દીર્ઘ કૃતિઓનાં કથાનક ચિત–સ્મૃતિના અંકિત કરી શકે અને વાદ્ય સંગીતમાં કૌશલ્ય પ્રાપ્ત કરી શકે એવી વ્યકિત જ લોકખ્યાનો–લોકમહાકાવ્યોનો વાહક–ગાયક થઈ શકે છે. આથી લોકાખ્યાન–લોકમહાકાવ્યોના વાહક–ગાયકની સંખ્યા સમાજમાં મર્યાદિત હોય છે. વળી કોબરિયા ઠાકોરની કોળીનાં ગીતોના અપવાદ સિવાય આવાં ગીતો સંલગ્ન કોઈ વાદ્ય હોતું નથી. વાદ્યની સંગત વિનાનું લઘુરૂપ ઉત્સવ–પ્રસંગોના ઉલ્લાસભર્યા વાતાવરણમાં નૃત્ય સાથે સહજ સ્મૃતિએ ચડી જતું હોવાથી આવાં ગીતોના ગાયક–વાહકોની સંખ્યા સમાજમાં ઘણી વધારે હોય છે.

ધાર્મિક પર્વ–પ્રસંગો અને મેલાં–ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો સંલગ્ન ધાર્મિક સાહિત્ય કયારે રચાયું હશે. કોણે રચ્યું હશે ? કોણ વ્યકિતએ રચ્યું હશે કે સમૂહે સાથે મળીને રચ્યું હશે ? શાના આધારે રચ્યું હશે ? તેની સર્જન પ્રક્રિયા કેવી હશે ? અંતમિ રૂપ કેવી રીતે સિદ્ધ થયું હશે ? ઈત્યાદી બાબતોના ઉત્તર આ પહેલાં દર્શાવી છે તે તેમની પૂર્વકાલીન શિકારી જીવનરીતિ, ઉપરાંત ઋતુચક્ર પ્રમાણે આવતા સામાજિક–ધાર્મિક ઉત્સવો અનુષ્ઠાનોમાં સહભાગી કરેલા નિરીક્ષણો તથા આવા ધાર્મિક સાહિત્યના પૂછેલા દરેક સવાલોના જવાબો પણ મળી આવે છે. વાહક–ગાયક સૂચક વિધાનો આટલી બાબત સ્પષ્ટ થાય છે.

પૂર્વકાળથી–લોકજીવનના, ઉષ–કાળથી જ ગીતો–પુરા કથાઓ–લોકાખ્યાનો– લોક–મહાકાવ્યો જેવું ધાર્મિક સાહિત્ય રચાયું છે. સમાજમાં બનેલી કોઈ વિશેષ ઘટનાને ચિરંજીવી બનાવવા કોઈ એક કે એકના માર્ગદર્શનમાં સાથે મળીને નાટ્ય–નૃત્યરૂપ આપ્યું. આ દૃશ્યરૂપ જોઈને આશ્ચર્ય પામેલી કોઈ એક સર્જક પ્રતિભાએ તેનું ગેય કથારૂપ આપ્યું. આ કથા આગળ ચાલે માટે બીમારી દૂર કરવાના ધાર્મિક અનુષ્ઠાન સંલગ્ન થઈ ગેય મંત્રનું રૂપ પામી. આગળ જતાં આરંભની આ ઘટના, પુરાકથા–નાટ્ય–નૃત્ય–મંત્રનું રૂપ પામી, મૌખિક પરંપરા બની, પર્વ–પ્રસંગ સંલગ્ન થઈ સમાજમાં પ્રસરી, આથી આજે પણ ભીલ સમાજમાં દેવીઓએ પોતાના અદ્‌ભૂત કાર્યો ચિરંજીવી બને એટલા માટે આપેલા નાટ્ય–નૃત્યરૂપની પુરાકથાને નોરતા રૂપે રમે છે. દેવી–દેવતાનાં મહિમાભર્યા કાર્યોની આ થાપળા પરના અંગારા પર શ્રીફળ અને લોટની હોમ કરી ભોપા (ભૈવા) દ્વારા પ્રયોજાવા લાગ્યા અને વિધિવિધાનની અનેક

ક્રિયાઓ જોડાવા લાગી. વર્તમાનમાં પણ ભીલસમાજનું મૌખિક ધાર્મિક સાહિત્ય વૈદિક જ્ઞાનની જેમ અનુષ્ઠાન સંલગ્ન હોય છે અને યોગ્ય સ્વર ભાર સાથે લયમાં જ ગવાય કે બોલાય છે. ભૂત પ્રેત કાઢવાની રેડી સામગાનને મળતી આવી છે. સાંપ્રતમાં થતાં મેલા–ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનોમાં પૂર્વકાલીન યજ્ઞ સંસ્કૃતિનાં વિવિધ વિધિ–વિધાનોનાં મૂળ જોવા મળે છે.

સાંપ્રતમાં ભીલ સમાજમાં કોબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, દેવરાના ઠાકોરના રાતીજગાનું અનુષ્ઠાન પાટ (મહામાર્ગી પાટ) અનુષ્ઠાન, દેવરાના ઠાકોરના અનુષ્ઠાન જેવા ધાર્મિક અનુષ્ઠાનો સમયે નાજા અંગારા થાપળાની વેદી પર મૂકીને લોક ચોખા કે ચૂરમાનો હોમ કરવાની પંરપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પત્તિ કથાના મંત્રો ગાવામાં કે ગેય કે લયમાં કથવામાં આવે છે. આ કથામાં પિપ્પલાદ ઋષિ (પીપળરૂખી), ધૌન્યઋષિ (ધૂમ રૂપી) ગૌતમ ઋષિ (ગૌતમ રૂખી) જળ ઋષિ વગેરે ઋષિના ઉલ્લેખો આવે છે. આ વિધિ–વિધાનોનું પગેરું છેક તામ્રશ્યકાળની સંસ્કૃતિ, આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જ્યાં સંભવ છે. ગોરના ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી ‘લિંગપૂજા’ દેવરાની મૂર્તિઓ સ્થાપતી વેળાએ કરવામાં આવતી ‘સૂર્યપૂજા’ અને મોટી ન્યાતની સમાપ્તિ સમયે કરવામાં આવતી ‘વૃક્ષપુજા’ ના મૂળ તામ્રશ્યકાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે. આ પૂર્વકાલીન સમય ચાણકય ઋષિ સંસ્કૃતિનો હતો. આથી ભીલોની સૃષ્ટિની ઉત્પત્તિની મંત્રકથામાં ઉલ્લેખિત ઋષિમાંથી કેટલાંક આર્યોની આજુબાજુ વસતી નિષાદ–પુલિદ–કિશન આદિ જાતિના હોવાની સંભાવના નકારી નહીં શકાય. તત્કાલીન વેદ સાહિત્ય અને તેમાંયે અથર્વવેદની રચનામાં આવા આર્યેતર ઋષિ સહભાગી થયા હોવાની પણ સંભાવના છે.

દેવોને વશ કરીને ઈચ્છિત સંમોહન, વશીકરણ, ઉચ્ચાયનનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાયન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિ–મોતી, તાવીજો અને વિવિધ ક્રિયા–વિધિઓના પ્રયોગો બતાવ્યા છે. જે અત્યારે આદિવાસીઓની જીવાતી જીવન રીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો એમના પુરોહિતો કરતા, જ્યારે અત્યારે આદિવાસી ઓના ભૂવા કે ભોપા આ ધાર્મિક વિધિઓ કરે છે.

ભારતમાં વૈદિક ધર્મ બની ગયો. વેદોએ ધર્મનું શિષ્ટ રૂપ પ્રસ્તુત કર્યું વેદ એક વર્ગમાં બંધાઈ ગયા. લૌકિક મંત્રો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી અને તે એવા માનવસમુદાયના હાથમાં રહ્યા જે સાધારણ રીતે કહેવાના શિષ્ટ વર્ગથી દૂર અને અલગ રહ્યા. આ લૌકિક મંત્રોની

થાપણ જેમણે સંભાળી તેઓ ભોયા અથવા ભૂવા કહેવાયા. જાદૂઈ વિધિ અને ધાર્મિક અનુષ્ઠાન કરાવનારા તથા ગૂઢ શકિતઓની અસરો મંત્રો દ્વારા દૂર કરનારા આવા ભોયા પોતાની આજુબાજુ નોંધપાત્ર એવા માનવસમૂહ સાથે ગાઢ રીતે સંકળાયેલા હોય છે. ડુંગરી ભીલ આદિવાસીઓના પ્રત્યેક ગામમાંથી એક થી વધુ ભોયા મળે છે. તેઓ ભૂતો, વીરો કે 'વેહો' ના પ્રભાવને મંત્રો દ્વારા ચમત્કારિક રીતે દૂર કરે છે. કેટલીક વાર મૂઠ–ચોર જેવા કાળા જાદુનો ઉપયોગ કરી સામેની વ્યકિતના જીવનને જોખમમાં મૂકે છે. આમ જાદુની ભૂમિકા ભજવનાર વ્યકિતનો સંબંધ ગૂઢ આત્માઓ કે શકિતઓ સાથે બંધાય છે કે કેમ એ બીજો પ્રશ્ન છે. પરંતુ એક વિશાળ માનવ સમુદાય સાથે અવશ્ય બંધાય છે. આવા માનવ સમૂહના માનવ સમૂહના માનસ પર ભોયાઓનો પ્રભાવ ઘનિષ્ઠ રીતે વ્યાપેલો હોય છે.

## સામાજિક ગીતો :

## ગોઠિયાનાં ગીતો :

આ પહેલાં ભીલોના ગીતોને બે ભોટા વિભાગો, ધાર્મિક ગીતો અને સામાજિક ગીતોમાં વહેંચી ધાર્મિક ગીતોને તેમના ધાર્મિક સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કર્યો. અહીં, આપણે અભિગમ સામાજિક ગીતોમાંથી 'ગોઠિયાના ગીતો' ને તેમના સામાજિક સંદર્ભમાં સમજવાનો છે.

ભીલ લોકજીવનમાં ગોઠિયાનાં ગીતો વ્યાપક રીતે પ્રસરેલા છે અને તેમની સંખ્યા પણ વધુ છે. જીવનચક્ર પ્રમાણે કિશોરાવસ્થાથી આરંભાતાંઆ ગીતો યુવા, પ્રૌઢા અને વૃદ્ધાવસ્થા સુધીનાં સ્ત્રી–પુરુષોના સંઘ ચિન પર ઘનિષ્ઠ પ્રભાવ પાડે છે.

## ગોઠિયાનાં ગીતોનો સામાજિક સંદર્ભ :

ગોઠિયાનાં ગીતો એ ભીલ સમાજે વિષયની દૃષ્ટિએ આપેલું નામાભિધાન છે. 'ગોઠિયો' એટલે પ્રેમી અને 'ગોઠણ' એટલે 'પ્રેમિકા' ભીલ સમાજમાં કિશોરાવસ્થામાં ગોઠિયો ગોઠણ કરવાની જીવન પ્રણાલી છે. કિશોરને ગોઠણ હોય છે અને કિશોરીને ગોઠિયો હોય છે. સમાજે સ્વીકારેલી આ જીવનરીતિ હોવાથી પ્રકૃતિના મુકત પ્રાંગણમાં ગોઠિયો–ગોઠણ એક બીજા તરફ સાહજિક રીતે આકર્ષાય છે. આ આકર્ષક શારીરિક–માનસિક પ્રેમમાં પરિણમે છે. આ જાતીય મુકતતાનાં મૂળ માનવ સમાજની આરંભની માતૃસત્તાક જીવનરીતિમાં જોઈ શકાય છે.

માતૃસત્તાક જીવનરિતિમાં સ્ત્રી જાતીય સંબંધોમાં સ્વતંત્રતા ભોગવતી ભીલ સમાજ પણ આવા માનસિક–શારિરીક પ્રેમને ઘૃણ્ય ગણનો નથી. તેનું મહત્વનું કારણ પૂરા સમાજનું લોકમાનસ માતૃસત્તાક જીવનરીતિના દર્શનમાંથી રચાયેલું–રસાયેલું છે. એકાન્તમાં કિશોર–કિશોરીને જાતીય સંબંધ બાંધતા કોઈ વડીલજન જાઈ જાય તો હૃદયની અત્યન્ત ઉદારતાથી કહે છે. 'બોદુ હે, હીખે હે, ખાખરીયું કરે હે !' (કાચી ઉંમરના છે, શીખે છે, ખાખરાની છાયામાં આનંદ કરે છે.) આ લોકવિવેક પૂરા સમાજનો છે.

લગ્ન પહેલાંના જાતીય સંબંધો વિશે મોટેરાંના ઉદાર માનસને પ્રગટ કરતી એક કહેવત પણ પ્રચલિત છે, "તૌલરી માહી ખીસરી ઝે ખાય એણાની, થાળીમાં આવે પેસ એક તણીની." (હાંલ્લીમાંની ખીચડી જે ખાય તેની, થાળીમાં આવ્યા પછી એક ધણીની.") કુંવારી કન્યા સાથે કોઈ પણ યુવક પ્રેમસંબંધ રાખી શકે પણ લગ્ન કર્યા પછી એક જ ધણી–પતિની ગણાય.

લગ્ન પૂર્વના આ જાતીય સંબંધો નિભવાની ઉદારતા અને સમાગમના પ્રત્યક્ષ દર્શન સમયે મોટેરાંનો આંખ આડા કાન કરી દાખવવામાં આવતો વિવેક પૂર્વકાલીન માતૃસત્તાક જીવનરીતિના દર્શનમાંથી આવ્યો છે અને આ દર્શનમાંથી કિશોરાવસ્થામાં ગોઠિયા–ગોઠણ કરવાની પ્રથા આવિર્ભાવ પામી છે. આથી લોકમાનસ આવા સંબંધો કોઈ પણ પ્રકારના સામાજિક છોછ પિતા સહજતાથી વ્યવહાર ઉદાર લોકતત્વ તરીકે પ્રગટે છે. આથી તો ભીલ કન્યા ગોઠિયા સાથે પ્રકૃતિના સાનિધ્યમાં ભોગવેલા શારીરિક પ્રેમના આનંદની અનુભૂતિની પોતાની સમક્ષ, ક્રીડાના ભાવ વિના સહજ રીતે ગીત રૂપે ગાય છે.

ગોઠિયો કેંરને કેંરી ગેઈ આયા,
કેંશી ગેઈ આયા,
કેમંદી પાખેળ ફીરી ગેઈ આયા ,
ગોઠિયો કેંરતે કેંરી ગેઈ આયા,
કેંરી ગેઈ આયા,
દેંડકું ઓફેં એમં ઓફી–ગેઈ આયા,

પરંતુ, જેની સાથે પ્રેમ થાય છે તેની સાથે લગ્ન લઈ શકતાં નથી. સમાજ બહિર્ગોત્ર પ્રથાને વરેલો હોઈ, લગ્ન બીજા ગામ અને અન્ય ગોત્રમાં કરવાં પડે છે. આથી લગ્ન સમયે

ગોઠિયો કે ગોઠણ કાયમ માટે છોડી દેવાં પડે છે. લગ્ન એ એમના માટે વિયોગના દુઃખનું કારણ બને છે. પરિણામે પૂર્વરાગ પ્રણયમિલન સમાગમના આરંભના સુખાત્મક ભાવો અને લગ્ન સમય અને લગ્ન પછીના વિયોગના દુઃખાત્મક ભાવો ગોઠિયાનાં ગીતોનો આલંબન આધાર બને છે. આ દુઃખાત્મક– સુખાત્મક ભાવોની અનુભૂતિઓ અભિવ્યકિત પામી અસંખ્ય ગીત નૃત્યોમાં પરિણમે છે.

સંસારીક શારીરિક સંબંધના આનંદને તરૂણી અકે ગીતમાં આ રીતે ગાય છે.

નોંનકી ઓતી રોવરાવનો' લા ગોઠા
અવ રોવરાવેં મઝા સાવે' લા ગોઠા.

લગ્ન ભીલકન્યા અને તરુણ માટે દુઃખદાયક પ્રસંગ છે. કન્યાનાં લગ્ન લેવાયા છે, ગોઠણને પીઠી અને પાનેતર બંને રડાવે છે. કારણકે ગોઠિયાની સ્નેહલ–સ્વપ્નિલ હૂંફમાંથી અલગ થવાનો સમય આવી પહોંચે છે.

"અળદી પીઠી વેણાં કુઆરાં' લા ગોઠા
કુંઆરાં લા ગોઠા
અળદી પીઠી રોવરાવે હે' લા ગોઠા .
પાકા પળિયા વેંણાં કુંઆરા' લા ગોઠા,
કુંઆરા' લા ગોઠા,
પાકું પીળિયું રોવરાવે હે'લા ગોઠા."

લગ્ન પછી કન્યાના પૂર્વના પ્રેમી સાથેના જાતીય સંબંધો ગંભીર લેખાય છે. પરણ્યા પછી પોતાના પૂર્વના પ્રેમી સાથે જાતીય સંબધ ધરાવનાર ગોઠિયાની હત્યા કરે છે. (અથવા તેની પાસેથી દાવાની મોટી રકમ વસુલ કરે છે.) આમ થરપ્રેમના પ્રસંગમાં પુરુષની હત્યા કરવાની પુરાણી પ્રણાલી આજની જીવાતી જીવન રીત સાથે આવિનાભાવે જોડાયેલી છે. આથી પતિ, પત્ની સાથે જાર–પ્રેમ કરનાર પુરુષની હત્યા કરે તો પણ તેનો પશ્ચાતાપ થતો નથી કે પ્રથા હોવાથી સમાજ પણ આવી વ્યકિતનો તિરસ્કાર કરી બહિષ્કૃત કરતો નથી. આવા પ્રસંગે વ્યકિત અને સમાજ બંને માને છે કે ગુનેગારને યોગ્ય શિક્ષા થવી જ જોઈએ અને તે હત્યાને લાયક જ હતો. આમ સમાજમાં પર સ્ત્રી સાથે જાતીય સંબંધો એટલે સંબંધિત પુરુષની હત્યા.

આ હત્યા એ સમાજની પરંપરામાં જીવનમૂલ્ય બન્યું છે. આવા એક જારૂ પ્રેમની હત્યાનું ગીત આ મુજબનું છે.

ધાઈ ધાઈ મિલણાં મિલો હો ’ લા કિરિયા,
મિલો હો’ લા કિરિયા,
તલવારે ઝટકાવો હો’ લા કિરિયા’

પ્રજાના તત્કાલિક આવેશમાં–આનંદવિભોર થઈને જેને વ્યકિતનું નામ ને મળીને પછી, તલવારે ઝટકાવે ! માર્યા પછી તેમને કોઈ પાપ થતું નથી.

લે કેલા કિરિયા, ખાક’ લા કિરિયા.
બે પાની લાફી મળી હેં’લા કિરિયા.

કિરિયા, તું બે બાજુ, પત્ની અને પ્રેમિકા–બંનેને પ્રેમ કરતો હતો ને ? લે, બાજુની લાપસી ખાતો જા.

ભાવ રસની દૃષ્ટિએ ગોઠિયાનાં ગીતોને ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

(૧) પૂર્વરાગનાં ગીતો
(૨) મિલન–સમાગમનાં ગીતો
(૩) વિરહનાં ગીતો
(૪) ભરપ્રેમથી થતી હત્યાંના ગીતો

લગ્ન પહેલાંના સમાજ સ્વીકૃત પ્રેમના ગીતો ગ્રામ કે નગરના લોકસાહિત્યમાં મળતાં નથી. તેનું મહત્વનું કારણ અન્ય બે સંસ્કૃતિથી આદિવાસી સંસ્કૃતિ જીવનરીતિ–જીવનમૂલ્યો–જીવન– દર્શનથી જૂદા પડે છે.

જીવનની શરૂઆતમાં જન્મેલો પ્રથમ પ્રેમ ગોઠિયા–ગોઠણમાં જ ધનીભૂત થયેલો હોવાથી પ્રોઢાવસ્થા પાર કર્યા છતાં સ્ત્રી–પુરુષો પ્રથમ પ્રેમને ભૂલી શકતાં નથી. આથી આદિવાસી ધારા અન્ય બે ધારા ગ્રામ અને નગરથી સામાજિક દૃષ્ટિએ ઘણી–બધી બાબતોમાં અલગ પડે છે.

## *ગોઠિયાનાં ગીતોનો રચયિતા :*

ગોઠિયાનાં ગીતોનો રચયિતા કોણ ? કોઈ એક વ્યકિતએ રચ્યાં કે સમૂહે સાથે મળીને

રચ્યા ? લિંગભેદની દૃષ્ટિએ સ્ત્રીએ રચ્યાં કે પુરુષે રચ્યા ? વયની રીતે કિશોર, તરુણ કે પ્રૌઢે રચ્યા ? વગેરે વિશે સરળતાથી વિચારી શકાય છે. ભીલોના ધાર્મિક ગીતો પૂર્વકાલીન હોવાથી તેમના રચનારનું પગેરું મળતું નથી. આવાં ગીતોનાં રચનારની શોધ માટે આપણે ધારણા ઉપર આધાર રાખવો પડે છે. જ્યારે ગોઠિયાનાં ગીતો પૂર્વરાગ, પ્રેમ, ભરપ્રેમ અને યુગબોધ ઝીલનાં સાંપ્રતમાં બનની ઘટના– પ્રસંગોમાંથી રચાતાં હોવાથી તેના રચયિતાનું પગેરું સરળતાથી મળે છે.

ગોઠિયા વિષયક પ્રણય ગીતો જીવનચક્રની રીતે આરંભે કિશોરા–તરુણાવસ્થા સાથે સંબંધ ધરાવે છે. આથી ગોઠિયાના ગીતોનો આલંબન આધાર કિશોર–કિશોરીઓના ચિત–હૃદય હોય છે. લગ્ન પહેલાં પ્રેમ કરવો એ સામાજિક અધિકાર બને છે. આથી પ્રેમના માનસિક–શારીરિક ભાવોને કોઈ પણ પ્રકારના કુટુંબ–સમાજના કૃત્રિમ પ્રભાવ કે દબાણ વિના સહજતાથી વ્યકત કરી શકે છે. પ્રેમનો તલસાટ કિશોરીઓ–તરૂણીઓ જ વધુ તીવ્રતાથી અનુભવે છે. આવા અમૂર્તભાવો સ્ત્રીઓ સહજતાથી અભિવ્યકત કરી શકે છે માટે ગોઠિયાનાં પૂર્વરાગ–મિલન–વિરહનાં વધુને વધુ ગીતોની રચયિતા કિશોરીઓ–તરૂણીઓ હોય છે.

ભીલ–સમાજ ગીત રચનાની પ્રકિયાને 'ગીત ગઠવું' (ગીત ગૂંથવું) કહે છે અને ગીત રચનારને 'હાકરિયાં ગીતોની ગઠનારી બાઈ' કે હાકરિયાં ગીતોનો ગઠનારો પાઈ' (ભાઈ) કહે છે. આનો અર્થ એ કે પ્રેમના ભાવો અનુભવની બધી જ કિશોરી–યુવતીઓ ગોઠિયાના ગીતો રચી શકતી નથી. પરંતુ જેનામાં સર્જન પ્રતિભા હોય એવી સ્ત્રી જ ગોઠિયાનાં ગીતોનું સર્જન કરે છે. કેટલાંક સંજોગોમાં સર્જક પ્રતિભાવાળો કિશોર–યુવક પણ આવાં ગીતો રચે છે. આ બાબત 'હાકરિયાં ગીતો બો ગઠનારો પાઈ' વિધાનથી ફલિત થાય છે. પ્રેમના ભાવોની તીવ્ર અનુભૂતિ તો સ્ત્રીની જ હોય છે. આમ છતાં પ્રેમમાં બંને સહભાગી હોય છે. પ્રેમની અનુભૂતિઓ ગોઠણ–ગોઠયાની સહિયારી હોય છે. આથી કિશોર કિશોરી સાથે મળીને કેટલીક વાર ગીતાની રચના કરે છે.

આ ગીતોનાં ઉદ્ભવ સ્થાન પ્રકૃતિનો વિશાળ પટપ્રદેશ હોય છે. ચિતહૃદયમાં ઉગતાં પ્રેમના ભાવોને ઋતુચક્ર પ્રમાણે પ્રગટતો પ્રકૃતિનો વૈભવ ગીતોને જન્મવા વિકાસનું કાર્ય કરે છે.

સરોવરમાં જળ જોઈને પ્રેમીઓને નહાવાની ઝંખના જોગે, ફુલો જોઈને વૃક્ષોની છાયામાં બેસવાનું મન થાય .

રોઈરાની (રોહીડાના વક્ષ) હોળી સાયા' લા ગોઠા.

આવા ગોઠા (ગોઠિયા–પ્રેમી) બેઠાં બેઠાં મેંઝા કેરિયે લા.

પરાગ લેતા ભમરાને જોઈને સંવનન કરવાની ઈચ્છા જાગે અને ગીતની રચના થઈ જાય.

રોઈરો ફૂલેંણો' લા ગોઠા. બેઠા–હૂતાં મેંઝા કેરિયે લાગોઠા.

કેટલાંક પ્રસંગોમાં પોતાના ગોઠિયાને બીજી ગોઠણ આકર્ષી જાય ત્યારે ઈર્ષાવશ તેને સંભળાવવા ગીતની રચના કરે,

ભમરાં પેગાંની (પગની) આઝ હો તેને આલો.

કેણોં હોરો રાખજે આઝહો તેંન આલો.

આવાં ગીતો ઢોર ચારતી વેળાએ પ્રકૃતિમાં વિહાર કરતાં પ્રેમીઓએ ભોગવેલા માનસિક– શારીરિક પ્રેમની અનુભૂતિઓમાંથી આવિર્ભાવ પામ્યા હોય છે.

ઘણાં બધાં પ્રસંગોમાં ગોઠિયો–ગોઠણ ભોગવેલી પ્રેમની અનુભૂતિઓને ગીતના લય–ઢાળમાં ઢાળી અભિવ્યકિત કરવા સમર્થ હોતા નથી. પરંતુ તેઓ એવું ઈચ્છે છે આ પ્રસંગે 'લોક' પણ જાણે અને પર્વ–પ્રસંગોમાં ગાય, માણે. આથી ગીત 'ગઠવા' (રચવા) માં માહેર સ્ત્રી કે પુરુષ પાસે જઈને પોતાનો પ્રેમ પ્રસંગ કહે છે અને આ પ્રસંગમાંથી રચયિતા ગીતની રચના કરે છે. રચનાર વ્યકિતના નામ, માતા–પિતાનાં નામ, અટક, ગામ જે સ્થળે આ પ્રસંગ બન્યો હોય તો પુરસ્કારરૂપે ધોતિયું કે સાફો અને સ્ત્રી હોય તો સાડલો ઓઢાડે છે. ઉત્તર ગુજરાતનાં ખેડબ્રહ્મા તાલુકાના માલવાસ ગામના પનાભાઈ ગમાર પાસે ભટાભાઈ મગાભાઈ ગમાર (માલવાસ ગામ) ની સાક્ષીમાં આવું ગોઠિયાનુ ગીત રચાવ્યું હતું.

માયા લાગી રે દોલા (પિતા) વાળા પતિયા....(૨)

માયા લાગી રે મકના (પિતા) વાળી હોમળી ....(૨)

ગોતલે વૃક્ષ સરો રે, દોલાવાળો પતિયો.....(૨)

બપોરાંની આવે રે, મકનાવાળી હોમળી.....(૨)

કિશોરીઓ પછી વયના બીજાના તબક્કામાં ગોઠિયાનાં ગીતોની રચયિતા યુવતિઓ હોય છે. કન્યાની સગાઈ કરવા વર પક્ષના મહેમાનો આવ્યા છે. સગાઈ થઈ ગઈ છે. લગ્નના

દિવસો નજીક આવી પહોંચ્યા છે, ગોઠિયાને છોડવાનો સમય નજીક આવી પહોંચ્યો છે. ઈત્યાદિ લગ્ન પૂર્વેના સામાજિક પ્રસંગોથી યુવતીનું ચિત નજીકમાં આવનાર વિયોગના ભાવોથી ઉભરાય છે અને તેમાંથી સાહજિક રીતે વિરહનાં ગીતો હૃદયમાંથી દુ:ખ સાથે અભિવ્યકિત થવા પામે છે અને તેને છોડવાનો સમય નજીક આવે છે.

લગ્નોત્સવ પંદર દિવસ ચાલે છે. કન્યા કે વર પીઠીએ બેસે છે. દૂર દૂર ખોબરામાં વસતાં કુંવારા યુવક–યુવતીઓ રાતના સમયે પીઠીનાં ગીતો ગાવા જાય છે ત્યારે જેમની સગાઈ થઈ ગઈ છે અને થોડા સમય પછી પીઠીએ બેસવાની છે એવી યુવતીઓ નજીકના ભવિષ્યમાં આવનાર વિયોગના ગીતો રચે છે અને પીઠી ચડેલા વર કે કન્યાના સાનિધ્યમાં આવાં નૃત્યગીતો ગાય છે.

સગાઈ થઈ ગઈ છે એવી કન્યા પ્રતીક્ષા કરતા પ્રેમીને એક ગીતમાં કહે તેનું ગીતા આ મુજબનું છે.

મારો તો ગોળ ખાતો' લા મારી વાટો હેંણ ઝોયે' લા !
મારો તો દારૂ પીતો' લા, મારી વાટો હેંણ ઝોયેં' લા!

લગ્નના દિવસો નજીક છે એન બંને પ્રેમી છેલ્લી વાર એકબીજાને મળવા આતુર છે. યુવતી આ ભાવોને વાણીમાં ઢાળે છે.

સેલાં સેલાં પોઝન રે ! આયે ગોઠા ભેળાં ઝમિયે લા !
સેલા સેલો દારૂરો રે ! આયે ગોઠા ભેળાં પિયેં' લા !
મારી તો જો નો આવે રે ! આયે ગોઠા ભેળાં આયે' લા !
સેલા સેલો દેનસો રે ! આગે ગોઠા ભેળાં બેહિયે લા !

સમાજનાં નીતિ નિયમો મુજબ લગ્ન સમયે ગોઠિયાને છોડી દેવો પડે છે. પરંતુ તેના વિરહમાં પ્રેમી દુ:ખી ન થાય માટે બીજી યુવતીને સોંપવાની સામાજિક વિધિ કરતાં કહે છે.

નાળેર (શ્રીફળ) ન પૂરહેઈ (સુખડી) લેતી આવે હુકણી!
લેની આવે હુંકણી!
ઝોર હાટે (બળાત્કારે) ગોઠિયો ને આલું હુકણી!

ગોઠિયો હદયથી છૂટતો નથી. આ વેદનાને યુવતી આ ગીતબદ્ધ કરે છે.

મોટો કાકો વોરાવે રે, કાળા મારા આડો ફિરે' લા !

વાલો દોસ સોરાવે રે, ઝેંણા ઝેંણા રૂગાં રાળું લા !

મારી તો જો નો આવે' લા, ઝેંણા ઝેંણા રૂગાં શળું લા !

વિયોગની આજ માનસિક વેદના ગોઠિયાની છે. ગોઠિયાની વિયોગ વેદનાનાં ગીત પણ યુવતી જ રચે છે.

લાડમ ગોઠિયા રે, લીલે ઝાળે હેંણ રીએ' લા !

વાલમ ગોઠિયા રે, જાળે ઝાળે ઝાળે ફેંણ રોએ' લા !

ગોઠિયાના ગીતોમાં પરિવર્તન યામના સમાજમાં નવી જન્મતી સમસ્યાઓ પણ ઝિલાય છે. આજના ભણતરે પણ ગોઠણનાં હૃદયમાં વિરહ જન્માવ્યો છે .

ગોઠિયો આસરણ (આશ્રમમાં ભણવા) માં ઝાયે ને આયા,

ભરે ભરે (બેડે) રોઉને આયા !

સોંપરા ફેંકી દેઝે' લા પેંણિયા (ભણેશરી) પાસો આવે' લા !

પેંણવું (ભણવું) રેવા દેંઝે'લા પેણિયા પાસો આવે' લા !

ખેર (ખેડબ્રહ્મા) વાળી બસ ઝોલા ખાયેલા પેંણિયયા પાસો આવે લા !

દોસ્તીનાં કોમ એંવળા' લા પેંણિયા પાસો આવે' લા !

દૈહિક સંબંધ સ્થાપવાની સમાજે છૂટ આપી હોવાથી કેટલાક પ્રસંગોમાં ગોઠણ ગોઠિયા દ્વારા ગર્ભવતી થાય છે (આવા સંજાગોમાં અન્ય વ્યકિત સાથે તેનાં લગ્ન તો થાય છે, પરંતુ પિતાને કન્યાશુલ્ક ઓછું મળે છે) ગર્ભવતી કન્યા દોહદના ભાવો ગોઠિયા સન્મુખ સીધે સીધા વ્યકત કરી શકતી નતી. આવી માનસિક સ્થિતિમાં ભાવોની અભિવ્યકિત ગીત રચીને કરે છે.

ભાદરવી કી (ઘી) ભેળું કરે ગોઠા, ભેળુ કરે ગોઠા,

નળિયા નાકનો બકો ઝણું ગોઠા !

માળવીઓ ગોળ લેતો આવે ગોઠા, લેતો આવે ગોઠા,

નળિયા નાકનો બકો ઝણું ગોઠા !

હૂંઠને અઝમો લે તો આવે ગોઠા, લે તો આવે ગોઠા,

નળિયા નાકનો બકો ઝણું ગોઠા !

લગ્ન પછી તો કોઈ સામાજિક પ્રસંગે કે પ્રાદેશિક મેળામાં છાને છપને મળવાનો અવસર પ્રાપ્ત થાય. આવા પ્રસંગે પૂર્વના મિલનની અને લગ્ન પછીના વિયોગની સ્મૃતિઓ ચિતમાં ઉભરાય અને ગીતો દ્વારા અભિવ્યકિત પામે. વિયોગનો તીવ્ર તલસાટ વિવાહિતા સ્ત્રીઓ વધુ અનુભવે છે. કારણ કે તેમને પરાયા ગામ અને પરાયા પરિવારમાં જવું પડે છે માટે આવાં ગીતો વિવાહિતાં સ્ત્રીઓ રચે છે અને પૂરા પ્રદેશમાં પ્રસરે છે.

વેળીમાં ખાડા ગોડી રમતાં રે કાળા, એ દનરા સેને યાદી આવે રે કાળા !
તેવું(રેતી) માં લોટી (અરોટી) લોટી રમતાં રે કાળા !
મગરાં–માળાં ઝોતાં મેંરિયે રે કાળા !
લગ્ન પછી તો આખરે
આડા મગરા (ડુંગરા) પેંરિયાં' લા કેમ કેંરી ભેળાં ઓય' લા !
આડી ગઈઓ (નદીઓ) પેંરીલા, કેમ કેંરી ભેળાં ઓય લા !

સમાજના નિતિનિયમો મુજબ લગ્ન કર્યા પછી ગોઠિયો કે ગોઠણને છોડી દેવાં પડે છે. પરંતુ જીવનના આરંભે કરેલા આ સહજ–સાચા પ્રેમને કેટલાંક સ્ત્રી–પુરુષો ભૂલી શકતાં નથી. આથી લગ્ન પછી તેમનો ભર–પ્રેમ શરૂ થાય છે. આવા ભર પ્રેમને સમાજે માન્યતા આપી નથી. આવા સંજોગોમાં આ પહેલાં નોંધ્યું એ પ્રમાણે પતિ–પત્નીના ગોઠિયા (જાર–પ્રેમી) ની હત્યા કરે છે. સમાજના સ્વીકારેલા નીતિ–નિયમોના વિરૂદ્ધ કરેલા કાર્ય કર્યાનો અપરાધ ભાવ જાગતો નથી. ઉલટું વ્યકિત અને સમાજ આ ખૂનના પ્રસંગને પુણ્ય કાર્ય ગણે છે. આરંભના સમયમાં આ પ્રસંગની ગંભીરતા બની રહે છે. થોડાક માસ પછી આ હત્યાનો વીરોચિત પ્રસંગ હોય તે વ્યકિત સ્વયં રચે છે. સ્વયં જેનામાં હોય એવી આ પ્રસંગની સાક્ષી બીજી વ્યકિત રચે છે. રચયિતાનો મહત્વનો ઉદ્દેશ્ય વ્યકિતગત જીવનમાં બનેલી સાચી ઘટનાને મૂળ રૂપે જ સમાજ સામે લાવવાનો હોય છે કે જેથી 'લોક' નો સામૂહિક રસાનંદ જળવાય અને સમાજ ઘટેલી સાચી ઘટના–પ્રસંગથી અવગત થાય. અન્ય વિષયનાં પ્રસંગ ગીતો ગીતકથાઓ લોકજીવનમાં બનેલી સાચી ઘટના–પ્રસંગમાંથી જ રચાતાં હોવાથી રચનાર જે તે વ્યકિત અને તેના પિતાનું નામ, અટક, ગામ, જે સ્થળે આ પ્રસંગ બન્યો હોય તે ઠામનું નામ અને ઘટનાનું યથાતથ વર્ણન ગીતમાં ગૂંથે છે. પ્રસંગ વર્ણનમાં બિનજરૂરી વિસ્તાર કે કલ્પનાનો અભાવ હોય છે. આવા

ગીતોનો રચયિતા મોટાભાગે પ્રૌઢ પુરુષ હોય છે અને તે પૂરી તટસ્થતાથી ઘટેલી ઘટનાનું વર્ણન કરે છે. તટસ્થતા ન જાળવે તો સમાજ તેના ગીતનો વિરોધ કરે છે. અને ગીત સમાજમાં પ્રસરતું નથી.

ભીલ સમાજે આર્થિક આપત્તિ કે દુષ્કાળ સમયે ચોરી કરવી કે ધાડ પાડવી એ વીરોચિત કાર્ય ગણી જીવનમૂલ્ય તરીકે સ્વીકાર્યુ હોઈ ચોરોનાં વીરત્વ ભર્યા કાર્યો પણ ગીત કથારૂપે ધાર્મિક– સામાજિક પ્રસંગે સમાજ સામે આવે છે. આવાં કાર્યોમાં સ્ત્રીઓ સહભાગી થતી નથી. આથી આવી ગીતકથાનો સર્જક પુરુષ હોય છે.

આ ઉપરાંત ધરોઈના ઉદ્‌ઘાટન સમયે હેલીકોપ્ટરમાં બેસીને ઈંદિરાનું આગમન, મોતીલાલ તેજાવતનો દેશી રાજા સામે વેટપ્રથા દૂર કરવાનો જંગ, ભગવાનદાસ પટેલનો ડાકણ પ્રથા સામેનો જંગ, તેજાભાઈ દેસાઈ અને લલ્લુભાઈ દેસાઈએ કરેલાં વિકાસનાં કાર્યો, વીરચંદ પંચાલે કરેલાં શિક્ષણનાં કાર્યો વગેરે યુગબોધ ઝીલના પ્રસંગો ગીતકથાનું રૂપ લઈને સમાજમાં ફેલાયા છે અને તેનો રચયિતા મુખ્તત્વે સહૃદય પુરુષ હોય છે.

ભીલ સમાજમાં પ્રચલિત ગીતો પર એક દૃષ્ટિ નાખતાં સમજાય છે કે જીવનના દરેક તબક્કા પર પ્રભાવ પાડતાં ગોઠિયાનાં ગીતોની સંખ્યા વિપુલ પ્રમાણમાં છે. બીજા સ્થાને લગ્નગીતો છે. ત્રીજા સ્થાને ધાર્મિક ગીતો છે. ચોથા સ્થાને વીરોચિત કાર્યો અને યુગબોધ ઝીલનાં પ્રસંગ ગીતો–કથાગીતો–ગીતકથાઓ છે. ગોઠિયાનાં ગીતોની રચયિતા મોટાભાગે સ્ત્રીઓ હોય છે જ્યારે વીરોચિત કાર્યો અને યુગબોધ ઝીલનાં પ્રસંગ ગીતોના રચયિતા પુરુષો હોય છે. આમ છતાં સામાજિક–ધાર્મિક પર્વ–પ્રસંગના વાતાવરણ વચ્ચે આ ગીતો રિવરિયો (કિકિયારીઓ) સાથે પુરુષ કંઠથી પ્રગટે છે અને સ્ત્રીઓ નૃત્યના થેકા સાથે ઝીલે છે. લગ્નપૂર્વે ગવાતાં જમણા (જમવા) નાં ગીતો, લગ્ન સમયે વહેલી સવારે વર કે કન્યાને જમાડવા માટે ગવાતાં 'કુકરિયા' ના કથાગીતો, પીઠીનાં ગીતો, ચોરીના ગીતો, કન્યા વિદાયના ગીતો ઈત્યાદિ પૂર્વકાલિન ગીતો હોય છે. તેનો રચયિતા અજ્ઞાત હોય છે. આ ગીતો સ્ત્રીઓ એકલી ગાય છે. પુરુષવર્ગ સહભાગી થતો નથી.

ગોઠિયાનાં ગીતો અને અન્ય ઘટના–પ્રસંગ ગીતો સમય જતાં ભૂલાતાં જાય છે અને બીજા વર્ષે લોકજીવનમાં નવા પ્રસંગો બને છે અને તેમાંથી નવાં ગીતો રચાઈને સમાજ સામે

આવે છે. આવા ગીતો જાહેર મેળામાં તાત્કાલિક પણ રચાતા હોય છે. કાળના પ્રવાહ પર સમાજમાં નિત્ય નવા પ્રસંગો બનતા રહે છે અને તેની સાથે સર્જન પ્રક્રિયા સતત ચાલતી રહે છે તથા ઋતુચક્ર પ્રમાણે આવતા ધાર્મિક–સામાજિક ઉત્સવ–પ્રસંગે ગીત–કથાગીત–ગીતકથા રૂપે સમાજ સામે આવતી રહે છે.

અહીં પશ્ચિમી વિદ્વાન રાલ્ફ વિલિયમનું લોકગીત અંગેનું વિધાન નોંધવા જેવું છે. ' લોકગીત' એ નવું પણ નથી અને જૂનું પણ નથી. તે તો જંગલી વૃક્ષ જેવું છે કે જેના મૂળિયાં ભૂતકાળ સાથે જોડાયેલાં હોવા છતાં આવતા રહે છે. ગોઠિયાનાં ગીતોનાં રચયિતા પ્રત્યેક ગામમાં પ્રત્યેક વયજૂથનાં સ્ત્રી–પુરુષો હોય છે અને ખ્યાત હોય છે. ગ્રામજનો આવા સર્જકોને જાણતાં હોય છે. ધાર્મિક– સામાજિક પર્વ–પ્રસંગોમાં તેમની ખ્યાતિ 'સૂડા' (પાંચ–સાત ગામનો સમૂહ) માં ફેલાય છે અને પ્રાદેશિક મેળામાં પૂરા પટા–પ્રદેશમાં પ્રસરે છે. આવા કેટલાક સર્જક સ્ત્રી–પુરુષોના નામ ગંગાબેન લાધાભાઈ ખેર (હિંગરિયા ગામ) સીરમી બેન ભોજાભાઈ ખેર (હિંગળિયા) દીવાબેન નરસાભાઈ બુબડિયા (પાંચમહુડા) હરમાબેન દેવાભાઈ ખાંટ (પંથાલ) ગુજરાભાઈ ધનાભાઈ પરમાર (માલવાસ) નવજીભાઈ દેવાભાઈ ખાંટ (પંથાલ) સાયબાભાઈ હોમીરાભાઈ પારઘી (ખરણિયાં) નાથાભાઈ ભૂરાભાઈ ગમાર (ખેડવા) વજાભાઈ કેહરાભાઈ ગમાર (નવામોટા) વસ્તાભાઈ નોથાભાઈ ગમાર (નવામોટા) છગનભાઈ લાધાભાઈ ગમાર (હિંગરિયા) વગેરે છે.

આથી લોકસાહિત્યનો સર્જક અજ્ઞાત હોય છે એ માન્યતા ભીલોનાં ગોઠિયાંના ગીતોને સાંપ્રત પ્રસંગોમાંથી રચાતા ગીતો માટે ખોટી ઠરે છે. આવાં ગીતોનો સર્જક જ્ઞાત અને ખ્યાત હોય છે આ પહેલાં નોંધ્યું છે. એ પ્રમાણે ધાર્મિક સાહિત્ય પૂર્વકાલીન હોવાથી તેનો કર્તા અજ્ઞાત હોય છે. આવું સાહિત્ય પૂર્વકાળમાં રચાઈને સ્થિર થયું હોવાથી તેના કર્તાને જાણી શકાતો નથી. જ્યારે સામાજિક સાહિત્ય લોકજીવનમાં રોજબરોજ બનતા હૃદયસ્પર્શી પ્રસંગોમાંથી રચાતું હોવાથી તેનો કર્તા ખ્યાત હોય છે. કેટલાક પ્રસંગોમાં કર્તા સ્વયં ગાયક પણ હોય છે. પરંતુ કર્તા ગાયક પણ હોય એવું બધા પ્રસંગોમાં બનતું નથી. સ્વતંત્ર એકલો સર્જક કે સ્વતંત્ર ગાયક–વાહક હોઈ શકે છે અને તે માનસમાં આવું સાહિત્ય વહન કરે છે. કંઠ સારો હોય તો સર્જક સ્વયં વાહક પણ હોય છે. પરંતુ કંઠ સારો ન હોય તો સર્જક પોતાની કૃતિ સારા

વાહક–ગાયકના કંઠમાં મૂકે છે અને તે પર્વ પ્રસંગોમાં પ્રસ્તુત કરી, સમાજમાં પ્રસરાવે છે.

આમ જોતા સ્પષ્ટ પણે કહી શકાય છે કે ધાર્મિક સાહિત્યના સર્જક વિષે જાણી શકાતું નથી. આવા સાહિત્યનો વાહક–ગાયક કથક હોય છે. તે પૂરી મૌખિક ધાર્મિક પરંપરા ગીતો–લોકાખ્યાનો લોકમહાકાવ્યો ચિતમાં લઈને જીવે છે અને સહાયક રાગિયા–ભાણિયા–હોકારિયા દ્વારા ઉત્સવ પ્રસંગના વાતાવરણ વચ્ચે અભિવ્યકિત કરે છે.

# સંદર્ભ સૂચી


૧. ગુ. આદિવાસી સંસ્કૃતિ : ભાવસિંહ રાઠવા, સંસ્કાર સિંચન,

પૃ. ૧૫,૧૭,૧૮,૨૨,૨૪

૨. ભીલી સાહિત્ય : એક અધ્યયન : સંપા. ડૉ. હસુ યાજ્ઞિક પૃ.૩,૬,૭

૩. ભીલી સમાજ અને સાહિત્ય : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૩,૫,૬,૭

૪. ગોપીચંદ ભરથરીની વારતા : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૧૪,૧૬,૨૨,૯,૧૧

એજન–૧૭,૨૪,૨૬,૩૨,૧૫

૫. વનસ્વર : સંપા. ડૉ. બળવંત જાની પૃ.૨૬,૨૭

૬. લોકગુર્જરી : સંપા. બળવંત જાની પૃ. ૬૫,૬૭,૮૧,૮૫,૮૬

૭. અરવલ્લી પહાડની આસ્થા : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૮૯

૮. ભીલી સાહિત્ય કૃતિ અને સંસ્કૃતિ પૃ.૧૨૮